gujaratvandan.com


નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

રવિવાર, 04 જૂન 2023

જેઠ વદ-01, વિક્રમ સંવત 2079 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 07 | અંક : 04 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12



જેનિફરે કરિયરની શરૂઆત બાળ શોથી કરી હતી....

પેજ 11

**સુવિચાર**

શબ્દો તો માત્ર વાક્યની શોભા છે. સમજવાવાળા તો કોરો કાગળ અને મૌન પણ સમજી જાય છે...!

## રેલ મંત્રી અકસ્માત સ્થળે, 1000 કરતા વધુ ઘાયલ, યુદ્ધના ધોરણે બચાવ કામગીરી

**બાલાસોર ભીષણ ટ્રેન દુર્ઘટના**

# 300ના મોત, સેનાની મદદ લેવી પડી

### મોદીએ ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજી-ત્રણ રાજ્યોમાં રાજકીય શોક, તામિલનાડુના સીએમ ઓડિશામાં-100 ટ્રેનો રદ્દ, ડાયવર્ટ

ગુજરાત | વંદન

ઓડિશાના બાલાસોરમાં ગઈ કાલે રાત્રે થયેલો રેલ અકસ્માત અત્યંત હચમચાવી નાખનારો છે. આ રેલ દુર્ઘટનાને લઈને લોકોના મનમાં પણ અનેક સવાલો ઉઠી રહ્યાં છે. શુક્રવારે મોડી રાત્રે આ ઘટના અંગે જેવી પ્રાથમિક માહિતી સામે આવી તો પહેલા એક માલગાડી અને એક એક્સપ્રેસ ટ્રેનની વચ્ચે ટક્કરની ખબર સામે આવી. તે સમયે 30 જેટલા લોકોના મોત થયાના સમાચારથી ખળભળાટ મચી ગયો હતો. પરંતુ જ્યારે સામે આવ્યું કે આ ટક્કર બે ટ્રેનો વચ્ચે નહીં પરંતુ 3 ટ્રેનો વચ્ચે વિચિત્ર રીતે અકસ્માત થયો છે ત્યારે વડાપ્રધાન કાર્યાલય સુધી મામલો પહોંચ્યો હતો અને બચાવ અને રાહત કાર્ય માટે સેનાની મદદ લેવામાં આવી છે. રેલ દુર્ઘટનામાં સેનાની મદદ લેવામાં આવી હોય તેવી તાજેતરના સમયની આ પહેલી ઘટના માનવામાં આવી રહી છે. મૃતાંક વધીને 300 કરતા ઉપર પહોંચ્યો છે. ઈજાગ્રસ્તોની સંખ્યા 1000 મનાય છે. એક સમાચાર પ્રમાણે મોડી રાત્રે 400 લોકો લાપતા બન્યા હોવાની વાત વહેતી થઈ હતી. આ સમગ્ર રેલ દુર્ઘટનાની અસર દેશ આખામાં ...અનુસંધાન પેજ નં. 6 પર



**રેસ્ક્યૂ કામગીરી માટે સેના બોલાવાઈ** | બાલાસોરમાં થયેલી ટ્રેન દુર્ઘટનામાં લોકોને રેસ્ક્યૂ કરવા માટે ભારતીય સેનાને લગાવવામાં આવી છે. ભારતીય સેના દ્વારા જણાવવામાં આવ્યું કે ભારતીય સેનાને ઘાયલ નાગરિકોને કાઢવામાં આવ્યા છે. ઉપચારમાં સહાયતા માટે તૈનાત કરવામાં આવી છે. એમ્બ્યુલન્સ અને સહાયતા સેવાઓની સાથે સેનાની ચિકિત્સા અને એન્જીનિયરિંગ ટીમોને પૂર્વી કમાનથી તૈનાત કરવામાં આવી છે. જ્યારે આર્મીના કર્નલ એસ.કે. દત્તાએ કહ્યું કે ગઈ રાતથી અમારી ટીમ બચાવ કાર્યમાં લાગેલી છે.

### પીએમએ દુર્ઘટના સ્થળે નિરીક્ષણ કર્યુ, ઇજાગ્રસ્તોની લીધી મુલાકાત



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઓડિશાના બાલાસોરમાં થયેલ ભીષણ રેલ દુર્ઘટનામાં ઘટનાસ્થળનું નિરીક્ષણ કરવા માટે પહોંચ્યા હતા. પીએમ મોદી હોસ્પિટલમાં ઈજાગ્રસ્તો સાથે મુલાકાત લીધી હતી. પીએમ મોદીએ ઈજાગ્રસ્ત લોકો સાથે વાતચીત કરી તેમની સ્થિતિ જાણી હતી.

### ઘાયલો માટે રક્તદાન કરવા માટે ભારે ભીડ ઉમટી

બાલાસોરમાં ભીષણ ટ્રેન દુર્ઘટના બાદ સ્થાનિક લોગ બાલાસોરમાં ઘાયલો માટે રક્તદાન કરવા માટે લાઈનો લાગી હતી. ભારે સંખ્યામાં લોકો રક્તદાન કરવા માટે હોસ્પિટલોમાં પહોંચ્યા હતા. બાલાસોરમાં રાતોરાત 500 યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. હાલમાં 900 યુનિટ રક્ત સ્ટોકમાં ઉપલબ્ધ છે.

### વળતરની જાહેરાત કરી

તે જ સમયે, અકસ્માત પછી, રેલ્વે મંત્રાલયે વળતરની જાહેરાત કરી છે. રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે મૃતકોના નજીકના પરિજનોને રૂ. 12 લાખ, ગંભીર રીતે ઘાયલોને રૂ. 2 લાખ અને સામાન્ય ઈજાગ્રસ્તોને રૂ. 50,000ની સહાયની જાહેરાત કરી હતી.

## ન્યૂઝ બ્રિફ

### સિગ્નલ ફેલ ખેલ....ખતમ ખેલ....

ઓડિશાના બાલાસોરમાં ભયાનક ટ્રેન અકસ્માતે સમગ્ર દેશને હચમચાવી દીધો છે. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 261 લોકોના મોત થયા છે અને 900થી વધુ લોકો ઘાયલ હોવાનું કહેવાય છે. હવે તપાસનો પ્રારંભિક રિપોર્ટ સામે આવ્યો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે, સિગ્નલ ફેલ થવાને કારણે આ અકસ્માત થયો છે.જે ઈન્સ્પેક્શન રિપોર્ટ સામે આવ્યો છે તે મુજબ બીજી ટ્રેનને સમયસર સિગ્નલ ન મળી શક્યું જેના કારણે એક જ ટ્રેક પર બે ટ્રેન આવી ગઈ અને આ મોટી દુર્ઘટના થઈ.

### અમૃતસરઃ સુવર્ણ મંદિર પાસે બોમ્બ રાખવાની માહિતી, પંજાબમાં રેડ એલર્ટ


અમૃતસર પોલીસ કંટ્રોલ રૂમમાં અડધી રાત્રે સચખંડ શ્રી હરમંદિર સાહિબ પાસે ચાર બોમ્બ મુકવામાં આવ્યા હોવાની માહિતી મળતાં ખળભળાટ મચી



ગયો હતો. તરત જ સમગ્ર પંજાબને એલર્ટ કરી દેવામાં આવ્યું. માહિતી મળતાં જ પોલીસની દસ બોમ્બ ડિસ્પોઝલ ટુકડીઓ શ્રી હરમંદિરની આસપાસ ચેકિંગ માટે પહોંચી ગઈ હતી. પોલીસ ફોર્સે સવારે 4 વાગ્યા સુધી દરેક ખૂણે તપાસ કરી હતી, પરંતુ બોમ્બ ક્યાંય મળ્યા ન હતા. પોલીસની સાયબર ટીમ પોલીસ કંટ્રોલ રૂમમાં માહિતી આપનારનો મોબાઈલ નંબર ટ્રેસ કરી રહી છે. પોલીસે સવારે 5 વાગ્યે નિહંગ (20) સહિત કેટલાક બાળકોને અટકાયતમાં લીધા હતા. જણાવવામાં આવી રહ્યું છે કે આરોપીએ તોફાની રીતે આ જાણકારી કંટ્રોલ રૂમમાં આપી હતી.

### ડેવિડ વોર્નરે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી, પાક. વિરૂદ્ધ રમશે છેલ્લી મેચ

ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમના અનુભવી ખેલાડી ડેવિડ



વોર્નરે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. ICCએ આ માહિતી સત્તાવાર વેબસાઈટ પર શેર કરી છે. તે જાન્યુઆરી 2024માં પાકિસ્તાન સામે તેની ટેસ્ટ કારકિર્દીની છેલ્લી મેચ રમશે. આ પહેલા વોર્નર એશિઝ સિરીઝ અને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની અંતિમ મેચ રમશે. ઓસ્ટ્રેલિયા અને પાકિસ્તાન વચ્ચે જાન્યુઆરી 2024માં ટેસ્ટ સિરીઝ રમાવાની છે. આ દરમિયાન વોર્નર છેલ્લી મેચ રમશે. વોર્નર હાલમાં ઈંગ્લેન્ડમાં છે અને તે ભારત સામેની ફાઈનલ મેચની તૈયારી કરી રહ્યો છે. વોર્નર ત્યારપછી ઈંગ્લેન્ડ સામે 16 જૂનથી શરૂ થનારી એશિઝ શ્રેણીનો ભાગ બનશે.

### સાંસદો તેમના પગારનો એક હિસ્સો રેલવે દુર્ઘટના પીડિતો માટે દાન કરેઃ વરુણ ગાંધી

ઓરિસ્સાના બાલાસોરમાં ભીષણ ટ્રેન દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 280થી વધુ લોકોના મોત થયા છે.



જ્યારે ઘાયલોની સંખ્યા પણ 900થી વધુ લોકોને પાર થઈ ચૂકી છે. અકસ્માત બાદ પીએમ મોદી પણ અકસ્માત સ્થળે પહોંચી ગયા છે. આ દરમિયાન બીજેપી સાંસદ વરુણ ગાંધીએ પણ ટ્રેન દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો છે અને તેને હ્રદયદ્રાવક ગણાવ્યું છે. આ સાથે વરુણે પોતાના સાથી સાંસદોને પણ મોટી અપીલ કરી છે.

**વાંકી નજરે...** સૌજન્યથી...




## 22ના રોજ અમેરિકી સંસદના સંયુક્ત સત્રને સંબોધશે વડાપ્રધાન નરેન્દ્ર મોદી

ગુજરાત | વંદન

અમેરિકા ફરી એક વખત વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને 'સ્ટેટ-વિઝીટ'નું સન્માન આપવા જઈ રહી છે અને તા.21થી વડાપ્રધાન અમેરિકાની મુલાકાતે જઈ રહ્યા છે તેમાં તા.22ના રોજ તેઓ અમેરિકી સંસદના સંયુક્ત સત્રને સંબોધન કરશે.

અમેરિકાની સંસદે આ આમંત્રણ આપીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એક ખૂબ જ સન્માનીત વ્યક્તિની શ્રેણીમાં મુકયા છે. અમેરિકી સંસદને બે વખત



સંબોધનનું બહુમાન અત્યાર સુધીમાં બ્રિટનના વડાપ્રધાન વીન્સ્ટોન ચર્ચીલ દક્ષિણ આફ્રિકાના ગાંધી ગણાવાયેલા શ્રી નેલ્સન મંડેલા તથા ઈઝરાયેલના બે વડાપ્રધાનને જ મળ્યું છે.

અમેરિકી સંસદના બન્ને ગૃહ સેનેટ તથા હાઉસ ઓફ રીપ્રેઝન્ટેટીવના બહુમતી-લઘુમતી બન્ને પાંખના વડાઓએ સંયુક્ત રીતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને આ આમંત્રણ આપ્યુ છે. અગાઉ 2016માં વડાપ્રધાન શ્રી મોદીએ અમેરિકી સંસદના બન્ને સદનોની બેઠકને સંબોધન કર્યુ હતું અને તે બાદ અમેરિકા-ભારતની મિત્રતાને એક નવી ગતિ મળી હતી. તા.22ના રોજ સાંજે મોદી આ સંબોધન કરે તેવી શકયતા છે. શ્રી મોદીને તા.26ના રોજ વ્હાઈટ હાઉસમાં સ્ટેટ ડિનર પણ પ્રમુખ જો બાઈડન આપશે.

## ગુજરાતની ટોચની ફાર્મા કંપનીને મોટો ઝટકો, અમેરિકાએ તેની દવાઓ પર મૂક્યો પ્રતિબંધ

ગુજરાત | વંદન

ગુજરાતની એક સૌથી મોટી દવા કંપની Intas pharmaને અમેરિકાએ ઝટકો આપ્યો છે. એક ઈન્સ્પેક્શન બાદ અમેરિકન ડ્રગ રેગ્યુલેટરીએ આ નિર્ણય લીધો છે. જેમાં એફડીએના અધિકારીઓએ અમદાવાદ આવી પ્લાન્ટની મુલાકાત બાદ આ નિર્ણય લેતાં કંપનીને પણ ફટકો પડ્યો છે.

ઈન્ટાસ ફાર્મા એક ખાનગી માલિકીની કંપની છે અને તેનું વાર્ષિક આવક લગભગ રૂ ૨૫૦૦ કરોડથી વધારે છે. કંપની તેની કુલ આવકના ૭૦ ટકા વિદેશી બજારમાં દવાની નિકાસ ઉપરથી મેળવે છે. કંપનીની આ ચાલતી પ્રક્રિયા છે. હવે સાબિત કરવું મુશ્કેલ બને છે કે અહીં બનતી દવાઓ સલામત કે અસરકારક છે કે નહિ. અમેરિકાના એલર્ટ બાદ ગુજરાતની આ દવા કંપનીની દવાઓ સામે સવાલ ઉભો થયો છે. ગુજરાતમાં અમદાવાદમાં એસજી હાઈવે પર ઓફિસ ધરાવતી અને અમદાવાદમાં પ્લાન્ટ ધરાવતી આ કંપનીના અમદાવાદ પ્લાન્ટ પર એફડીએના અધિકારીઓ વીઝિટ માટે આવ્યા હતા. Intas pharmaના ભારતમાં ૧૧ અને વિદેશમાં ત્રણ પ્લાન્ટ આવેલા છે.એફડીએના દવા ઉત્પાદન અંગેના એલર્ટ બાદ કંપનીએ અમેરિકન નિયમો અનુસાર કાયદાનું પાલન, પ્રક્રિયા અનુસાર ઉત્પાદન માટે દવા બની રહી છે તે સાબિત કરવું પડે છે. અમેરિકન ફૂડ એન્ડ ડ્રગ્સ એડમિનીસ્ટ્રેશને (એફડીએ) અમદાવાદ સ્થિત દેશની અગ્રણી ફાર્મા કંપનીના પ્લાન્ટ ઉપરથી દવાઓની આયાત ઉપર પ્રતિબંધ મૂક્યો છે. એફડીએના ત્રણ ઈન્સ્પેક્ટર દ્વારા કંપનીના અમદાવાદ ખાતે આવેલ પ્લાન્ટની મુલાકાતે નવેમ્બર-ડિસેમ્બરમાં આવ્યા હતા. અમદાવાદ પ્લાન્ટમાં દવાના ઉત્પાદન વખતે જરૂરી ટેસ્ટ, દસ્તાવેજ જાળવણી સહિત ૧૧ જેટલા વાંધા અમેરિકા દ્વારા રજૂ કરાયા છે. આ પ્લાન્ટ ખાતે ઈન્જેક્શન પણ બનાવવામાં આવે છે.

**11મીએ રામલીલા મેદાનમાં મહારેલીનું આયોજન**

## દિલ્હીમાં કેન્દ્ર સામે આમ આદમી પાર્ટી તાકાત બતાવશે

ગુજરાત | વંદન

દિલ્હીમાં ટ્રાન્સફર-પોસ્ટિંગ અંગે કેન્દ્રના વટહુકમ વિરુદ્ધ આમ આદમી પાર્ટી 11 જૂને રામલીલા મેદાનમાં રેલી કરવા જઈ રહી છે. આ મહારેલીમાં કેજરીવાલ કેન્દ્રને તેમની તાકાત બતાવશે. દિલ્હી એકમના કન્વીનર અને કેબિનેટ પ્રધાન ગોપાલ રાયે ગઈકાલે પદાધિકારીઓ સાથે બેઠક યોજી હતી.


કેબિનેટ મંત્રીએ જણાવ્યું કે 4 જૂને દિલ્હીના બે હજાર મંડળો પર ભવ્ય રેલીની તૈયારીઓ પર બેઠક થશે. બીજા દિવસે ડોર ટુ ડોર પ્રચાર શરૂ થશે. ઘર-ઘર રેલી માટે લોકોને આમંત્રિત કરવામાં આવશે. ગોપાલ રાયે કહ્યું કે 11 જૂને પાર્ટી દ્વારા આયોજિત રેલી રાષ્ટ્રીય રાજધાનીના રહેવાસીઓ માટે કેન્દ્ર સરકારના વટહુકમ સામે પોતાનો આક્રોશ વ્યક્ત કરવા માટે એક મંચ પર હશે. હોદ્દેદારોને રેલીની ...અનુસંધાન પેજ નં. 6 પર

## નાસાની ચેતવણીઃ 2023માં અવકાશમાંથી આવ્યો અત્યાર સુધીનો સૌથી મોટો ખડક

▪ જો પૃથ્વી તેના ગુરુત્વાકર્ષણના બળથી તેને ખેંચે તો મોટી દુર્ઘટના થઈ શકે છે

ગુજરાત | વંદન

ભારત તેમજ વિશ્વના ભવિષ્યવેતાઓએ તો કેટલાય વર્ષો પહેલા કહી દીધુ છે કે એક વાર સૃષ્ટીના વિનાશ થવાનો જ છે. અને હવે તો તેમા વિજ્ઞાન પણ માનવા લાગ્યું છે. અને તેના વિશે દરરોજ કોઈને કોઈ સમાચાર સામે આવતા જ રહે છે.



કેટલીકવાર સમાચાર એજન્સીઓ લોકોને ડરાવી તેમના સમાચાર પ્રકાશિત કરતી હોય છે. પરંતુ તે દરેક વખતે સાચા હોતા નથી.

ઘણી વખત અવકાશમાંથી મોટી ઉલ્કા પૃથ્વી સાથે અથડાવા વિશેના સમાચાર આવતા રહે છે. આ બાબતે અહીં તમને જણાવી દઈએ કે આવા ખડકો ધરતી પર ટકરાવાની શક્યતા ખૂબ જ ઓછી છે. પરંતુ જો પૃથ્વી તેના ગુરુત્વાકર્ષણના બળથી તેને ખેંચે તો મોટી દુર્ઘટના થઈ શકે છે.

નાસા સહિત ઘણી સ્પેસ એજન્સીઓ આ રીતે ખડકો પર સતત નજર રાખતી હોય છે. અને આજકાલ તો ટેકનોલોજીનો યુગ છે અને નવી નવી ટેકનોલોજી આવી ગઈ છે, કે ઉલ્કાઓની ટકરાવવાની શક્યતાઓ ...અનુસંધાન પેજ નં. 6 પર

## રાહુલ ગાંધીને 2024ની ચૂંટણી માટે વિપક્ષી એકતામાં વિશ્વાસ છે!

ગુજરાત | વંદન

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી આ દિવસોમાં અમેરિકાના પ્રવાસે છે. વોશિંગ્ટનમાં ભારતીય સમુદાય સાથે વાત



કરતા તેમણે કહ્યું કે હાલમાં દેશની અંદર બે અલગ અલગ વિચારધારાઓ વચ્ચે લડાઈ ચાલી રહી છે. આ ઉપરાંત, તેમણે એવો પણ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે ભારતમાં ભાજપના વૈકલ્પિક વિઝન માટે વિરોધ પક્ષો એક થઈ રહ્યા છે.


રાહુલ ગાંધીએ એમ પણ કહ્યું કે જ્યારે પણ તેઓ બિન-કોંગ્રેસી વિપક્ષી દળોને મળે છે, ત્યારે તેમણે હંમેશા આગ્રહ કર્યો છે કે તેઓ એક થઈને લડે. આ સાથે તેમણે મીડિયાના એક વર્ગને પણ નિશાન બનાવ્યો અને ભાજપ પર મોટી લાઈન બતાવવાનો આરોપ પણ લગાવ્યો.

તેમણે કહ્યું, "મીડિયામાં ઘણા લોકો બીજેપી અને આરએસએસને લાર્જર ધેન લાઈફ બતાવવાનું પસંદ કરે છે. કૃપા કરીને હિમાચલ પ્રદેશ અને કર્ણાટકની વિધાનસભા ચૂંટણીઓ પણ જુઓ. અમે મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાનમાં ચૂંટણી કરાવવાના છીએ. જો આપણે તે ચૂંટણીઓ પર નજર કરીએ તો, આપણે જોશું કે કોંગ્રેસ પાર્ટી ભાજપને હરાવવા માટે એકદમ સક્ષમ લાગે છે.

## સરકાર બધા સાથે નહીં પરંતુ બ્રિજભૂષણની સાથે છે:સિબ્બલ

ગુજરાત | વંદન

દેશના પહેલવાનો WFIના અધ્યક્ષ બ્રિજ ભૂષણ શરણ સિંહના રાજીનામાની માંગ કરી રહ્યા છે. ત્યારે હવે રાજ્યસભા સાંસદ કપિલ સિબ્બલે આ મામલે કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યુ છે. સિબ્બલે પીએમ મોદી અને બીજેપીના મૌન પર પણ સવાલ ઉઠાવતા કહ્યું કે કુસ્તીબાજો દ્વારા લગાવવામાં આવેલા જાતીય સતામણીના આરોપો પર ...અનુસંધાન પેજ નં. 6 પર




## રામમંદિરનો ચુકાદો ટાળવા મારા ઉપર હતું દબાણઃ જસ્ટિસ અગ્રવાલ

▪ જો મેં ચુકાદો આપ્યો ન હોત તો 200 વર્ષ સુધી કેસ મુલતવી રહ્યો હોત

ગુજરાત | વંદન

અલ્હાબાદ હાઈકોર્ટના પૂર્વ જજ જસ્ટિસ સુધીર અગ્રવાલે ચોંકાવનારા ખુલાસા કર્યા છે. તેમણે કહ્યું કે, તેમના પર અયોધ્યાના રામજન્મભૂમિ કેસમાં નિર્ણય મોકૂફ રાખવા માટે ઘણું દબાણ હતું. તેણે કહ્યું, લોકો ઈચ્છતા હતા કે હું નિર્ણય મુલતવી રાખું. કોઈ આ નિર્ણય લેવા માંગતું ન હતું. જો મેં તે ન કર્યું હોત, તો તે 200 વર્ષ માટે મુલતવી રાખવામાં આવ્યું હોત.

મેરઠ કોલેજમાં એક કાર્યક્રમમાં હાજરી આપવા આવેલા જસ્ટિસ અગ્રવાલે કહ્યું કે, ચુકાદો સંભળાવતી વખતે હું કોઈ તણાવમાં નહોતો. હા, જ્યારે



ધરપકડ કરાયેલા કેટલાક લોકોએ કહ્યું કે ચુકાદો સંભળાવનારા ન્યાયાધીશોને મારી નાખવામાં આવશે, ત્યારે પરિવાર ચોક્કસપણે તણાવમાં હતો. તેણે કહ્યું, મેં મારી બાયોગ્રાફીમાં દબાણોની વિગતો આપી છે.

તેમણે કહ્યું, જ્યારે મારું નામ અયોધ્યા કેસની બેંચમાં મૂકવાની વાત થઈ ત્યારે ચીફ જસ્ટિસે પૂછ્યું, ભાઈ અમે તમને આ બેંચમાં મૂકવા માંગીએ છીએ, શું તમને કોઈ વાંધો છે? મેં કહ્યું, તમે મારી નિમણૂક કરો, પરંતુ જો મારી નિમણૂક થશે તો હું કેસનો નિર્ણય કરીશ.

સ્ટીસ અગ્રવાલે કહ્યું કે, હું ગુજરાત, મહારાષ્ટ્ર, દક્ષિણ ભારત અને ઉત્તર પૂર્વમાં ગયો છું, દરેક જગ્યાએ મને શ્રી રામ જન્મભૂમિના નિર્ણયને કારણે ઓળખવામાં આવી છે. જ્યારે હું પહેલીવાર ચેન્નાઈ ગયો હતો ત્યારે લોકોએ ત્યાં ફોટોગ્રાફ્સ લીધા હતા અને તેના ચરણ સ્પર્શ કર્યા હતા. આના પરથી સમજાય છે કે શ્રી રામ આપણા જીવનમાં કેટલા ઊંડે છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# 'વન નેશન, વન એપ્લીકેશન' અંતર્ગત ગુજરાત વિધાનસભા પણ બનશે ડીજીટલ અને પેપરલેસ




## NeVA પ્રોજેક્ટને અમલી બનાવવાની કામગીરી વેગવંતી બનાવવામાં આવી

ગુજરાત | વંદન

દેશની વિધાનસભાઓને ડીજીટલ બનાવવા ભારત સરકાર દ્વારા "વન નેશન, વન એપ્લીકેશન" અંતર્ગત નેશનલ ઈ-વિધાન એપ્લીકેશન એટલે કે NeVA પ્રોજેક્ટ અમલી બનાવવામાં આવ્યો છે. ગુજરાત વિધાનસભાને પણ ડીજીટલ અને પેપરલેસ બનાવવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા નેવા પ્રોજેક્ટને અમલી બનાવવાની કામગીરી વેગવંતી બનાવવામાં આવી છે.

'સ્વચ્છ ભારત સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ'ને પ્રોત્સાહન આપતા NeVA પ્રોજેક્ટની અમલવારીની સમીક્ષા કરવા માટે આજે ગુજરાત વિધાનસભા ખાતે ભારત સરકારના સંસદીય બાબતોના સચિવ જી. શ્રીનિવાસના અધ્યક્ષસ્થાને સ્ટેટ પ્રોજેક્ટ મોનીટરીંગ યુનિટ(SPMU)ની છઠ્ઠી બેઠક મળી હતી. આ બેઠકમાં ગુજરાત વિધાનસભામાં NeVAની અમલવારી માટે તબક્કાવાર થઇ રહેલી કામગીરીની વિસ્તૃત વિગતો આપતું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. પ્રેઝન્ટેશન બાદ સચિવ સહિત ઉપસ્થિત સભ્યઓ દ્વારા આ પ્રોજેક્ટની અસરકારક અમલવારી માટે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. ગુજરાત વિધાનસભા દ્વારા NeVA પર ટ્રાયલ સ્ટેજ માટે કરવામાં




આવેલી કામગીરી તેમજ વેબસાઈટનો ઈન્ટરફેસ સંસદીય બાબતોના સચિવ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સચિવએ ઉપસ્થિત ઉચ્ચ અધિકારીઓને કેપેસીટી બિલ્ડીંગ માટે તાલીમોનું આયોજન કરવા, રાજ્ય આધારિત ફેરફારો કરવા તેમજ તાલીમ માટે પ્રાદેશિક ભાષામાં સાહિત્ય તૈયાર કરવા માટે સૂચનો આપ્યા હતા. આ પ્રોજેક્ટની અમલવારી માટે જરૂર જણાયે ભારત સરકારના સંસદીય બાબતોના મંત્રાલય તરફથી પૂરતો સહયોગ આપવાની સચિવએ ખાતરી આપી હતી.

બેઠક બાદ સચિવ શ્રીનિવાસે ગુજરાત વિધાનસભા ગૃહની પણ મુલાકાત લઈ ઉપસ્થિત અધિકારીઓને જરૂરી સૂચનો આપ્યા હતા. આ બેઠકમાં નાણા વિભાગના અગ્ર સચિવ મોના ખંધાર, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના સચિવ વિજય નેહરા, ગુજરાત ઈન્ફોરમેટીક્સ લી.ના મેનેજીંગ ડિરેક્ટર વિદેહ ખરે, રાજ્યના સંસદીય બાબતોના સચિવ સી.જે. ગોઠી, એન.આઈ.સી.ના સ્ટેટ ઈન્ફોરમેટીક્સ ઓફિસર પી. કે. સિંહ સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


# પૂર્વ મંત્રી જયનારાયણ વ્યાસે મેડિકલ કૉલેજની સ્થિતિને હાઈકોર્ટમાં પડકારી

■ ઈમારતો 2012માં બની પણ સેવા ચાલુ ના થઈ

ગુજરાત | વંદન



ગુજરાતમાં ભાજપની મોદી સરકારમાં આરોગ્ય મંત્રી રહી ચૂકેલા જય નારાયણ વ્યાસ હવે કોંગ્રેસમાં જોડાઈ ગયાં છે. તેમણે સિદ્ધપુરની મેડિકલ કોલેજ અને હોસ્પિટલની દયનિય સ્થિતિને લઈને



હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે. તેમણે કરોડોના ખર્ચે તૈયાર થયેલી મેડિકલ કોલેજ અને હોસ્પિટલની સારસંભાળ યોગ્ય રીતે નહીં થતી હોવાની ફરિયાદ હાઈકોર્ટમાં કરી છે. સિદ્ધપુરના દર્દીઓએ આવી સ્થિતિને કારણે અમદાવાદ સુધી સારવાર લેવા માટે આવવું પડે છે. આ અરજીની આગામી પાંચમી જૂને સુનાવણી હાથ ધરાશે.

જયનારાયણ વ્યાસે આ અરજીને લઈને મીડિયાને જણાવ્યું હતું કે, આનંદીબેન અને નીતિન પટેલના રાજકીય પૂર્વગ્રહને કારણે સિદ્ધપુર આજે આરોગ્ય સેવાથી વંચિત છે. તેમણે એવો આક્ષેપ પણ કર્યો હતો કે ઉત્તર ગુજરાતમાં મારૂ રાજકીય કદ વધશે એવા ડરને કારણે સિદ્ધપુરને આ પ્રકારની સુવિધા અપાઈ નથી. સિદ્ધપુરમાં હોસ્પિટલમાં કેન્સર હોસ્પિટલ સહિતની ઈમારતો 2012માં બની ચૂકી છે પણ સેવા ઉભી કરવામાં આવી નથી. તેમણે કહ્યું હતું કે, હોસ્પિટલમાં MRI, ડાયાલિસિસ, લિથોટ્રિપ્સી મશીન પણ હટાવવામાં આવ્યા છે.

# ગુજરાતમાં સ્થપાશે દેશની પ્રથમ લિથિયમ આયન સેલ મેન્યૂફેક્ચરીંગ ગીગા ફેક્ટરી

## MoU પર હસ્તાક્ષર કરાયા

ગુજરાત | વંદન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત દેશમાં લિથિયમ આયન સેલ મેન્યૂફેક્ચરીંગનું અગ્રણી રાજ્ય બનવા સજ્જ થયું છે. આ હેતુસર લિથિયમ આયન સેલ મેન્યૂફેક્ચરીંગ ગીગા ફેક્ટરીની સ્થાપના માટે ગુજરાત સરકાર અને ટાટા ગૃપ વચ્ચે મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં MoU થયા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની આગેવાનીમાં ઘડાયેલી નવી ઈલેક્ટ્રોનિક્સ પોલિસીની ફલશ્રુતિ રૂપે આ MoU કરવામાં આવ્યા છે. ટાટા ગૃપની સબસીડીયરી કંપની અગ્રતાસ એનર્જી સ્ટોરેજ સોલ્યુશન પ્રાયવેટ લિમિટેડના CEO અને ગુજરાત સરકારના સાયન્સ ટેક્નોલોજી સચિવ વિજય નહેરાએ આ MoU પર હસ્તાક્ષર કરી મુખ્યમંત્રીની પ્રેરક ઉપસ્થિતિમાં MoU ની પરસ્પર આપ-લે કરી હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ૨૦૩૦ સુધીમાં દેશમાં ૫૦ ટકા કાર્બન ઉત્સર્જન રહિત ઊર્જા તથા ૧૦૦ ટકા ઈલેક્ટ્રીક વાહન ઉપયોગનું જે લક્ષ્ય રાખ્યું છે તેને સાકાર કરવા ગુજરાતે આ ગીગા ફેક્ટરીની સ્થાપનાના MoU થી નવી દિશા આપી છે. ગીગા ફેક્ટરી ભારતમાં આ પ્રકારનો પ્રથમ લિથિયમ આયન સેલ ઉત્પાદન પ્લાન્ટ ગુજરાતમાં કાર્યરત કરશે.

# PM મોદીનો ગુજરાત પ્રત્યેનો પ્રેમ સહેજ પણ ઘટ્યો નથી...



## છેલ્લાં એક વર્ષમાં હોમ સ્ટેટ ગુજરાતને આપી પ્રજા કલ્યાણકારી ભેટ, માલામાલ ગુજરાત

■ સપ્ટેમ્બર 2022માં સુરતમાં રૂ.3400 કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત, જેમાં મહત્વાકાંક્ષી ડ્રીમ (DREAM) સિટી પ્રોજેક્ટના રૂ.370 કરોડના કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત તેમજ રૂ.139 કરોડના ખર્ચે સુરતમાં નવા બાયોડાયવર્સિટી પાર્કનું ખાતમુહૂર્ત.

■ સપ્ટેમ્બર 2022માં રૂ.12 હજાર કરોડથી વધુના ખર્ચે અમદાવાદ મેટ્રોના પ્રથમ તબક્કાનું લોકાર્પણ

■ સપ્ટેમ્બર, 2022માં ભાવનગર ખાતે વિશ્વના પ્રથમ CNG ટર્મિનલ, બ્રાઉન ફિલ્ડ પોર્ટનો શિલાન્યાસ. રૂ.4024 કરોડના ખર્ચે આ બંદર વિકસિત કરવામાં આવશે. આ ઉપરાંત, ભાવનગરમાં પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર અને APPL કન્ટેનરનું ઉદ્ઘાટન.

■ સપ્ટેમ્બર, 2022માં બનાસકાંઠામાં રૂ.7908 કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત. વિવિધ આવાસ યોજના અંતર્ગત 61805 આવાસોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તારંગા હિલથી આબુ રોડ બ્રોડગેજ રેલવે લાઇનનું વડાપ્રધાનશ્રીના હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યુ હતું.

■ સપ્ટેમ્બર, 2022માં વડાપ્રધાનશ્રીએ ગુજરાતને વંદે ભારત ટ્રેનની ભેટ આપી.

■ ઓક્ટોબર, 2022માં જામનગરમાં સૌની (SAUNI) યોજનાના બીજા અને ત્રીજા તબક્કાનું લોકાર્પણ. રૂ.300 કરોડથી વધુના ખર્ચે સૌની યોજનાના લિંક-1 પેકેજ-5 તેમજ રૂ.700 કરોડથી વધુના ખર્ચે લિંક-3 પેકેજ-7નું લોકાર્પણ.

■ અમદાવાદ સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં રૂ.712 કરોડની આરોગ્ય સુવિધાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત, જેમાં હૃદયની અદ્યતન સારવાર માટે રૂ.54 કરોડના આધુનિક મશીનો અને વિશ્વસ્તરીય સુવિધાઓનું લોકાર્પણ, યુ.એન. મેહતા હોસ્પિટલમાં રૂ.71 કરોડના ખર્ચે નિર્મિત નવી હોસ્ટેલ બિલ્ડિંગનું લોકાર્પણ, કિડની રિસર્ચ સેન્ટર માટે રૂ.408 કરોડના ખર્ચે નિર્મિત નવી હોસ્પિટલનું લોકાર્પણ, મેડિસિટીમાં રૂ.140 કરોડના ખર્ચે નિર્મિત GCRIની નવી બિલ્ડિંગનું લોકાર્પણ

■ ઓક્ટોબર, 2022માં ગુજરાતનું મોઢેરા ગામ 24X7 સોલાર પાવર્ડ વિલેજ જાહેર થયું.

■ ઓક્ટોબર, 2022માં મહેસાણા ખાતે રૂ.2890 કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત, જેમાં રૂ.511 કરોડના ખર્ચે સાબરમતી-જગુદણ ગેજ કન્વર્ઝનનું લોકાર્પણ, રૂ.336 કરોડના ખર્ચે ONGC-નંદાસણ સરફેસ ફેસિલિટીનું લોકાર્પણ

■ ઓક્ટોબર, 2022માં ભરૂચમાં રૂ.8200 કરોડથી વધુના વિકાસકાર્યો અને પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત, જેમાં ભરૂચમાં રૂ.2500 કરોડના ખર્ચે રાજ્યના પ્રથમ સર્વ સુવિધાયુક્ત બલ્ક ડ્રગ પાર્કનું ખાતમુહુર્ત

■ ઓક્ટોબર, 2022માં રાજકોટ, મોરબી જિલ્લા તથા અન્ય જિલ્લાના રૂ.7710 કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત, જેમાં રાજકોટના ગઢકામાં 119 એકરમાં 20 લાખ લિટર પ્રતિ દિવસની ક્ષમતાવાળા અમુલના પ્લાન્ટનું ખાતમુહૂર્ત, મોરબીમાં, મેડીકલ કોલેજ, ફોરલેન રોડ, રેલવે ઓવરબ્રિજ, નવી જિલ્લા કોર્ટ કચેરી સહિતના વિકાસકાર્યો

■ ઓક્ટોબર, 2022માં જૂનાગઢમાં કુલ રૂ.4155.17 કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત, જેમાં ઉમરગામથી લખપત કોસ્ટલ હાઈવે યોજના માટે રૂ.2440 કરોડનો ખર્ચ, પોરબંદરમાં 600 બેડની GMERS મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલનું ખાતમુહૂર્ત

■ ઓક્ટોબર, 2022માં તાપી-નર્મદા-સુરત જિલ્લામાં રૂ.2083 કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ, જેમાં સાપુતારાથી સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતા રોડને દસ મીટર પહોળો કરવાની કામગીરી શરૂ, તાપી તથા નર્મદા જિલ્લામાં પાણી પુરવઠાને લગતા 4 કાર્યોનું ખાતમુહૂર્ત, સુરત અને તાપી જિલ્લામાં ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના 11 કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત

■ ઓક્ટોબર, 2022માં થરાદથી રૂ.8000 કરોડથી વધુ મૂલ્યના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત

■ કેવડિયા ખાતે પ્રવાસીઓ માટે ભુલભુલૈયા ગાર્ડન અને મિયાવાકી ફોરેસ્ટનું લોકાર્પણ

■ ઓક્ટોબર, 2022માં પંચમહાલના જાંબુઘોડામાં 885.42 કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ, જેમાં ગોવિંદગુરુ યુનિવર્સીટી ગ્રીન એડમિનિસ્ટ્રેટિવ બ્લોક ધરાવતી ગુજરાત રાજ્યની પ્રથમ સ્ટેટ યુનિવર્સિટીનું લોકાર્પણ, રૂ.522 કરોડના ગોધરા મેડિકલ કોલેજ અને રૂ.164 કરોડના કૌશલ્યા-ધ સ્કિલ યુનિવર્સિટીના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત, સ્વાતંત્ર્ય સંગ્રામના વીર શહીદોની યાદમાં સંત જોરિયા પરમેશ્વર પ્રતિમા અને શહીદ રૂપસિંહ નાયક સ્મારક પ્રતિમાનું લોકાર્પણ

■ મે, 2023માં ગુજરાતમાં રૂ.2452 કરોડના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત, જેમાં રૂ.1654 કરોડના ખર્ચે શહેરી વિકાસના વિવિધ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત, પાણી પુરવઠાના રૂ.734 કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત

# ગુજરાતમાં 25 જૂનની આસપાસ થશે ચોમાસાની એન્ટ્રી



■ આ વખતે વરસાદી સિસ્ટમ પર વાવાઝોડું જોખમી સાબિત થાય તેવી સંભાવના

ગુજરાત | વંદન

ગુજરાતમાં ચોમાસું નિયત સમય કરતાં મોડુ બેસવાની સંભાવના છે. આમ તો 1 જૂને કેરળમાં વરસાદ થાય તેના 15 દિવસમાં ગુજરાતમાં ચોમાસું સત્તાવાર એન્ટ્રી લે છે. જો કે, આ વખતે વરસાદી સિસ્ટમ પર વાવાઝોડું જોખમી સાબિત થાય તેવી સંભાવના છે. એટલે વરસાદી વાતાવરણ તો રહેશે, પરંતુ આ વાતાવરણ ચોમાસાનું નહીં હોય, તે વાવાઝોડાની અસર હશે.

વાવાઝોડું અરબ સાગરમાં આકાર લઈ રહ્યું છે, જે 6 જૂને સક્રિય થવાની સંભાવના છે, જો તે કેરળથી ગુજરાતના પશ્ચિમ ભાગના સમુદ્રી કાંઠા તરફ આવે, રાજ્યમાં 15 જૂનને બદલે 25 જૂન બાદ થઈ શકે છે. ચોમાસાની સત્તાવાર એન્ટ્રી છે. વાવાઝોડુ ઓમાન તરફ ફંટાય તો પણ ચોમાસાની ગતિવિધી જૂનના છેલ્લા અઠવાડિયામાં જ શરૂ થશે.

તો બીજી તરફ હવામાન વિભાગની પણ આગાહી છે કે, આગામી 24 કલાક દરમિયાન વરસાદ વરસી શકે છે. જોકે, આ દરમિયાન સામાન્ય વરસાદ વરસે તેવું અનુમાન છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છમાં વરસાદી માહોલ રહેશે. તો હવામાન વિભાગે અમદાવાદમાં 1 જૂન અને 4 જૂન માટે હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યું છે.

# 16 જિલ્લાના 35 ગામોને સ્માર્ટ વિલેજ જાહેર કરાયા

■ CM ભૂપેન્દ્ર પટેલનું ગામડા માટે મોટું પગલું

ગુજરાત | વંદન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં તાલુકા દિઠ એક ગામ સ્માર્ટ વિલેજ બનાવવાના વિકાસલક્ષી અભિગમ સાથે 16 જિલ્લાના 35 ગામોને સ્માર્ટ વિલેજ જાહેર કર્યા છે. આ ગામો રાજ્ય સરકારની સ્માર્ટ વિલેજ પ્રોત્સાહક યોજના અન્વયે પસંદ કરાયેલા ગામો છે. સ્માર્ટ વિલેજ પ્રોત્સાહક યોજનામાં પસંદ થયેલા આ ગામોના સર્વાંગી વિકાસ માટે ગ્રામ પંચાયત દિઠ પાંચ લાખ રૂપિયાની પુરસ્કાર રકમ આપવામાં આવશે. એટલું જ નહિ, આ ગામોને વિકાસ કામો માટેના સ્વભંડોળનો આ પુરસ્કાર રાશિ ભાગ બનશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના ગામોને શહેરો સમકક્ષ સ્માર્ટ, સસ્ટેઇનેબલ અને સુવિધાયુકત બનાવવાની નેમ સાથે રૂર્બન-આત્મા ગામનો સુવિધા શહેરનીનો વિચાર આપેલો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનની આ વિચારધારાને આગળ ધપાવતાં સ્માર્ટ વિલેજ પ્રોત્સાહક યોજનાને વધુ વ્યાપક સ્વરૂપે વિસ્તારી છે. મુખ્યમંત્રીના દિશાદર્શનમાં તૈયાર થયેલી સ્માર્ટ વિલેજ યોજનામાં આવા સ્માર્ટ વિલેજની પસંદગી માટેના જે ધોરણો નિર્ધારીત કરાયાં છે તેમાં ગામમાં અદ્યતન ટેક્નોલોજીનો વિનિયોગ, ગ્રામીણ જીવનશૈલીને જાળવી રાખીને ગ્રામજનોના ક્વોલિટી ઓફ લાઇફમાં સુધારો કરવો તેમજ ગામના આર્થિક, સામાજીક અને પર્યાવરણીય મૂલ્યના સંવર્ધન સાથે માળખાકીય સુવિધા ઉપલબ્ધ કરાવવાનો ધ્યેય રાખેલો છે. આવા સ્માર્ટ વિલેજ અન્ય ગામો માટે ''ગુડ ગવર્નન્સ''ના મોડેલ ગામ અને ટુરિઝમ સ્થળ તરીકે વિકસે તથા એક્શન લેબોરેટરી તરીકે કાર્ય કરે તેવો હેતુ પણ રાખવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 16 જિલ્લાની જે 35 ગ્રામ પંચાયતોને સ્માર્ટ વિલેજ જાહેર કરી છે તેમાં આવા સ્માર્ટ વિલેજ પસંદગી માટેના ધોરણોમાં ગામ રોડથી જોડાયેલું હોય, રોડથી તદ્દન નજીકમાં હોય, ગામ શક્ય હોય ત્યાં સુધી સ્ટેટ હાઇવે પર હોય, પ્રાથમિક સુવિધા તરીકે પાકા રસ્તા અને ગટર વ્યવસ્થા, સ્ટ્રીટ લાઇટ તેમજ સંપૂર્ણ સફાઇ થતી હોય અને ગામની વસ્તી 2000 થી 6000 સુધીની હોય તે માપદંડો ધ્યાને લેવામાં આવેલા છે.

# હિન્દુ પરંપરા મુજબ અગ્નિ સંસ્કાર કરાવવાની સાથો-સાથ પર્યાવરણ જાળવણી માટે GEDAનો પ્રયાસ

ગુજરાત | વંદન

રાજ્યમાં પર્યાવરણના સંરક્ષણ માટે રાજ્ય સરકારે મક્કમ નિર્ધાર કરીને સઘન આયોજન કર્યું છે. પ્રતિ વર્ષ વધુને વધુ વૃક્ષો વાવી તેનું જતન કરવા રાજ્ય સરકાર કટીબદ્ધ છે. આ જ હેતુ સાથે રાજ્યના સ્મશાન ગૃહોમાં હિન્દુ સમાજના મૃત વ્યક્તિઓના અંતિમ સંસ્કાર માટે ઓછા લાકડાનો વપરાશ થાય તે હેતુથી ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી (GEDA) દ્વારા સુધારેલ સ્મશાન ભઠ્ઠી (સગડી) લગાવવાની સહાય યોજના કાર્યરત છે. જે હેઠળ છેલ્લા ૭ વર્ષમાં રૂ. ૨૯.૩૧ કરોડના ખર્ચે ૬,૫૫૨ જેટલી સ્મશાન ભઠ્ઠી લગાવવામાં આવી છે. GEDA દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર હિંદુ પરંપરામાં અગ્નિસંસ્કાર વિધિ માટે લાકડાનો ઉપયોગ થતો હોય છે; જેને ઓછો કરી પર્યાવરણનું જતન કરવા માટે સુધારેલ સ્મશાનભઠ્ઠી લગાવવામાં આવે છે. સુધારેલ સ્મશાનભઠ્ઠીના ઉપયોગથી મૃતદેહના અગ્નિસંસ્કાર પાછળ વપરાતા લાકડામાં આશરે ૪૦ થી ૫૦ ટકા જેટલી બચત થઈ શકે છે. આ યોજનાનો મુળ હેતુ લાકડાની બચત સાથે માનવ શરીરના વધુ ઝડપી અને સ્વચ્છ અગ્નિસંસ્કાર માટે સુધારેલ સ્મશાનગૃહ વિકસાવવાનો છે.

# ના આ હવાબારી નથી, તો શું 'ગોબાચારી' છે...?



તાજેતરમાં પાટનગરમાં ફુંકાયેલા મીની વાવાઝોડામાં ગુંબજમાંથી એક ભાગ પતરૂ ઉડીને નીકળી ગયું... શું આ હવા અને પ્રકાશ માટેની કોઈ બારી બની ગઈ કે પછી ગુંબજનું કામ એવું તે કેવું તકલાદી કામ કરવામાં આવ્યું કે મીની વાવાઝોડામાં જ તેનો એક ભાગ નીકળી ગયો..? જો ભારે વાવાઝોડું ફુંકાશે તો....? માની લઈએ કે તે કુદરતી ઘટના છે...

તસ્વીર : મૌર્ય ભાગ્યવાન

# મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના' અન્વયે 41.80 કરોડ મંજુર

■ ગાંધીનગરને 5.11 કરોડ તથા સુરતને 36.69 કરોડ રૂપિયા ફાળવવામાં આવશે

ગુજરાત | વંદન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહાનગરોના આઉટગ્રોથ વિસ્તારમાં વિકાસ કામો તથા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં જન સુવિધા વૃદ્ધિના કામો માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ગ્રાંટ ફાળવણીનો અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર મહાનગરપાલિકાને આઉટગ્રોથ યોજનામાં 5 કરોડ 11 લાખના કામો હાથ ધરવા સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. ગાંધીનગર મહાનગરપાલિકાએ ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ મારફતે રજૂ કરેલી આ અંગેની દરખાસ્ત તેમણે મંજૂર કરી છે.

મુખ્યમંત્રીએ આપેલી આ સૈદ્ધાંતિક અનુમતિને પરિણામે હવે ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ ભાઈજીપૂરા, અમીયાપૂરા, રાયસણ, રાંદેસણ, કોલવડા તેમજ અન્ય ગામોમાં પાણી પૂરવઠો પૂરો પાડવા પાણીની ઊંચી ટાંકી બનાવવાનું કામ હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત સુરત શહેરી વિકાસ સત્તામંડળ સુડા એ ગુજરાત શહેરી વિકાસ મિશન મારફતે રજુ કરેલી તળાવ વિકાસના 10 જેટલા કામોની રૂપિયા 36.69 કરોડની દરખાસ્તને પણ અનુમોદન આપ્યું છે.

સુરત શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા



બોર્ડની મંજૂરી મેળવવાની તેમજ આ કામોનું થર્ડ પાર્ટી ઈન્સપેકશન કરાવવાનું રહેશે એવું પણ નિર્ધારીત કરવામાં આવ્યું છે. સુરત મહાનગરના દિન-પ્રતિદિન વધી રહેલા ટ્રાફિક ભારણના યોગ્ય સંચાલન માટે મુખ્યમંત્રીએ સુરત મહાનગરપાલિકાએ ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ મારફત રજુ કરેલી 8 ફલાય ઓવર નિર્માણની 390 કરોડ રૂપિયાની રિવાઈઝ્ડ દરખાસ્તને પણ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉત્તર ગુજરાતની બે નગરપાલિકાઓ પાટણ અને મોડાસામાં જિલ્લા કક્ષાના મોડેલ ફાયર સ્ટેશન બનાવવા માટે કુલ 10500 ચોરસ મીટર જમીન ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. પાટણ નગરપાલિકાને પાંચ હજાર ચોરસ મીટર જમીન તેમજ અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસાની નગરપાલિકાને 5500 ચોરસ મીટર જમીન ફાળવવામાં આવશે. આ હેતુસર પાટણ નગરપાલિકાને જમીનની જંત્રીની કિંમત તેમજ ડી.પી.આર મળીને રૂ. 7 કરોડ 75 લાખની રકમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંજૂર કરી છે. મોડાસામાં પણ મોડેલ ફાયર સ્ટેશન નિર્માણના ડી.પી.આર સહિતની કામગીરી માટે કુલ 12.16 કરોડ રૂપિયાના કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

# આસારામની પત્ની, પુત્રી અને ચાર શિષ્યોને સામે સરકાર જશે અપીલમાં

■ 2013ના બળાત્કાર કેસમાં નીચલી અદાલતે છ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા

ગુજરાત | વંદન

આસારામને સંડોવતા 2013ના બળાત્કાર કેસમાં નીચલી અદાલત દ્વારા છ આરોપીઓને નિર્દોષ જાહેર કરવા સામે ગુજરાત સરકાર હાઈકોર્ટમાં અપીલ કરશે. રાજ્ય સરકારના કાયદા વિભાગે આ નિર્ણય લીધો છે. સરકાર આસારામની પત્ની, તેમની પુત્રી અને તેમના ચાર શિષ્યોને નિર્દોષ જાહેર કરવાના કેસને પડકારશે. આ કેસમાં આસારામને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે.

ફરિયાદ પક્ષે ગાંધીનગર કોર્ટના 31 જાન્યુઆરીના આદેશને પડકારવા માટે સરકારની સંમતિ પણ માંગી છે, જેમાં સૂચવવામાં



આવ્યું હતું કે જોધપુર અને અમદાવાદના કેસમાં આસારામને આજીવન કેદની સજા એકસાથે ચાલવી જોઈએ. કાનૂની અભિપ્રાય આપવામાં આવ્યો હતો કે રાજસ્થાન અને ગુજરાતના કેસ અલગ હોવાથી ટ્રાયલ કોર્ટને એક સાથેની સજા નક્કી કરવાનો કોઈ અધિકારક્ષેત્ર નથી.

ઉલ્લેખનીય છે કે, 31 જાન્યુઆરીએ ગાંધીનગરની એક કોર્ટે આસારામને તેની પૂર્વ મહિલા શિષ્યા દ્વારા 2013માં નોંધાયેલા બળાત્કારના કેસમાં આજીવન કેદની સજા ફટકારી હતી. કોર્ટે આસારામની પત્ની લક્ષ્મીબેન, પુત્રી ભારતી અને તેના ચાર શિષ્યોને પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કર્યા હતા, જેમના પર ગુનામાં મદદ કરવાનો આરોપ હતો. 2013માં રાજસ્થાનમાં તેના આશ્રમમાં સગીર બાળકી પર બળાત્કાર કરવાના અન્ય એક કેસમાં આસારામ હાલમાં રાજસ્થાનની જોધપુર જેલમાં આજીવન કેદની સજા કાપી રહ્યા છે. આસારામને અમદાવાદ નજીક મોટેરા સ્થિત તેમના આશ્રમમાં 2001 થી 2007 દરમિયાન સુરત સ્થિત શિષ્યા પર વારંવાર બળાત્કાર કરવા બદલ ગાંધીનગર કોર્ટે દોષિત ઠેરવ્યા હતા.

### અમરનાથ યાત્રા કેવી રીતે કરશો ? રજિસ્ટ્રેશન કઈ રીતે થશે ? ક્યાં રહેવું ? કેટલો ખર્ચ ?

1લી જુલાઈથી શરૂ થશે અને 31મી ઓગસ્ટે સમાપ્ત થશે....

# અમદાવાદથી અમરનાથ યાત્રા માટે જરૂરી જાણકારી આ રહી...

**ગુફામાં બર્ફાની બાબા બિરાજમાન છે, બરફથી ચમત્કારિક રીતે બનેલા આ શિવલિંગને બાબા બર્ફાની પણ કહેવામાં આવે છે**

ગુજરાત | વંદન

અમરનાથ યાત્રા એ ભગવાન શિવને સમર્પિત ભારતના સૌથી લોકપ્રિય તીર્થધામોમાંનું એક છે. આ યાત્રા તમને દરિયાની સપાટીથી 3,888 મીટરની ઊંચાઈએ હિમાલયમાં આવેલી અમરનાથ ગુફામાં લઈ જાય છે. ગુફામાં બરફનું શિવલિંગ બિરાજમાન છે. બરફથી ચમત્કારિક રીતે બનેલા આ શિવલિંગને બાબા બર્ફાની પણ કહેવામાં આવે છે. દર વર્ષે ભગવાન શિવનું લિંગ કુદરતી રીતે જ બને છે.

અમરનાથ બાબા કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીર રાજ્યમાં બિરાજમાન છે. અમરનાથ યાત્રા બે બેઝ કેમ્પથી શરૂ થાય છે. એક બાલતાલ અને બીજું પહેલગામ - બંને શ્રીનગરથી નજીક અનંતનાગ જિલ્લામાં આવેલા છે.

**રજિસ્ટ્રેશન (અમરનાથ યાત્રા રજીસ્ટ્રેશન) :** તમારે શ્રી અમરનાથજી શ્રાઈન બોર્ડ (SASB) ની અધિકૃત વેબસાઈટ પર જઈને અથવા વિવિધ રાજ્યોમાં સ્થાપિત રજીસ્ટ્રેશન કાઉન્ટર્સની મુલાકાત લઈને યાત્રા માટે તમારી જાતનું રજિસ્ટ્રેશન કરાવવું પડશે. અમરનાથજી શ્રાઈન બોર્ડની સત્તાવાર વેબસાઈટ છે - https://jksasb.nic.in/

**મેડિકલ ચેક-અપ:** અમરનાથ યાત્રા શરૂ કરતા પહેલા, તમારે ખાતરી કરવી જોઈએ કે, તમે યાત્રા કરવા માટે શારીરિક રીતે ફિટ છો. આ માટે તમારે મેડિકલ ચેક-અપમાંથી પસાર થવું પડશે.



**રહેવાની વ્યવસ્થા :** અમરનાથ યાત્રા પર જાઓ તો તમે તંબુ, ગેસ્ટહાઉસ અને ધર્મશાળાઓ સહિત વિવિધ રોકાણ વિકલ્પો બેઝ કેમ્પ પર અને યાત્રાના રૂટમાં વિવિધ સ્થળોએ ઉપલબ્ધ છે. તમે તમારા બજેટ અને જરૂરિયાતો મુજબ શ્રેષ્ઠ વિકલ્પ પસંદ કરી શકો છો.

**મુસાફરીના રૂટઃ** તમારી સગવડના આધારે, તમે રોડ, પ્લેન કે ટ્રેન દ્વારા બેઝ કેમ્પ સુધી પહોંચી શકો છો. બેઝ કેમ્પથી, તમે ગુફા સુધી પહોંચવા માટે એક ટટ્ટુ અથવા પાલકી પણ ભાડે લઈ શકો છો, અથવા હેલિકોપ્ટરથી મુસાફરી કરી શકો છો, જે ગુફાથી 2 કિમી દૂર હેલિપેડ પર તમને ઉતારશે.

**યાત્રા ક્યારે શરૂ થશે?:** યાત્રા સામાન્ય રીતે જૂન મહિનામાં શરૂ થાય છે પરંતુ, આ વખતે તે 1લી જુલાઈથી શરૂ થઈ શકે છે અને 31મી ઓગસ્ટે સમાપ્ત થશે.

**યાત્રા સમયે સાથે જરૂરી સામાનઃ** પ્રવાસ દરમિયાન ઊંચાઈએ ટ્રેકિંગ કરવું પડે છે. ત્યાં ખૂબ જ ઠંડી હોય છે. તેથી ગરમ કપડાં સાથે લઈ જવા, આરામદાયક પગરખાં-બુટ-ચપ્પલ અને પ્રાથમિક સારવાર કીટ સહિત જરૂરી સામગ્ર સાથે રાખવી મહત્વપૂર્ણ છે.

### માર્કેટના વેપારીઓ ઉપર કોની છે મહેરબાની

## કુબેરનગર સિંધી માર્કેટમાં વેપારીઓ દ્વારા દુકાન આગળ દબાણો કરતા ટ્રાફીકજામ

ગુજરાત | વંદન




શહેરના કુબેરનગર વિસ્તારમાં આવેલા કુબેનગર સિંધી માર્કેટમા આવેલી દુકાનો પોતાની દુકાનની આગળની જગ્યા નાના વેપારીઓને ભાડે આપી દબાણ કરતાં હોવાથી ટ્રાફીક જામના દ્રશ્યો દરરોજ સવાર-સાંજ જોવા માળે છે. આ મામલે સ્થાનિક લોકોએ અવાર-નવાર રજુઆત કરવા છતાં મ્યુનિ તંત્ર અને સ્થાનિક પોલીસ કોઈ કાર્યવાહી કરવા તૈયાર નથી.

બનાવની હકીકત એવી છે કે કુબેરનગર રેલવે સ્ટેશન પાસે આવેલા કુબેનગર સિંધી માર્કેટ ચક્કા જામના કારણે ચર્ચામા રહે છે. માર્કેટમા વેપારીઓ પોતાની દુકાનની આગળ જાહેર રસ્તા ઉપર પાણી પુરી, ફુટની લારીઓ અને નના વેપારીઓને જગ્યા દરરોજ 500 રુપિયાના ભાડેથી આપતા હોઈ છે. આ માર્કેટમા ટુ વ્હીલર પણ પસાર થઈ શકતો નથી. તેવી ભીડ માર્કેટમા હોઈ છે. આ અંગે દુકાનદારને રજુઆત કરવા જઈએ ત્રાયે વેપારીઓ એક સંપ થઈ જાય છે. રજુઆત કરનાર શખ્સને સામે જ ખોટી ફરિયાદ કરાવી દેંતા હોઈ છે.

આ માર્કેટના વેપારીઓ ઉપર સ્થાનિક ધારાસભ્ય અને મ્યુનિસિપલ કોર્પોરેટરોની દયા રહેમ રહે છે. માર્કેટમા દબાણો દુર કરવા માટે સામાન્ય માણસની તાકત જ નથી. વેપારીઓ પોલીસ અને રાજકીય વગ ધરાવે છે. જ્યારે કુબેનગર વેપાર એસોસિએશન અને સ્થાનિક લોકોઓના છુટકે દુકાન બહારના લારી-ગલ્લા દબાણો દુર કરવા ઉત્તર જોન મ્યુનિ કચેરીમાં લેખિતમા અરજી કરી છે. આ અરજી બાદ મ્યુનિ તંત્ર કોઈ કાર્યવાહી કરશે કે કેમ તેની હવે આતુરતાથી રાહ જોવાઈ રહી છે.

### IPLઅને વેકેશનને કારણે મુસાફરોની સંખ્યામાં વધારો થયો

# અમદાવાદ મેટ્રોમાં મે મહિનામાં 20 લાખ મુસાફરોએ કર્યો પ્રવાસ

ગુજરાત | વંદન

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી આઈપીએલની (IPL) મેચો અને ઉનાળુ વેકેશન મેટ્રો રેલ કોર્પોરેશનને ફળ્યું છે. જેમાં શહેરના મેટ્રો રેલના બંને કોરીડોરમાં મુસાફરોની સંખ્યામાં અન્ય મહિનાની સરખામણીએ વધારો થયો છે. જેમાં મે માસમાં મુસાફરોની સંખ્યા 20 લાખને પાર પહોંચી છે. જ્યારે એપ્રિલમાં રૂ.15.66 લાખ પેસેન્જરોએ મુસાફરી કરી હતી. જ્યારે મેટ્રોની આવકની વાત કરીએ તો એપ્રિલ મહિનામાં આવક રૂપિયા 2.40 કરોડ હતી. જયારે મે મહિનામાં મેટ્રોની આવકમાં 76 લાખના વધારા સાથે 3. 16 કરોડને પાર પહોંચી છે. જેમાં એપ્રિલ અને મે મહિનામાં કુલ 35 લાખ પેસેન્જરોએ મુસાફરો વધતા આવક 5.50 કરોડ થઈ છે.

એપ્રિલની સરખામણીએ મે મહિનામાં મેટ્રોમાં મુસાફરોની સંખ્યામાં 22 ટકાનો વધારો નોંધાયો છે. મહત્ત્વનું છે કે અમદાવાદમાં આઈપીએલની કુલ 10 પૈકી રિઝર્વ ડે સાથે 6 મેચ ફકત મે મહિનામાં જ રમાઈ હોવાથી મેટ્રોમાં પેસેન્જરોમાં વધારો થયો છે જ્યારે ગુજરાત ટાઈટન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે ઈન્ડિયન પ્રીમિયર લીગ(IPL)ની ફાઈનલ હતી. ત્યારે



રવિવારે અમદાવાદ મેટ્રોમાં રેકોર્ડ 1,07,552 મુસાફરોએ પ્રવાસ કર્યો . અમદાવાદ મેટ્રોએ તેનો અત્યાર સુધીનો સૌથી વધુ સિંગલ-ડે ફૂટફોલ રેકોર્ડ કર્યો હતો.જ્યારે શહેરમાં ભારે વરસાદના કારણે મેચ સોમવાર રમાઈ હતી. નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે 2023ની IPL ક્રિકેટ મેચોએ અમદાવાદ મેટ્રોની દૈનિક મુસાફરીમાં લગભગ 80 ટકાનો વધારો કર્યો હતો.

અમદાવાદ શહેરમાં હાલ સફળતાપૂર્વક સંચાલિત મેટ્રો ટ્રેન સેવાનો વધુ વિસ્તાર કરવામાં આવી રહ્યો છે. જેમાં હાલમાં વસ્ત્રાલ ગામથી થલતેજ અને એપીએમસી વાસણાથી મોટેરા સુધી ચાલી રહેલી મેટ્રો ટ્રેન સેવા થલતેજ ગામ સુધી લંબાવવા માટે કાર્ય ચાલી રહ્યું છે. આ ઉપરાંત આ વર્ષના અંત સુધીમાં શહેરમાં ત્રણ નવા સ્ટેશનો મેટ્રો નેટવર્કમાં ઉમેરવામાં આવે તેવી શકયતા છે.

જેમાં ટ્રાફિકની દૃષ્ટિએ મહત્ત્વના કાંકરિયા અને સાબરમતી સ્ટેશનને પણ ઉમેરવામાં આવશે.

## SOGએ ડ્રગ્સ પેડલરોને પકડ્યા, મુંબઈથી ગુજરાતમાં ડ્રગ્સ ઘુસાડવાના કાવતરાનો પર્દાફાશ

ગુજરાત | વંદન

અમદાવાદમાં ડ્રગ્સનું નેટવર્ક ફેલાવનાર ડ્રગ્સ પેડલરની SOG ક્રાઈમે ધરપકડ કરી 129 ગ્રામના એમ.ડી ડ્રગ્સના જથ્થા સહિત 13 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જેલમાંથી પેરોલ જમ્પ કરીને પેડલરે ડ્રગ્સની હેરાફેરી શરૂ કરી હતી. જેને બાતમીને આધારે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે ઝડપી લીધો છે. SOGની કસ્ટડીમાં આરોપી અલ્લારખા ઉર્ફે અડડું શેખ અને શાહનવાજ ઉર્ફે કન્નુ કુરેશીને ડ્રગ્સની હેરાફેરી કરતા રંગેહાથે ઝડપાયો છે. આરોપી સીટીએમ એક્સપ્રેસ હાઈવે પર લકઝરી બસમાં એમ.ડી ડ્રગ્સનો જથ્થો લઈને આવી રહ્યો હતો, જેની સાથે અન્ય એક વ્યક્તિ પણ હાજર હતો ત્યારે SOGને બાતમી મળતા બન્ને ડ્રગ્સ પેડલરને ઝડપી પાડ્યા હતા.

આરોપી પાસેથી 129 ગ્રામ એમ.ડી ડ્રગ્સનો જથ્થો જેની કિંમત 12.95 લાખ અને અન્ય વસ્તુ સહિત કુલ 13 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ ડ્રગ્સ પેડલરો લકઝરી બસમાં મુંબઈથી અમદાવાદ ડ્રગ્સની હેરાફેરી કરતા હતા અને તેઓના મુંબઈના ડ્રગ્સ માફિયા સાથેના કનેક્શન ખુલ્યા છે. જેને SOGએ પૂછપરછ હાથ ધરી છે. આ અંગે આજે SOG ક્રાઈમ



ડીસીપી જયરાજસિંહ વાળાએ પ્રેસ કોન્ફરન્સ દ્વારા બંને પેડલરની માહિતી આપતાં જણાવ્યું કે ગુજરાતમાં ડ્રગ્સનું દુષણ બંધ થાય એ માટે ગુજરાત પોલીસ કટિબધ્ધ છે. ઉલ્લેખનીય છે કે, તેને લઈને SOGએ બાતમીને આધારે બે ડ્રગ્સ પેડલરની ધરપકડ કરીને આગળની કાર્યવાહી શરુ કરી છે. બંને જણા ક્યાં નેટવર્ક સાથે જોડાયેલાં છે એ અંગે પણ તપાસમાં માહિતી ખુલશે. પકડાયેલ ડ્રગ્સ પેડલર અલ્લારખા અને શાહનવાજની તપાસમાં તેઓ વેસ્ટ મુંબઈના કુરલા વિસ્તારમાં ડ્રગ્સ માફિયા અદનામ પાસેથી ડ્રગ્સ લાવતા હતા. અને ત્યાર બાદ ડ્રગ્સનો જથ્થો અમદાવાદના નાના પેડલરોને પડીકીમાં વેંચતા હતા. પકડાયેલ કુખ્યાત પેડલર અલ્લારખા વિરુદ્ધ 9 જેટલા ગુના નોંધાયા છે, અને પાસા પણ થઈ ચૂકી છે.

## બુલડોઝર રાજ વિરુદ્ધ અવાજ બુલંદ કરોઃ ગ્યાસુદ્દીન શેખ

ગુજરાત | વંદન

ભાવનગર ઘોઘા રોડ 14 નાળા નજીક મ્યુનિસિપિલ કોર્પોરેશનની જમીન પર હિન્દુ-મુસ્લિમ સાથે મળીને છેલ્લા 50 વર્ષથી વસવાટ કરે છે તેમને મ્યુનિસિલ કોર્પોરેશન તંત્ર દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા પૂરી પાડ્યા વિના અચાનક જ નોટિસ પાઢવતા તમામ રહીશો ગભરાઈને બેબાકળા થઈ ધરણા પર બેઠા હતા તે દરમ્યાન પોલીસે તેમની ધરપકડ કરતા 6-7 લોકોની તબિયત લથડતા તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન યુસુફભાઈ નામના વૃદ્ધનું મોત નિપજ્યું હતુ.આ દુખદ ઘટનાને પગલે ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા, પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે આ વિસ્તારની રૂબરૂ મુલાકાત લઈ મૃતકના ઘરે જઈ સંત્વના પાઠવી હતી.

### ડ્રોન સર્વેલન્સથી શંકાસ્પદ ગતિવિધિઓ પર નજર

## અમદાવાદમાં રથયાત્રાને ધ્યાનમાં લઈ પોલીસે વાહન ચેકિંગ શરૂ કર્યું

ગુજરાત | વંદન

શહેરમાં ભગવાન જગન્નાથની 146મી રથયાત્રાને લઈ પુરજોશમાં તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. 2020 બાદ ગત વર્ષે ભગવાન ભક્તો સાથે નગરચર્યાએ નીકળ્યા હતાં. તેમ આ વખતે પણ નવા રથમાં નગરના નાથ નગર ચર્યાએ નીકળશે. ત્યારે પોલીસે સુરક્ષાના ભાગરૂપે તૈયારીઓ શરૂ કરી દીધી છે. શહેરમાં પોલીસે ગાડીઓ અને બસોમાં ચેકિંગ હાથ ધર્યું છે. તે ઉપરાંત કોઈપણ શંકાસ્પદ દેખાય તો તાત્કાલિક કાર્યવાહી કરવાનો આદેશ પણ મળ્યો હોવાનું જાણવા મળ્યું છે.


આ વખતે મહિલા પોલીસે રથયાત્રાને લઈને શહેરની પોળમાં



રહેતી મહિલાઓને શંકાસ્પદ વ્યક્તિ કેવો હોય તેની ટેકનીકલ માહિતી આપીને ટ્રેનિંગ આપી હતી. પોલીસ હવે રથયાત્રામાં સુરક્ષાને લઈને વધુ એક પ્રયોગ કરી રહી છે. પોળની મહિલાઓને ટ્રેનિંગ આપીને શંકાસ્પદો સામે તરત પગલા ભરવાની પણ તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. રથયાત્રા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય અને ભક્તો ભગવાનના દર્શન કરી શકે તે માટે પોલીસે ટેકનોલોજીનો પણ સહારો લીધો છે. રથયાત્રાના બાવીસ કીલોમીટર લાંબા રૂટનું થ્રીડી મેપિંગ તૈયાર કરી શહેર પોલીસે સુરક્ષાના મામલે મહત્વની કામગીરી કરી છે. ૨૦મી જૂને નીકળનારી જગન્નાથજીની રથયાત્રાની તડામાર તૈયારીઓના ભાગરૂપે પોલીસ દ્વારા વાહન ચેકીંગ, લિકર અને હથિયારની ડ્રાઈવ શરૂ કરી ઠેર ઠેર તપાસ અને ચેકીંગ શરૂ કરી દેવામાં આવ્યું છે.

### બિલ્ડરે 25 ટકાને બદલે માત્ર 7 કરોડ આપતા વિવાદ

## શહેરના જગતપુર બ્રિજ 15 જૂન સુધી તૈયાર કરવા તંત્રને સૂચના



ગુજરાત | વંદન

વિવાદાસ્પદ જગતપુર બ્રિજને 15 જૂન સુધીમાં તૈયાર કરી દેવા માટે સ્ટેન્ડિંગ કમિટીએ અધિકારીઓને સૂચના આપી છે. લાંબા સમય સુધી બિલ્ડર અને મ્યુનિ. વચ્ચે વિવાદમાં રહેલા બ્રિજ 20 જૂનને રથયાત્રા દિવસે લોકો માટે ખુલ્લો મુકાય તેવી શક્યતા છે.


જગતપુર બ્રિજ 50 ટકા રાજ્ય સરકાર, 25 ટકા રેલવે અને 25 ટકા ખાનગી બિલ્ડરના ખર્ચે તૈયાર થવાના થયેલા એમઓયુ બાદ બિલ્ડરે બ્રિજમાં 25 ટકા રકમ આપવાનો ઈન્કાર કરી દીધો હતો. પરિણામે 25 ટકા રકમ મ્યુનિ. ને ખર્ચવી પડે તેવી શક્યતા છે. મ્યુનિ.એ ભારે દબાણ ઊભું કરતાં બિલ્ડરે 7 કરોડ જમા કરાવ્યા હતા. ખર્ચ કરતાં આ રકમ ખૂબ જ ઓછી હતી. તેમ છતાં મ્યુનિ.એ બિલ્ડર સામે કોઈ પગલાં લીધા ન હતા.

## દેશની સૌથી ફેમસ KFC રેસ્ટોરન્ટની મોટી ભૂલ, AMC ના હેલ્થ વિભાગે સીલ માર્યું

ગુજરાત | વંદન

અમદાવાદ મહાનગર પાલિકાના હેલ્થ વિભાગ દ્વારા દેશની સૌથી ફેમસ KFC રેસ્ટોરન્ટ સીલ કરવામાં આવી છે. KFCમાં અપાતા પાણીમાં કોલીફોર્મ તથા ફિકલ ઈકોલાઈ બેક્ટેરીયાનું પ્રમાણ વધારે માત્રામાં આવતા પાણીનું સેમ્પલ અનફિટ આવેલ છે. જે અંતર્ગત એએમસી ઉત્તર પશ્ચિમ ઝોન આરોગ્ય વિભાગ દ્વારા KFC રેસ્ટોરન્ટ સીલ કરી દેવામાં આવી છે. આ ફરિયાદ એએમસી CCRS એપના માધ્યમથી મળી હતી. અને એએસમી દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જાહેર જનતાના પ્રશ્નોના નિવારણ માટે ઓનલાઈન વ્યાપક ફરિયાદ નિવારણ સિસ્ટમ




નામની એપ તૈયાર કરવામાં આવેલ છે. જાહેર જનતા દ્વારા કરવામાં આવેલ ફરિયાદોનું કોર્પોરેશનના જે તે ખાતા દ્વારા કામગીરી કરી નિવારણ કરવામાં આવે છે. વધુમાં એએમસીનાં ઉત્તર પશ્ચિમ ઝોનનાં બોડકદેવ વોર્ડમાં એપ પર બોડકદેવ વોર્ડમાં આવેલા આલ્ફા મોલના KFC રેસ્ટોરન્ટની ખરાબ પાણી અને ફૂડની ફરિયાદ મળતા તા.29.05.2023નાં રોજ ઉત્તર પશ્ચિમ ઝોનનાં હેલ્થ તેમજ ફૂડ વિભાગનાં સ્ટાફ દ્વારા પાણી તેમજ ફુડનું સેમ્પલ લેવામાં આવ્યા હતા.

જોકે પાણીનું સેમ્પલ અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશનની સેન્ટ્રલ લેબોરેટરી ખાતે ચેકિંગ અર્થે મોકલતા પાણીમાં કોલીફોર્મ તથા ફિકલ ઈકોલાઈ બેક્ટેરીયાનું પ્રમાણ વધારે માત્રામાં આવતા પાણીનું સેમ્પલ અનફિટ આવ્યું હતું. જેના પગલે જાહેર જનતાનાં આરોગ્યના હિતમાં આજે ઉત્તર પશ્ચિમ ઝોનનાં હેલ્થ વિભાગ દ્વારા KFCનાં આલ્ફા વન મોલ, ખાતેના આઉટલેટને સીલ મારવાની કામગીરી કરવામાં આવી હતી.

## તસ્વીર સમાચાર

(તસ્વીરો- મૌર્ય ભાગ્યવાન)



**દિલ્હીનો પડઘો:** દિલ્હીમાં જંતર-મંતર ખાતે મહિલા પહેલવાનોએ એક મહિના સુધી ન્યાય માટે ધરણા પ્રદર્શન કર્યા. અમદાવાદમાં પણ તેના ટેકામાં વિપક્ષ કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું ત્યારે પ્રદર્શનકારીઓને ટીંગાટોળી કરીને લઈ જવામાં આવ્યાં હતા.



**ચોમાસા પહેલા ભુવાઃ** શહેરના દ્વારે ચોમાસુ ટકોરા મારી રહ્યું છે અને ચોમાસામાં ઠેર-ઠેર રસ્તાઓ બેસી જતા ભુવા પડવાની ઘટનાઓ ઘટે તે પહેલા નદી પારના વિસ્તાર વાળીનાથ ચોક ખાતે રસ્તા પર ભુવો પડ્યો છે.



**ચલો કોલેજ ચલે હમઃ** ધો. 10-12ની પરીક્ષાના પરિણામો આવી ગયા, પરિણામના પગલે કહી ખુશી કહી ગમના દ્રશ્યોની સાથે ધો. 12માં મેરીટમાં પાસ થયેલી દીકરીઓએ ઊંચે આકાશ કો છુનેકી તમન્ના..ની જેમ કુદકો માર્યો અને જાણે કે કહી રહી હોય ચલો કોલેજ ચલે હમ...



**તરસ્યાને જળઃ** શહેરમાં આમ તો ઉનાળુ વિદાયમાન છે તેમ છતા ગરમી હજુ પડી રહી છે ત્યારે માટલાઓને ઠંડી રેતીમાં મૂકી ઠંડુ પાણી પીવડાવી પુણ્ય કમાવવાનું માનવીય સદ્કાર્ય વાસણા બસ સ્ટેન્ડ પાસે ચાલી રહ્યું છે.

### અટલ બ્રિજ બાદ સહેલાણીઓને આકર્ષિત કરવા માટે હવે વધુ એક પ્રયાસ

# અમદાવાદીઓ તૈયાર થઈ જાઓ, આ મહિને શરૂ થઈ શકે છે ક્રુઝ કમ ફ્લોટિંગ રેસ્ટોરન્ટ

**આગામી દિવસોમાં સરદાર બ્રિજ અને અટલ બ્રિજ વચ્ચે નદીમાં જેટી પણ તૈયાર કરવામાં આવશે**

ગુજરાત | વંદન

સાબરમતી રિવરફ્રન્ટ પર અટલ બ્રિજ બાદ હવે સહેલાણીઓને આકર્ષિત કરવા માટે વધુ એક આકર્ષણ ઉમેરવા જઈ રહ્યો છે. ટુંક સમયમાં જ ક્રુઝ કમ ફ્લોટિંગ રેસ્ટોરન્ટ રિવરફ્રન્ટની શાન બનશે. નદીમાં ક્રુઝ બોટમાં ઈન્ટિરિયર ડિઝાઈનનું કામ પણ પ્રગતિમાં છે. એક અંદાજ પ્રમાણે જૂન મહિનામાં આ ક્રુઝની મજા સહેલાણીઓ માણી શકશે.

અમદાવાદની ઓળખ એટલે રિવરફ્રન્ટ અને હવે રિવરફ્રન્ટની શાન બનશે ક્રુઝ કમ ફ્લોટિંગ રેસ્ટોરન્ટ. સાબરમતી રિવરફ્રન્ટ ખાતે નદીમાં ક્રુઝ કમ



ફ્લોટિંગ રેસ્ટોરન્ટ શરૂ થશે. હવે અમદાવાદીઓ રિવરફ્રન્ટ પર ફ્લોટિંગ રેસ્ટોરન્ટ અને મ્યુઝિકની મજા માણી શકશે. વાસણા બેરેજ ખાતે વિશાળ ક્રૂઝ બનીને તૈયાર છે.હાલ સાબરમતી નદીમાં ક્રૂઝ ફ્લોટિંગ રેસ્ટોરન્ટની ટ્રાયલ લેવાઈ રહી છે. ક્રુઝ કમ ફ્લોટિંગ રેસ્ટોરેન્ટની વાત કરીએ તો તે બે માળની હશે. જેમાં પ્રથમ માળ AC કેબિન અને બીજો માળ ઓપન સ્પેશ રહેશે.આ ક્રુઝમાં એકસાથે 150 લોકો સવારી કરી શકશે. જ્યાં મનોરંજની સુવિધા જેમાં લાઈવ શો, મ્યુઝિક પાર્ટી હશે. એટલું જ ક્રુઝમાં સહેલાણીઓ બર્થ ડે પાર્ટી, ઓફિસ મિટિંગ કે અન્ય ફંક્શન પણ કરી શકશે.

ક્રુઝને સરદાર બ્રિજથી ગાંધી બ્રિજ એક રાઉન્ડ માટે દોઢ કલાક સમય જશે.

જેના માટે આગામી દિવસોમાં સરદાર બ્રિજ અને અટલ બ્રિજ વચ્ચે નદીમાં જેટી પણ તૈયાર કરવામાં આવશે. જ્યાંથી લોકો ક્રુઝમાં બેસી શકશે.જેનું કામ અક્ષર ટ્રાવેલ્સને સોંપવામાં આવ્યું છે. જેનો અંદાજ છે કે ક્રુઝના અંદાજે 10 કરોડ જેટલો ખર્ચ થશે. ક્રુઝ ચલાવવા કંપની રિવરફ્રન્ટને વર્ષે 45 લાખ આપશે. જોકે ક્રુઝની ટિકિટનો દર અક્ષર ટ્રાવેલ્સ નક્કી કરશે.


સંપાદકીય
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

સાપ્તાહિક ગુજરાત વંદન સંપાદકીય....

# રાજકારણમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો પ્રવેશ ખતરનાક અને બેધારી તલવાર છે, વારની સામે પ્રતિવાર પણ થશે તો..?


વિશ્વમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(એઆઇ)ની બોલબાલા છે. ચેટજીપીટી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રે છેલ્લાં છથયેલી આવૃતિ માનવમાં આવે છે. જો કે આ ક્ષેત્રે સતત સંશોધનને કારણે હજુ નવા નવા ફિચર્સ સાથેના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઉપકરણો આવી શકે તેમ છે. જ્યારે કોઈ શોધ થાય છે ત્યારે સામાન્ય રીતે માનવ કલ્યાણ માટે પ્રથમ અગ્રતા હોય છે. જો કે તેનો દુરૂપયોગ પણ થતો આવ્યો છે.

દેશના રાજકારણમાં સોશ્યલ મિડિયા સક્રિય છે. ખાસ કરીને ચૂંટણીઓ વખતે તેમાં સત્યથી વેગળા સમાચારો અને ગેરમાહિતીની પોસ્ટ મૂકાય છે. વાત ત્યાં સુધી હતી તે તે નિયંત્રણમાં મનાતી હતી. અલબત તે પણ યોગ્ય તો નથી જ. પણ હવે તેમાં ખતરનાક રીતે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પરિબળનો ઉપોયગ નહીં પણ દૂરૂપયોગ શરૂ થયો છે અને છેલ્લાં એક મહિનાથી દિલ્હીમાં ધરણાં કરી રહેલી મહિલા પહેલવાનોને પોલીસવેનમાં લઇ જતી વખતે તેમની એક સેલ્ફીની સાથે વિશ્વમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેકનિકથી તેમના ઉદાસ ચહેરાઓને હસ્તા બતાવીને તેમને એ રીતે બદનામ કરવામાં આવ્યાં કે ધરણાં કરીને જાણે કે તેઓ ખુશખુશાલ છે અને તેઓ જાણીજોઇને સરકારને બદનામ કરવા માટે ધરણાં કરી રહી છે.,...



આવુ પહેલીવાર થયું છે અને ચોક્કસ ટીવી માધ્યમોએ તેનો ખૂબ કવરેજ કરીને મહિલા પહેલવાનોને બદનામ કરી નાંખી છે. જેમને આ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેકનિકની જાણ નથી તેવા કરોડો લોકોએ તો એમ જ માની લીધુ હશે કે મહિલા પહેલવાનો ધતિંગવેડા કરી રહી છે અને જેમની સામે આરોપ મૂક્યો છે એ ભાજપના સાંસદ તથા ભારતીય કિસ્તી સંઘના અધ્યક્ષ બ્રિજભૂષણ શરણસિંહ નિર્દોષ છે....!

રાજકારણમાં નિર્દોષ હરિફાઈને બદલે કટ્ટરવાદનું દૂષણ પ્રવેશી ગયું છે.એકબીજાને વેરઝેરથી જોવામાં આવે છે. જાહેરમાં એકબીજાને મર્યાદા ભૂલીને સીધા ચારિત્ર્ય પર હુમલાઓ થઇ રહ્યાં છે. સોશ્યલ મિડિયામાં ફેક ન્યૂઝની સાથે હવે ફેક ફેસ એટલે કે બનાવટી ચહેરાનો પ્રવેશ થયો છે તે ખૂબ જ ભયાનક અને ખતરનાક છે. તેનો ઉપયોગ બેધારી તલવાર સમાન છે. જેમ મહિલા પહેોલવાનોના ચહેરાને દૂષિત કરવામાં આવ્યાં તેમ જેમણે આ કર્યુ તેમના નેતાઓના ચહેરાની સાથે પણ એવી કૂચેષ્ટા નહીં થાય એમ માની લેવુ ભૂલભરેલું હશે.



મહિલા પહેલવાનોએ પોતાની સાથે ભાજપના સાંસદ દ્વારા યૌન શોષણની પોલીસ ફરિયાદ અને તેમાં પોકસોની કલમ પણ છે તેમ છતાં તેમની હજુ સુધી ધરપકડ કેમ નથી થતી તેની ચર્ચા કરતાં પણ કેટલાક ટીવી માધ્યમોને બીક લાગે છે.

અલબત એ તેમનો વિષય છે કે કયા મુદ્દે ટીવી ડિબેટ કરવી કે ન કરવી. પરંતુ હવે વિશ્વમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(એઆઇ)ની બોલબાલા છે. ચેટજીપીટી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રે છેલ્લાંમાં છેલ્લી આવૃતિ માનવમાં આવે છે. જો કે આ ક્ષેત્રે સતત સંશોધનને કારણે હજુ નવા નવા ફિચર્સ સાથેના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઉપકરણો આવી શકે તેમ છે. જ્યારે કોઈ શોધ થાય છે ત્યારે સામાન્ય રીતે માનવ કલ્યાણ માટે પ્રથમ અગ્રતા હોય છે. જો કે તેનો દુરૂપયોગ પણ થતો આવ્યો છે.

દેશના રાજકારણમાં હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(એઆઇ)ની એન્ટ્રીથી સામસામે વેરઝેર વધારે ખતરનાક બની શકે તેમ છે. ખાસ કરીને સોશ્યલ મિડિયામાં જે રીતે પહેલવાનોની તસ્વીરો સાથે છેડછાડ કરવામાં આવી છે તે પહેલી અને છેલ્લી બની રહેવી જોઇએ.

ભાજપ પિડીત નિતિશકુમારે ચાણક્યની જેમ લીધી છે પ્રતિજ્ઞા- ઉખાડ ફેંકુગા...ચુનાવ કો આને દો...

# તા.12 જૂન, મુકામ પોસ્ટ-પટણા, વિપક્ષો કરશે ચિંતન-કઇ રીતે જીતીશું 2024માં..?!

## રાહુલની આગેવાનીમાં એક થશે વિપક્ષ, 543 બેઠકોનું કરશે આકલન-કોણ કેટલી બેઠકો છોડશે...!

સાપ્તાહિક ગુજરાત વંદન

દેશના રાજકારણમાં જેમને ભાજપપિડિત માનવામાં આવે છે એ બિહારના સુશાસનબાબુ નિતિશકુમારે ચાણક્યની જેમ પ્રણ કર્યો છે- ભાજપને ઉખાડી ફેંકીશું...! પોતાના રાજ્યની ચિંતા છોડીને તેઓ ભારત ભ્રમણ પર નિકળ્યા છે. અલબત તેમની પ્રતિજ્ઞામાં કાંઇ એવુ નથી કે જ્યાં સુધી ભાજપને ઉખાડી નહીં ફેંકૂ ત્યાં સુધી બિહાર પરત નહીં આવુ...!

એક સમયે કોંગ્રેસના વિરોધી એવા નિતિશકુમારે મિશન "ભાજપઉખાડ" માટે ગીલે સિકવે ભૂલીને કોંગ્રેસના રાહુલ ગાંધીને મળ્યા અને ભાજપને સત્તાથી દૂર કરવા મથી રહેલાં પ્રાદેશિક પક્ષોના આગેવાનોને પણ મળ્યા અને હવે એ તમામ ભાજપવિરોધી લાઇક માઇન્ડેડ પક્ષોને પોતાના રાજ્યની રાજધાની પટણા નિમંત્યા છે-આવો... આપણે સૌ સાથે મળીને એક થઇએ, એક મત પર આવીએ અને 2024ની લોકસભા ચૂંટણીમાં ભાજપને કઇ રીતે પરાજિત કરી શકાય તેના પર ચર્ચા કરીએ,...ડિનર કરીએ...અને સમાન મુદ્દા આધારિત સંયુકત નિવેદન પાર પાડીએ-ભાજપ...હમ આ રહે હૈ... સાવધાન...!?

બિહારની રાજધાની પટનામાં 12 જૂને વિરોધ પક્ષોની આ એક મોટી બેઠક યોજાવા જઈ રહી છે. આ બેઠકના એજન્ડા વિશે માહિતી આપવામાં આવી નથી પરંતુ આવી બેઠકનો એજન્ડા છુપો હોતો નથી. એજન્ડા એક જ છે કે આનવારી ચૂંટણીમાં મોટા ભાગના વિરોધપક્ષો એક થઇને કેસરિયા પાર્ટીની સામે બાંયો ચડાવીને લડે અને મજબૂત બનીને બહાર આવે.

રાજકીય રીતે જોઇએ તો,. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર આગામી લોકસભા ચૂંટણી પહેલા તમામ સમાન વિચારધારા ધરાવતા વિપક્ષી દળોને સાથે લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. ભૂતકાળમાં, તેમણે કોંગ્રેસ વિરુદ્ધ આક્રમક વલણ અપનાવ્યું હતું, પણ બિહારમાં ભાજપે કદાજ તેમને તેમની સાથે સરકારમાં રહીને એટલા પરેશાન કર્યા હશે કે તેમણે કોંગ્રેસની સાથે પણ પંજો મિલાવ્યો છે..ઉપરાંત કોંગ્રેસને જ્યાં ને ત્યાં હરાવનાર દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનર્જી અને સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવને મળ્યા.

ભારત ભ્રમણ રાજકીય યાત્રામાં સીએમ નીતિશ ગયા સોમવારે દિલ્હી આવ્યા અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધી સાથે મુલાકાત કરી. આ બેઠકમાં વિપક્ષી એકતાના પ્રયાસોને વધુ તેજ બનાવવા અને તેની આગળની રૂપરેખા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

આ દરમિયાન એવી જાહેરાત પણ કરવામાં આવી હતી કે ટૂંક સમયમાં જ વિપક્ષી પાર્ટીઓની એક મોટી બેઠકનું આયોજન કરવામાં આવશે, જેની તારીખ અને સ્થળ એક-બે દિવસમાં નક્કી કરવામાં આવશે. અને હવે એ તારીખ જાહેર થઇ છે એટલે 12મી જૂને બિહાર મિડિયામાં ફોક્સમાં હશે.

નીતિશ કુમાર રાષ્ટ્રીય સ્તરે સમગ્ર વિપક્ષને ભાજપની વિરુદ્ધ એકત્ર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. અત્યાર સુધીમાં તેમણે વિવિધ પક્ષોના સંખ્યાબંધ અગ્રણી વિપક્ષી નેતાઓ સાથે મુલાકાત અને વાતચીત કરી છે. નીતિશ કુમાર તેમના હકારાત્મક જવાબથી ચોક્કસપણે ખુશ છે. પરંતુ, રાજકીય રીતે જોઇએ તો, એ ઇશ્ક નહીં આસાન...આગ કા દરિયા હૈ ઔર તૈર કે જાના હૈ...ની જેમ હજુ પણ આ યાત્રા સરળ નથી. વિપક્ષી એકતાની બેઠકમાં કોને આમંત્રણ આપવામાં આવશે, કોણ આવશે, જેઓ નહીં આવે તેનું શું વલણ હશે? જો મીટીંગ થાય તો કયા મુદ્દે સહમતિ થશે? આ એવા કેટલાક પ્રશ્નો છે જે હજુ ભાવિના ગર્ભમાં છે.

તેના જવાબ વિના, વિપક્ષી એકતા વિશે વાત કરવી પણ અર્થહીન હશે કારણ કે કોંગ્રેસ સિવાય પ્રાદેશિક પક્ષોની વિપક્ષી એકતા અંગેની પોતાની મર્યાદા અને શરતો છે. કોંગ્રેસે ભાજપ સામે શક્તિ પ્રદર્શન માટે કર્ણાટકના મુખ્યમંત્રીની રાજ્યાભિષેક માટે 19 પક્ષોના નેતાઓને આમંત્રણ આપ્યું હતું.

## બેઠકોની વહેંચણીમાં રસાકસી..?

વિપક્ષી એકતા માટે પ્રાદેશિક પક્ષો કેટલું બલિદાન આપશે. કોંગ્રેસ ઘણી ઉદારતા બતાવે છે. વિપક્ષી એકતા અંગે આ એક મહત્વપૂર્ણ પ્રશ્ન હશે. ઘણા રાજ્યોમાં કોંગ્રેસની સીધી ટક્કર ભાજપ સાથે છે. ત્યાં પ્રાદેશિક પક્ષોનો પત્તો પણ નથી.

આવા રાજ્યોમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, કર્ણાટક, હિમાચલ પ્રદેશ, ગુજરાત જેવા મોટા રાજ્યોનો સમાવેશ થાય છે. આમાંથી ચાર રાજ્યોમાં કોંગ્રેસની સરકાર છે. જેમાં હિમાચલ પ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ અને કર્ણાટકનો સમાવેશ થાય છે. દિલ્હી અને પંજાબમાં અરવિંદ કેજરીવાલની પાર્ટીની સરકાર છે. અન્ય તમામ રાજકીય પક્ષો દરેક એક રાજ્યનો પક્ષ છે. બિહારમાં નીતિશ કુમારની જેડીયુ હોય, લાલુ પ્રસાદની આરજેડી હોય, મમતા બેનર્જીની તૃણમૂલ કોંગ્રેસ હોય કે મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેની પાર્ટી હોય. ઉત્તર પ્રદેશમાં અખિલેશ યાદવની સમાજવાદી પાર્ટી, માયાવતીની બહુજન સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ સીધો ભાજપ સાથે ટકરાશે.





બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પોતે હાજર રહેવાને બદલે પોતાનો પ્રતિનિધિ મોકલ્યો. જ્યારે દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ અને બસપા નેતા માયાવતીને આમંત્રણ મોકલવામાં આવ્યું નથી.

જો કે કેજરીવાલ કોંગ્રેસના મતોમાં ગાબડા પાડી ભાજપને જીતાડવામાં મદદ કરીને આપ પાર્ટી એટલે ભાજપની બી ટીમ એવી છાપ મેળવનાર કેજરીવાલ પોતાના વિશ્વાસુ અને નાયબ સીએમ મનિષ સિસોદિયાનો જેલવાસ અને તેની સાથેનો વ્યવહાર તથા તેમને પોતાને પણ સીબીઆઇ દ્વારા બોલાવીને પૂછપરછ અને ગમે ત્યારે ધરપકડની લટકતી તલવારને લઈને ભાજપથી ખફા થયા છે.

ખાસ કરીને સુપ્રિમ કોર્ટ દ્વારા અધિકારીઓની બદલીની સત્તા ચૂંટાયેલી સરકારને જ હોવી જોઇએ એવો આપેલ ચુકાદાથી ખુશ ખુશ કેજરીવાલનું હાસ્ય લાંબુ ના ટક્યું અને કેન્દ્ર સરકારે વટહુકમ બહાર પાડીને સુપ્રિમનો ચુકાદો ઉલટાવી નાંખતા કેજરીવાલ સમસમી ગયા હશે અને ભાજપને હરાવવા હવે કોંગ્રેસની માફી માંગીને પણ વિપક્ષી એકતામાં જોડાવવા હાથ ઉંચો કર્યો છે.

નીતિશ કુમારની પહેલ પર કોંગ્રેસ સાથેની બેઠકમાં ક્યા પક્ષો ભાગ લેશે, તે તો બેઠકના દિવસે જ જોવા મળશે. પરંતુ, નીતિશ કુમાર તેમના પ્રચારમાં વ્યસ્ત છે. આ અંગે તેઓ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી ઉપરાંત AAP, NCP, શિવસેના, SP અને તૃણમૂલના નેતાઓને મળ્યા છે. ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયક સિવાય કોઈ નેતાએ નીતિશ કુમારના આ પ્રયાસ પર નકારાત્મક ટિપ્પણી કરી નથી.

તાજેતરમાં પૂર્ણ થયેલી કર્ણાટક ચૂંટણીમાં સરકાર બનાવ્યા બાદ કોંગ્રેસ પણ રાહત અનુભવી રહી છે. કર્ણાટકથી પરત ફર્યા બાદ નીતિશ કુમારે ફરી એકવાર દિલ્હીમાં વિપક્ષી એકતાના અભિયાનને લઈને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધી સિવાય દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સાથે મુલાકાત કરી છે. આ બેઠકથી એવી આશા જાગી છે કે આ ભાજપ વિરોધી નેતાઓ સાથે બેસીને સંમત થયા છે. મુકામ પોસ્ટ પટનાની બેઠક પર ભાજપની પણ નજર હોય તે સ્વાભાવિક છે.

ધર્મ

# વડ સાવિત્રી વ્રતની પૂજા પદ્ધતિ અને આ છે કથાનો મહિમા...



હિંદુ ધર્મ અને સંસ્કૃતિમાં વટ સાવિત્રી વ્રતનો અનેરો મહિમા છે. પતિના લાંબા આયુષ્ય માટે સૌભાગ્યવતી સ્ત્રીઓ આ વ્રત કરતી હોય છે. આજે વટ સાવિત્રી વ્રતનો પ્રારંભ થઇ રહ્યો છે. ભારતમાં દરેક પ્રાંતમાં અલગ-અલગ ભાતીગળ રીતરિવાજ મુજબ આ વ્રત થાય છે. હિંદુ માન્યતાઓ અનુસાર, મહિલાઓ તેમના પતિના લાંબા આયુષ્ય અને અખંડ સૌભાગ્ય માટે વટ સાવિત્રી વ્રતનું પાલન કરે છે. હિંદુ કેલેન્ડર મુજબ, વડ સાવિત્રી વ્રત જ્યેષ્ઠ મહિનાની અમાવાસ્યાના દિવસે મનાવવામાં આવે છે. આ દિવસે પરિણીત મહિલાઓ વટવૃક્ષની પૂજા કરે છે. આ વ્રતમાં વડનું પૂજન કરવામાં આવે છે. શાસ્ત્રોમાં એવી માન્યતા છે કે વડના મૂળમાં બ્રહ્માજીનો વાસ, થડમાં વિષ્ણુનો વાસ, જ્યારે થડના ઉપરના ભાગમાં શંકરનો વાસ હોય છે. વડની પૂજા કરવા માટે ધૂપ, અબીલ, ફળ-ફૂલ,જળ અર્પણ તેમજ દીપ પ્રાગટ્ય કરવામાં આવે છે. વડની ફરતે સુતરની આંટી લપેટવામાં આવે છે. આ વર્ષે વિક્રમ સંવંત 2079માં જેઠ સુદ તેરસ અને તારીખ 2 જૂનથી વ્રત શરૂ થાય છે અને 4 જૂને વ્રતની સમાપ્તિ થશે.

હિંદુ ધર્મ અને સંસ્કૃતિમાં આ વ્રતનો અનેરો મહિમા છે. આ વ્રત પાછળની કથા મુજબ સાવિત્રીએ પોતાના પતિને જીવન માટે યમરાજા સાથે વાદવિવાદ કર્યો. અંતે યમરાજ પ્રસન્ન થાત વરદાનમાં પોતાના પતિના પ્રાણ યમરાજા પાસે માંગ્યા. યમરાજાએ પ્રસન્ન થઈને આ દિવસે વ્રત કરનાર સ્ત્રીઓને અખંડ સૌભાગ્યનું વરદાન આપ્યું. ભારતમાં દરેક પ્રાંતમાં અલગ-અલગ ભાતીગળ રીતરિવાજ મુજબ આ વ્રત થાય છે. ભલે પૂજા પદ્ધતિ અલગ-અલગ હોય પરંતુ તેના મૂળમાં શ્રદ્ધા અને પ્રેમ જ છે.

આ વ્રતમાં વડ વૃક્ષને ઘણું મહત્વ આપવામાં આવ્યું છે. તેથી વડ સાવિત્રીના વ્રતના દિવસે મહિલાઓ વડના ઝાડની પરિક્રમા કરે છે અને 108 વખત કાચું સૂતર વીંટે છે. આ પછી બધી મહિલાઓ એકસાથે બેસીને સાવિત્રીની કથા સાંભળે છે. કથા સાંભળીને પણ બધી ઈચ્છાઓ પૂર્ણ થાય છે અને પતિની મુશ્કેલીઓ દૂર થાય છે.

પુસ્તક પરિચય
▪ રિપલકુમાર પરીખ

# જીવનનાં દરેક ક્ષેત્રને ઉજાગર કરતાં પ્રસંગો: હેપી લાઈફ

સાપ્તાહિક ગુજરાત વંદન

'આશા જ માણસની પ્રગતિની નિશાની છે. આશા એ માણસનું જીવન છે, એક અણમોલ શક્તિ છે. એક વૃદ્ધ આંબો રોપે છે, તેની માવજત કરે છે. રોજ પાણી પાય છે. ખાતર નાંખે છે. કઈ આશાએ? મારાં બાળકો કાલે અમૃતફળ ખાશે. બાળકોનાં બાળકો મીઠાં મજાનાં આમ્રફળ ખાશે અને દાદાને યાદ કરશે. સર્વકાર્યનું મૂળ છે આશા. આશા એ જ હૃદયનો આનંદ, હૃદયનો ઉલ્લાસ! આશા એ જીવનમાં આગળ વધવાનો મંત્ર! આશાવાદી દરેક મુશ્કેલીમાં અવસર જુએ છે, નિરાશાવાદી દરેક અવસરમાં મુશ્કેલી જુએ છે.'

- બિન્દુબહેન કચરા.

જીવનમાં ખુશ રહેવું કોને ન ગમે? બધાં ને... ખરું ને...! પરંતુ શું આપણે ખરેખર ખુશ રહી શકીએ છીએ? કોઈ એક દુઃખદ ઘટના મનને વ્યથિત કરી જાય, ત્યારે કેવી રીતે ખુશ રહી શકાય? સુખ અને દુઃખ તો જીવનનો જ એક ભાગ છે. એ દુઃખદ ઘટના આપણાં મન પર થોડાં સમય માટે અસર કરી જાય છે, પરંતુ સદાકાળ આપણને દુઃખ નથી મળતું હોતું. આશા, વિશ્વાસ અને ખુશીઓથી ભરેલાં આપણાં જીવનને આપણે કેવું બનાવવું છે? તે આપણાં પોતાનાં પર આધાર રાખે છે. ઘોર અંધકારમાં પણ દૂર એક દીવો બળી રહ્યો છે, તેનાં સુધી પહોંચવા માટે આપણે જાતે જ તે અંધારાંને ચીરીને આગળ વધવાનું છે. જીવનનાં દરેક ક્ષેત્રમાં આપણને હકારાત્મક વિચારોની દોરવણી આપતું એક નોખું-અનોખું પુસ્તક એટલે બિન્દુબહેન કચરા દ્વારા લિખિત 'હેપી લાઈફ.'

લેખિકા શ્રીમતી બિન્દુબહેન પોતાનાં મનની વાત કરતાં લખે છે,'હતાશ-નિરાશ થયેલાં સ્ત્રી-પુરુષો, યુવાનો-યુવતી, બાળકોને પ્રગતિના પંથે પ્રયાણ કરાવનાર પ્રસંગોનો ખજાનો એટલે 'હેપી લાઈફ.' જીવનમાં જે કંઈ જાણ્યું-માણ્યું એનું સ્મરણ કરવું. તેને શબ્દસ્થ કરવું એ પણ એક લ્હાવો છે. સંસ્કૃતિ ને સંસ્કારીતા અર્પતા શબ્દોની સુગંધ ભરવાનો મેં આ પુસ્તકમાં પ્રયાસ કર્યો છે. મૌલિક વિચારો, લખાણ, શૈલી અને જીવનમાંથી પ્રાપ્ત થયેલી ઘટનાઓને પ્રેરક પ્રસંગોમાં ગૂંથી લેવા પ્રયત્ન કર્યો છે. ક્યારેક દ્વિધા થાય છે કે સાચાં અને સારાં મૂલ્યો ક્યાં અને ખરાબ મૂલ્યો ક્યાં? એ સમસ્યાઓનું સમાધાન મારા આ પુસ્તકમાં છે. બોધકથા અને વ્યક્ત થતી શીખ સૌને વ્યવહારુ બનતાં શીખવશે. મારું દરેક પુસ્તક પ્રત્યેક વ્યક્તિને ઊંડા અંધારેથી જ્ઞાનરૂપી પ્રકાશ તરફ લઈ જવા માર્ગદર્શક બની રહેશે. સદ્વાંચનના ચિંતનરૂપે પ્રગટ દરેક લેખ પરસ્પરનાં સદ્ભાવ, માનવતા શીલ, ચારિત્ર્યનિર્માણ કરી સમાજ અને રાષ્ટ્રને નવી દિશા ચીંધશે.'

લેખિકા શ્રીમતી બિન્દુબહેન કચરા, નિવૃત્ત શિક્ષકા તથા આચાર્ય છે. નાનપણથી જ સાહિત્યમાં રસ ધરાવતાં બિન્દુબહેને અનેક સાહિત્યની સ્પર્ધાઓમાં ભાગ લીધો છે અને અનેક પુરસ્કારો પણ પ્રાપ્ત કર્યા છે. તેમને ભાસ્કર વુમન ઑફ ધ યર એવોર્ડ ઉપરાંત રાષ્ટ્રીય કલાકેન્દ્ર, સુરત દ્વારા શ્રેષ્ઠ નવોદિત સાહિત્યકારનો એવોર્ડ પણ મળ્યો છે. તેઓશ્રી દૂરદર્શન ઉપરાંત સ્થાનિક ચેનલો ઉપર વિવિધ ટોક શોમાં પણ હાજરી આપે છે. છેલ્લાં સત્તર વર્ષથી ગુજરાતમિત્ર વર્તમાનપત્રમાં 'સન્નારી' પૂર્તિમાં દર શનિવારે તેમની કૉલમ નિયમિત રૂપે પ્રકાશિત થાય છે. વાંચવું-વિચારવું અને મંથન કરીને એ નવનીતને અક્ષરદેહ દ્વારા આપણી સમક્ષ મુકવાનું ભગીરથ કાર્ય કરતાં લેખિકા શ્રીમતી બિન્દુબહેનનું આ પુસ્તક આપણને જીવનમાં ખુશીઓની પ્રાપ્તિનાં રાહ પર દોરી જાય છે. ત્રેવીસ ટૂંકા અને ઉત્તમ પ્રકરણો વાંચીને આપણે ચોક્કસ તેમનાં બીજાં પુસ્તકો પણ વાંચવાં માટે પ્રેરાઈએ છીએ. સરળ ભાષામાં લખાયેલું આ ઉત્તમ પુસ્તક આપણી જિંદગીની બધી જ તકલીફોનો સરળ રસ્તો બતાવી જાય છે.

સુવર્ણરજ

'જિંદગી એ સરવાળે તો આપણી પસંદગીઓનું જ પરિણામ હોય છે! ઘણી વખત તો જિંદગી આપણને એવા મોડ પર લાવીને મૂકી દે છે કે આપણી પાસે પસંદગીનો પણ અવકાશ રહેતો નથી! ઘણું બધું સ્વીકારવું પડતું હોય છે. જિંદગી જીવવાની કલાનો ભોમિયો વેચાતો નથી મળતો, જિંદગીની કેડી માણસે જાતે જ કંડારવાની હોય છે. શું પકડી રાખવું અને શું છોડી દેવું એની સમજ જ જિંદગીને જીવવા જેવી બનાવે છે. જે મળ્યું છે તેને માણવાથી સુખ, શાંતિ અને આરામ મળે છે.'




રસદર્શન

# તમારો ઉત્સાહ તીવ્ર હશે તો સફળતા ચોક્કસ મળશે જ!

સાપ્તાહિક ગુજરાત વંદન

ભીડ્યા હો શક્યતાના ભલે દ્વાર ચસોચસ
હું તો હવા છું, મારે તો તિરાડ બસ હતી.
વિવેક મનહર ટેલર

જે જીવનમાં ઉત્સાહ છે અને ત્યાં સફળતાની સંભાવના છે જ! સવાલ એ છે કે કેવી રીતે પ્રગટ કરવું? ઉત્સાહ વિના, તમે તમારા આગામી સંકલ્પ, તમારા ધ્યેય અને તમારી આગામી પરિકલ્પનાઓમાં કેવી રીતે સફળ થશો? ઉત્સાહનો ઉછાળો કાયમ માટે ખૂબ ઓછા લોકો તેમના ગળા પર લટકાવવા માટે તૈયાર હોય છે. આરંભે શુરા.... અને જો શક્યતા ન દેખાય તો ઉત્સાહને પડતો મૂકી દેવાનો!

મોટાભાગના, તેના સ્વયંના બદલે કોઈ બીજાની સલામતીના આશ્રયમાં સુરક્ષિત રીતે રહેવાનું પસંદ કરે છે.

દરેક સમયે ઉત્સાહ સાથે જ તમારી સફળતાની સંભાવના વધુ તીવ્ર છે.

એક નાની પણ શક્યતા હશે, પરંતુ તમારો ઉત્સાહ તીવ્ર હશે તો સફળતા ચોક્કસ મળશે! તમારી પાસે કાં તો તે છે અથવા તમારી પાસે નથી.




તમે કોઈ બીજાની રાહ જોઈને અથવા બારણું ઉઘડવાની રાહ જોઈને આરામ કરી રહ્યાં છો, જે ખૂબ ગંભીર છે અને ઘણીવાર તમે જેને અનુસરો છો તેનાથી ઉત્તેજનાની ઉત્કટતા ગુમાવી દીધી હોય છે.

માનવીને જ્યારે પોતાનો ઉત્સાહ હશે તો તે કેવી રીતે સફળ ન થઈ શકે?

તમારા જીવનમાં તમને શેની ઉત્કટતા છે? તમારી સફળતાની? તમારા કુટુંબ સાથે માનભેર જીવવાની? જીવનનું લક્ષ્ય હાંસલ કરવાની? તો તમે તેની ઉત્કટતા અને અને તેને પામવાની ઉત્તેજનાને પ્રેમ કરો. અને દરેક શક્યતાને પ્રમાણો.

કવિ શ્રી દુષ્યંતકુમારે ખુબ સાચું કીધું છે .

-હરીશ શાહ



Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

# શહેરના પશ્ચિમ વિસ્તારમાં રહેતા નાગરિકો ટેક્સ ભરવામાં અવ્વલ

## AMCને બે મહિનામાં રૂ. 754 કરોડની ઐતિહાસિક આવક

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરના નાગરિકો હવે ટેક્સ ભરવા માટે જાગૃત થયા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)માં દર વર્ષે ટેક્સની જે આવક થાય છે, તેની 40 ટકા જેટલી આવક છેલ્લા બે મહિનામાં થઈ છે. ચાલુ વર્ષ 2023-24ના એપ્રિલ અને મે મહિનામાં કુલ 754 કરોડ રૂપિયા જેટલી આવક ટેક્સ પેટે થઈ છે. શહેરના પશ્ચિમ વિસ્તારમાં રહેતા નાગરિકો દ્વારા 70 ટકા જેટલી ટેક્સ ભરવામાં આવ્યો છે. પાલડી, વાસણા, નવરંગપુરા, નારણપુરા, નવાવાડજ, ચાંદખેડા, સાબરમતી, મોટેરા, સેટેલાઈટ, બોડકદેવ, થલતેજ, બોપલ-ઘુમા, ઘાટલોડિયા, ગોતા, ચાંદલોડિયા સહિતના વિસ્તારમાં રહેતા નાગરિકો દ્વારા સૌથી વધુ ટેક્સ ભરવામાં આવ્યો છે.




રેવન્યુ કમિટીના ચેરમેન જૈનિક વકીલે દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, છેલ્લા બે મહિનામાં કોર્પોરેશનની ટેક્સની આવક રૂ. 754 કરોડ જેટલી થઈ છે. જેમાં પ્રોપર્ટી ટેક્સની આવક 682.81 કરોડ, પ્રોફેશનલ ટેક્સની 35.50 કરોડ, વ્હીકલ ટેક્સની 32.39 કરોડ અને ટ્રાન્સફર ફીની રૂ. 3.71 કરોડની આવક થઈ છે. લોકો વડાપ્રધાનના ડિજિટલ ઈન્ડિયાના કોન્સેપ્ટને પ્રાધાન્ય આપી અને 54 ટકા લોકોએ ઓનલાઈન પેમેન્ટ કર્યું છે. જેમાં મોટી કંપનીઓ દ્વારા ઓનલાઈન જ પેમેન્ટ કરવામાં આવ્યું છે. 38 ટકા લોકોએ એડવાન્સ ટેક્સ ભરી દીધો છે. હવે નાગરિકો AMCમાં ઓનલાઈન પેમેન્ટ કરવા પર વધુ ભાર મૂકી રહ્યા છે. નાગરિકોની ટેક્સ ભરવા પ્રત્યેની આ જાગૃતતાથી કોર્પોરેશનના કાર્યોને હવે ઝડપથી ગતિ મળશે અને આર્થિક ભારણ પણ ઓછું થશે.

# અમદાવાદમાં થશે રોબોટિક સર્જરી, દુ:ખાવો ન થાય કે ડાઘ ન પડે એવી રીતે થઈ શકશે મોટા ઓપરેશન

ગુજરાત | વંદન

હેલ્થકેર ક્ષેત્રે ઈનોવેશનમાં પાયોનિયર ગણાતી અમદાવાદની જાણીતી હોસ્પિટલે દા વિન્સી XI રોબોટિક સર્જીકલ સિસ્ટમ નામની એક નવિનતમ પ્રગતિશીલ સર્જીકલ પ્રોસિજર શરૂ કરી છે. જેનાથી પેશન્ટ કેર અને સર્જરીમાં વધુ ચોકસાઈ પ્રાપ્ત કરી શકાશે. આ અદ્યતન ટેકનોલોજી એ એક મહત્વનું સિમાચિહ્ન છે અને તેનાથી સર્જીકલ હેલ્થ કેર ક્ષેત્રે ક્રાંતિ આવશે અને દર્દીઓ તેમજ સર્જન્સ માટે નવી સંભાવનાઓ ખૂલશે. ધ દા વિન્સી XI રોબોટિક સર્જીકલ સિસ્ટમની રજૂઆત શુક્રવારે ગુજરાતના આરોગ્ય અને પરિવાર કલ્યાણ પ્રધાન ઋષિકેશ પટેલની હાજરીમાં કરવામાં આવી હતી. આ પ્રસંગે નીરજ લાલ, યુનિટ હેડ એન્ડ સીઓઓ , ગુજરાત ક્ષેત્ર, ડો. અભિજાત શેઠ, ડાયરેક્ટર મેડિકલ સર્વિસીસ અને અન્ય મહાનુભવો હાજર રહ્યા હતા. આ અંગે ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે "AI અને અન્ય ઉભરતી ટેકનોલોજીનો વપરાશ વ્યાપક બનતો જાય છે. ગુજરાત સરકાર અસરકારક શાસન માટે AIનો ઉપયોગ કરી રહી છે. અપોલો હોસ્પિટલ ટેકનોલોજીની તાકાતનો લાભ લેવા માટે પ્રયાસ કરીને બહેતર હેલ્થ કેર સર્વિસીસ પૂરી પાડી રહી છે તે ખૂબ સારી વાત છે અને હું તેમને શુભેચ્છા પાઠવું છું." દા વિન્સી XI રોબોટિક સર્જીકલ સિસ્ટમના કારણે હોસ્પિટલના ક્લિનિકલ આઉટકમમાં સુધારો કરીને દર્દીઓની જટિલ સર્જરીની જરૂરિયાતો પૂરી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

# આ છે હાટકેશ્વરબ્રિજના સિમેન્ટચોર...?




અમદાવાદ શહેર પુલોની નગરી બની રહ્યું છે, દરેક મહત્વના ચાર રસ્તે ટ્રાફિકની સમસ્યા હળવી કરવા ફ્લાયઓવર બ્રિજ કે અન્ડરબ્રિજ બની રહ્યાં છે. શહેરના પૂર્વ ખોખરા હાટકેશ્વર વિસ્તારમાં આવો જ એક પુલ કરોડો રૂપિયાના ખર્ચે કોર્પોરેશને એક એજન્સી દ્વારા બનાવ્યું. અમદાવાદમાં અમ્યુકોમાં ભાજપ વર્ષોથી સત્તામાં છે. પરંતુ નબળા પુલની કોઈ ફરિયાદ આવી નહોતી. હાટકેશ્વર પુલને કોંગ્રેસે ભાજપના ભ્રષ્ટાચારનું જીવતો જાગતો પુરાવો એવો દાવો કર્યો છે. વિવિધ ટેસ્ટીંગમાં પુરવાર થયું કે, પુલ બનાવતી વખતે યોગ્ય પ્રમાણમાં સિમેન્ટ, રેતી, સળીયા, કોન્ક્રીટ ન ઉપયોગ થયો નથી અને એવો નિર્ણય લેવાયો છે કે, સમગ્ર પુલને તોડીને નવો અને મજબુત બનાવવામાં આવશે. પુલ બનાવનાર એજન્સી દ્વારા સિમેન્ટની ચોરી કરવામાં આવી એવો આક્ષેપ કોંગ્રેસે કર્યો છે. તસ્વીરમાં જરા હટકે હાટકેશ્વર પુલ બનાવનાર કંપનીના કર્તાહર્તા જણાય છે. પોલીસની કસ્ટડીમાં તેમને કોર્ટમાં રજૂ કર્યા બાદ જેલ હવાલે કરવામાં આવ્યાં છે. આ સમગ્ર કૌભાંડમાં કોને કેટલી લેતી-દેતી કરવામાં આવી તેનો કોઈ ખુલાસો કે ફોડ આરોપીઓ દ્વારા કરવામાં આવ્યો નથી. સાબરમતીમાં પાણી વહી રહ્યાં છે. વહેતા પાણી સમય જતા કહેશે કે હાટકેશ્વર પુલના આરોપીઓ...? તસ્વીરઃ મૌર્ય ભાગ્યવાન

# સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
તમારી ખામીઓને સ્વીકારીને અને તમારામાં સુધારો કરીને પ્રવૃત્તિઓને વધુ વ્યવસ્થિત રીતે ફોર્મેટ કરી શકશે, પ્રતિષ્ઠા પણ વધશે મહત્વપૂર્ણ કાર્ય પૂર્ણ થવાના કારણે અપેક્ષાઓ અને આશાઓ પ્રબળ રહેશે. વ્યસ્ત રહેવાની સાથે-સાથે ઘરમાં વ્યવસ્થા જાળવવા પર ધ્યાન આપવું.

**વૃષભ** (બ.વ.ઉ)
આવનાર સપ્તાહમાં જો કોઈ મોટો નિર્ણય લેવાનો હોય તો વરિષ્ઠ સભ્યોની સલાહ લેવી જોઈએ, વિવાદ ઉકેલવાથી સંબંધોમાં ફરી મધુરતા આવશે. કોઈપણ બિનજરૂરી યાત્રામાં સમય અને પૈસાનો વ્યય થઈ શકે છે, લોકો સાથે વાતચીત કરતી વખતે સાવચેત રહો.

**મિથુન** (ક.છ.ઘ)
મિત્રોની મદદ કામમાં લાભદાયી રહેશે. કોઈપણ જૂના આયોજન પણ સફળ થતું જણાય. જો મિલકત અથવા વાહન યોજના બનાવવામાં આવી રહી છે, તો તેને ગંભીરતાથી વિચારો અને અમલ પણ કરો. કોઈપણ સરકારી કામ શરૂ કરતા પહેલા દસ્તાવેજો ગોઠવો.

**કર્ક** (ડ.હ)
સકારાત્મક ઉર્જાનો અનુભવ થશે. વ્યક્તિગત અને કારકિર્દી સંબંધિત સમસ્યાઓ ઉકેલાતી જણાશે, જેના કારણે તમારો આત્મવિશ્વાસ પણ વધશે. કોઈપણ નકારાત્મક પરિસ્થિતિમાં તમારી આત્મબળને મજબૂત બનાવો, કોઈ મુદ્દા પર નિર્ણય લેતી વખતે વરિષ્ઠ લોકોની સલાહ લેવી.

**સિંહ** (મ.ટ)
નાની-નાની નકારાત્મક બાબતોને અવગણીને તમે કાર્યોમાં વધુ સારું ધ્યાન આપી શકશો. નફાકારક સંપર્કો સ્થાપિત કરવામાં આવશે. આજે અનેક પ્રકારની પ્રવૃત્તિઓમાં વ્યસ્તતા રહેશે. જમીન, વાહન વગેરે સંબંધિત ખરીદી માટે લોન લેવાની યોજના બનાવી શકાય છે.

**કન્યા** (પ.ઠ.ણ)
આ અઠવાડિયે તમે યોજનાઓ બનાવશો અને તે ઘણી હદ સુધી સફળતા મળશે. બાળકથી સંબંધિત કોઈ સારા સમાચાર મળવાથી મન પ્રસન્ન રહેશે. મનમાં કોઈ પ્રકારનો સંઘર્ષ રહી શકે છે, પૈસાનું રોકાણ કરતી વખતે કેટલીક ભૂલો થઈ શકે છે. વ્યવસાયમાં તમારા પક્ષકારો સાથે સંબંધો વધુ સૌહાર્દપૂર્ણ બનાવો.

**તુલા** (ર.ત)
તમારી વ્યવસ્થાપન ક્ષમતા સુધારવા માટે તમારા પરિવારના સભ્યોનું ધ્યાન રાખો. મહત્વપૂર્ણ કામ સંભાળવામાં સફળતા મળશે. નાણાં સંબંધિત કોઈપણ નિર્ણય લેતી વખતે તમામ પાસાઓના વિશે ગંભીરતાથી વિચારો. માતાના સ્વાસ્થ્યની ચિંતા ઉદભવી શકે છે.

**વૃશ્ચિક** (ન.ય)
ગ્રહોની સ્થિતિમાં સકારાત્મક પરિવર્તન થઈ રહ્યું છે. સારી તકોનો લાભ લેવા સક્રિય રહો, સ્વજનોની સુખાકારીના સમાચાર મળી શકે છે. વધારાની જવાબદારીઓ આવી શકે છે. કોઈપણ વિપરીત પરિસ્થિતિમાં અને શાંતિપૂર્ણ રીતે ગુસ્સે થશો નહીં અને ઉશ્કેરશો નહીં.

**ધન** (ભ.ધ.ફ)
મોટા ભાગનું કામ જાતે કરવાનો પ્રયાસ કરો સમાધાન તમને સફળતા અપાવશે. કોઈપણ બાકી અથવા બાકી ચુકવણી.વિદ્યાર્થીઓ અને યુવાનોના અભ્યાસ અને કારકિર્દીમાં નવા આયામો એકાગ્રતા હજુ વધારે છે. નકારાત્મક લોકોથી અંતર રાખો.

**મકર** (ખ.જ)
તમારી જવાબદારીઓને બોજ ન સમજો. ઘર નવીનીકરણનું પ્લાનિંગ કરી રહ્યા છો તો ચોક્કસ આર્કિટેક્ટની સલાહ લો. કેટલીક સમસ્યાઓ અને પડકારો આવી શકે છે. કોઈપણ મિલકત અથવા પૈસા સંબંધિત વ્યવહારના સંબંધમાં નજીકના સંબંધીઓ સાથે સંબંધો બગાડશો નહીં.

**કુંભ** (ગ.સ.શ.ષ)
સંજોગો પ્રમાણે તમારું પ્લાનિંગ બનાવો, અત્યારે કરેલી મહેનતનું નજીકના ભવિષ્યમાં યોગ્ય પરિણામ મળશે. અમુક સમયે તમારું મન નાની-નાની બાબતોને લઈને ચિંતિત રહે છે. તમારા મૂડને નિયંત્રિત કરવું મહત્વપૂર્ણ છે, વેપારમાં તમારી મહેનત પ્રમાણે તમને યોગ્ય પરિણામ મળશે.

**મીન** (દ.ચ.ઝ)
સાનુકૂળ ગ્રહોની સ્થિતિ છે, અટકેલા કામ ચોક્કસથી પુરા થશે. તમારા સ્વભાવ અને વ્યક્તિત્વમાં પણ સકારાત્મક પરિવર્તન આવશે. પરિવાર સાથે સંબંધિત કોઈ મહત્વપૂર્ણ નિર્ણય વડીલો દ્વારા લેવામાં આવે તેને માર્ગદર્શન હેઠળ જ લો. આ સમય ધીરજ અને સંયમ સાથે પસાર કરવાનો છે. કાર્યસ્થળ પર તમારા ગૌણ કર્મચારીઓ સાથે મધુર સંબંધને ચાલુ રાખો.

## અમદાવાદમાં આધેડે બાળકીને મોબાઈલમાં પોર્ન ફિલ્મ બતાવીને છેડતી કરી

ગુજરાત | વંદન

શહેરમાં મહિલાઓ અને નાની બાળકીઓની સુરક્ષાને લઈને સવાલો ઊભા થયાં છે. સત્તાધીશો ભલે સબ સલામતની ગુલબાંગો ફૂંકે પણ હકિકત કંઈક જુદી જ છે. શહેરના સાબરમતિ વિસ્તારમાં 10 વર્ષની બાળકીની છેડતી થયાની ઘટના સામે આવી છે. ફર્નિચર જોવાના બહાને આવેલા આધેડે બાળકીને મોબાઈલમાં બિભત્સ વીડિયો બતાવીને શારીરિક અડપલાં કર્યાની જાણ થતાં બાળકીની માતાએ પોલીસને જાણ કરી હતી. પોલીસે આધેડની ધરપકડ કરીને તપાસ હાથ ધરી છે.

### રાણીપમાં વૃદ્ધાની થેલી બ્લેડથી કાપી રૂ. 3.15 લાખની ચોરી

# શહેરમાં ભીડવાળી જગ્યા પર પર્સચોર ટોળકી સક્રિય

ગુજરાત | વંદન

અમદાવાદના રાણીપમાં 65 વર્ષીય વૃદ્ધા શાકભાજીની ખરીદી કરી રહ્યાં હતાં ત્યારે કોઈ ગઠિયાએ ભીડની આડમાં બ્લેડથી પ્લાસ્ટિકની થેલી કાપી 3.15 લાખ રૂપિયા રોકડ રકમની ચોરી કરતાં ચકચાર મચી ગઈ છે. બજારો કે ભીડભાડવાળી જગ્યા પર લોકોના કિંમતી સામાનની ચોરી કરતી ગેંગ ફરી એક વાર સક્રિય થઈ છે.

પોલીસને મળેલી ફરિયાદ અનુસાર ન્યૂ રાણીપમાં અનમોલ બંગલોમાં રહેતાં 65 વર્ષના ભારતીબેન પટેલે તેમના પતિ સાથે રહે છે અને તેમના બન્ને દીકરા યુએસએમાં પરિવાર સાથે રહે છે. થોડા દિવસ પહેલાં સવારના દસ વાગે ભારતીબેનના મોટાભાઈ અને તેમનો દીકરો યુએસએ ફરવા જવાના હોવાથી તેઓ તેમને મળવા માટે ગયાં હતાં. તેમના પર્સમાં રૂ.2000ની 150 નોટ (રૂ. ત્રણ લાખ) અને રૂ. 200ની 75 નોટ (રૂ.15 હજાર) એટલે કે કુલ 3.15 લાખ રૂપિયા રોકડા હતા. ભારતીબેન તેમના ભાઈના ઘરે આખો દિવસ રોકાયાં હતાં. ત્યારબાદ તેઓ ચાલતાં ચાલતાં રાણીપ સરદાર ચોક ખાતે શાકભાજી લેવા ગયાં હતાં. ભારતીબેન શાકના પૈસા આપવા ગયાં ત્યારે પ્લાસ્ટિકની થેલીમાં તેમનું પર્સ મળી આવ્યું ન હતું, જેથી ભારતીબેને થેલી ચેક કરી ત્યારે તેમને જાણ થઈ હતી કે કોઈ ગઠિયાએ તેમની થેલી કાપી નાખી હતી.

ભારતીબેન સમજી ગયાં હતાં કે, તેઓ જ્યારે શાકભાજી લેતાં હતા ત્યારે કોઈ ગઠિયો ભીડનો લાભ લઈ 3.15 લાખ રોકડ રકમ ભરેલું પર્સ ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. ભારતીબેને આસપાસ તપાસ કરી પરંતુ તેમનું પર્સ મળી આવ્યું ન હતું. આથી ભારતીબેને આ અંગે રાણીપ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.




### રવિશંકર રાવળ કલા ભવન-અમદાવાદ ખાતે યોજાશે પ્રદર્શની

# 8મી જૂને ગુજરાતના ગૌરવ પુરસ્કૃત 31 કલાકારોની કલાકૃતિઓનું પ્રદર્શન

ગુજરાત | વંદન

રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા ચિત્રકલા, શિલ્પકલા અને છબિકલા ક્ષેત્રે વિશિષ્ટ અને ગણનાપત્ર યોગદાન પ્રદાન કર્યું હોય, અને ગુજરાતમાં સ્થાયી થયેલા હોય તેવા ગુજરાતના કલાકારોને ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવે છે. જે માટે રાજ્ય સરકાર દ્વારા વર્ષ 2016-17 થી વર્ષ 2019-20 સુધીના ગૌરવ પુરસ્કાર એનાયત કરવા માટે રાજ્યના 31કલાકારની પસંદગી કરી તેમના નામ પણ જાહેર કરવામાં આવ્યા છે, તેમ ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી-અમદાવાદના સચિવની યાદીમાં જણાવવામાં આવ્યું છે.



8મી જૂનના રોજ રવિશંકર રાવળ કલા ભવન-અમદાવાદ ખાતે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રી મુળુભાઈ બેરા તેમજ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના રાજ્ય મંત્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં ગૌરવ પુરસ્કૃત કલાકારોની કલાકૃતિઓના પ્રદર્શનનો શુભારંભ કરવામાં આવશે. ત્યારબાદ કલાકારોને મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરવાનો સમારોહ ઠાકોરભાઈ દેસાઈ હોલ-અમદાવાદ ખાતે યોજાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગૌરવ પુરુસ્કૃત કલાકારોને રૂ.51,000 ના રોકડ પુરસ્કાર, શાલ તથા તામ્રપત્રથી સન્માનિત કરવામાં આવશે.

# SOGએ એક લાખના એમડી ડ્રગ્સ સાથે આરોપીને વેજલપુરથી ઝડપ્યો

ગુજરાત | વંદન

વેજલપુરમાં ફેક્ટરી પાસે આવેલા પલાટીયસ હોમ્સ નજીકથી ગુરૂવારે વહેલી પરોઢે એસઓજીએ રૂ.૧.૨૨ લાખની મત્તાના એમડી ડ્રગ્સના જથ્થા એક આરોપીને ઝડપી લીધો હતો.

આરોપીની પૂછપરછમાં ડ્રગ્સનો જથ્થો ફતેવાડીના શાહરૂખે સપ્લાય કર્યો હતો. બનાવને પગલે એસઓજીએ ડ્રગ્સના જથ્થા સાથે પકડાયેલા આરોપીની ધરપકડ કરી શાહરૂખની શોધખોળ હાથ ધરી હતી.

એસઓજીની ટીમે બાતમી આધારે વેજલપુર ફેક્ટરી પાસે આવેલા એએમટીએસ બસ સ્ટેન્ડ પાસે વોચ ગોઠવી હતી. પોલીસે બે સરકારી પંચોને જોડે રાખી પરોઢે ૪ વાગ્યાની આસપાસ દરિયાપુરના ડબગરવાડ ખાતે નાની હલીમની પોળમાં રહેતાં અનસ ઉર્ફ છેસો અબ્દુલસબુર શેખ (ઉં,૨૩)ને ૧૨.૨૦૦ ગ્રામ રૂ.૧,૨૨,૦૦૦ની મત્તાનો એમડી ડ્રગ્સના જથ્થા સાથે ઝડપી લીધો હતો.

અનસે પોલીસને જણાવ્યું હતું કે, આ ડ્રગ્સનો જથ્થો ફતેવાડીમાં રહેતાં શાહરૂખે તેણે આપ્યો હતો. બનાવને પગલે પોલીસે શાહરૂખને ઝડપી લેવા તજવીજ શરૂ કરી છે. અનસ પાસેથી ડ્રગ્સ ઉપરાંત અન્ય ચીજવસ્તુઓ મળી કુલ રૂ.૧,૨૨,૬૦૦નો મુદ્દામાલ કબ્જે લેવાયો હતો.

# શહેરમાંથી ગેરકાયદે રહેતા 18 બાંગ્લાદેશીઓની ધરપકડ

## » SOGએ ઝડપી પાડ્યા, ત્રણ બાંગ્લાદેશીઓના પાકિસ્તાન સાથે કનેક્શનની આશંકા

ગુજરાત | વંદન

અમદાવાદમાં ગેરકાયદે બાંગ્લાદેશી લોકોની ઘૂસણખોરીનો પર્દાફાશ થયો છે. અમદાવાદમાં ગેરકાયદે ઘૂસણખોરી કરનાર 18 બાંગ્લાદેશી શખ્સોને SOGની ટીમે ઝડપી પાડ્યાં છે.બાતમીને આધારે SOGની ટીમે તપાસ હાથ ધરી હતી. તે દરમિયાન 18 શખ્સો પાસે પોલીસે આધાર પુરાવા માગ્યા હતા. જેમાં કેટલાક લોકોના વિઝા પૂરા થયા હોવા છતા પણ ગેરકાયદે રહી રહ્યા હતા.

આ અગાઉ અમદાવાદના નારોલમાંથી 3 શંકાસ્પદ યુવકોની અટકાયત કરી હતી. આ ત્રણેય યુવકો બાંગ્લાદેશી હોવાનું સામે આવ્યું હતુ. આ ત્રણેય શકમંદોના પાકિસ્તાન સાથે કનેક્શનની આશંકા પણ વ્યક્ત કરવામાં આવી હતી. ત્યારે તેમની પુછપરછમાં મોટો ખુલાસો થયો હતો.

પૂછપરછમાં અલકાયદા ઈન્ડિયાના એક સક્રિય જૂથનો પર્દાફાશ થયો હતો. ATSએ સોજીબ નામના બાંગ્લાદેશીની ધરપકડ કરી હતી. ગુજરાતમાં યુવાનોને કટ્ટરપંથી બનાવવામાં આવી રહ્યા હોવાનો ખુલાસો થયો હતો. પાકિસ્તાન અને બાંગ્લાદેશના શખ્સો સાથે મળીને આ ષડયંત્ર રચવામાં આવતુ હોવાનું ખુલ્યુ હતુ. વિદેશથી ભંડોળ મેળવીને આ પ્રકારની કામગીરી કરવામાં આવતી હોવાનું સામે આવ્યુ હતુ.




આ અગાઉ સાબરકાંઠાના હિંમતનગરમાં ગેરકાયદે બાંગ્લાદેશી લોકોની ઘૂસણખોરીનો પર્દાફાશ થયો હતો. હિંમતનગરમાં ગેરકાયદે ઘૂસણખોરી કરનાર આઠ બાંગ્લાદેશી શખ્સોને SOGની ટીમે ઝડપી પાડ્યાં હતા. બાતમીને આધારે SOGની ટીમે પૂજા ફેશન ફેક્ટરીમાં તપાસ કરી હતી. તપાસ દરમિયાન આઠ શખ્સો પાસે પોલીસે આધાર પુરાવા માગ્યા હતા.

પરંતુ એક પણ વ્યક્તિ પાસે કોઈ પણ પુરાવો મળ્યો નો હતો. જેથી પોલીસે આઠ બાંગ્લાદેશી લોકોને ઝડપી પાડ્યાં હતા. ઝડપાયેલા તમામ બાંગ્લાદેશી શખ્સોને બાંગ્લાદેશ પરત મોકલવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. સાથે સાથે પોલીસે ફેક્ટરીના વહીવટદાર સામે પણ જાહેરનામા ભંગ બદલ કાર્યવાહી કરી છે.

## શબ્દોની સંતાકૂકડી 64 — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | | ■ | 3 | | 4 |
| ■ | | ■ | 5 | | ■ | |
| 6 | | 7 | | ■ | 8 | |
| | ■ | 9 | | 10 | ■ | |
| 11 | 12 | | ■ | 13 | | ■ |
| ■ | | ■ | 14 | | ■ | 15 |
| 16 | | | | ■ | 17 | |

**ઊભી ચાવી**

(2) જમવાની, ભોજન કરવાની ક્રિયા [3]
(3) કિંતુ, પરંતુનો અંગ્રેજી અર્થ [2]
(4) તરતાતરત, ઝટપટ, જલદી, એકદમ [4]
(5) બાજુ, પડખું, પક્ષ [3]
(6) મૂળ ગામ કે દેશ [3]
(7) પગલું, ડગલું [3]
(10) નાહવાનું સાધન [3]
(12) રટવું તે [3]
(14) ડઝનની સંખ્યા [2]
(15) સેતુ, બ્રીજ [2]

**આડી ચાવી**

(1) ભક્તિનું ગીત [3]
(3) પાણીનું ઘન સ્વરૂપ [3]
(5) કાંઠો, કિનારો, તીર [2]
(6) કાપડનું વણાટકામ કરનાર [4]
(8) પ્રતાપ; તેજ; દાબ; ભપકો [2]
(9) મડદાને દાટવાની ક્રિયા [3]
(11)સુવાળું, મુલાયમ, સુકોમળ [3]
(13) આબરૂ, પ્રતિષ્ઠા, મોભો [2]
(14) તીર, શર [2]
(16) ચણવું તે; ચણવાનું કામ [4]
(17) લતા; લાંબી ને પથરાતી કે ઊંચે ચડતી ઊગતી વનસ્પતિ [2]

શબ્દોની સંતાકૂકડી-64 નો ઉકેલ આવતા અંકે

**શબ્દોની સંતાકૂકડી-63નો ઉકેલ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 ક | વિ | 2 તા | ■ | 3 દા | 4 દ | ર |
| દા | ■ | 5 સ | 6 રો | વ | ર | ■ |
| 7 વ | ટ | ■ | 8 શ | ત | દ | લ |
| ર | ■ | 9 પા | ની | ■ | રી | ■ |
| ■ | 10 વ | ય | ■ | 11 ઝા | ■ | 12 પ |
| 13 મો | ■ | 14 મા | ફ | ક | સ | ર |
| 15 જ | ટિ | લ | ■ | ળ | ■ | ચો |

## કોયડો નં. 66 સુડોકુ — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 9 | | 8 | | 5 | | |
| | 1 | | | | | | | 2 |
| 5 | | | 4 | 3 | | 8 | | 6 |
| 9 | | 6 | | | 5 | | | 3 |
| | 5 | | | 7 | | | | |
| | 4 | | | | 8 | 1 | | 9 |
| | | 1 | 3 | | | | | 4 |
| | | 4 | | | 9 | 6 | | |
| 8 | 3 | | | 6 | | | 1 | |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

**સુડોકુ-66નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 6 | 9 | 7 | 8 | 2 | 5 | 4 | 1 |
| 4 | 1 | 8 | 5 | 9 | 6 | 3 | 7 | 2 |
| 5 | 2 | 7 | 4 | 3 | 1 | 8 | 9 | 6 |
| 9 | 8 | 6 | 1 | 4 | 5 | 7 | 2 | 3 |
| 1 | 5 | 2 | 9 | 7 | 3 | 4 | 6 | 8 |
| 7 | 4 | 3 | 6 | 2 | 8 | 1 | 5 | 9 |
| 6 | 9 | 1 | 3 | 5 | 7 | 2 | 8 | 4 |
| 2 | 7 | 4 | 8 | 1 | 9 | 6 | 3 | 5 |
| 8 | 3 | 5 | 2 | 6 | 4 | 9 | 1 | 7 |

સાપ્તાહિક
ગુજરાત વંદન
gujaratvandan.com

# સુરતની ઘટનામાં IITનો ભાવિ 'ઈજનેર' એક કિલો સોનાની લૂંટમાં ઝડપાયો !

ગુજરાત | વંદન

IITમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીએ સુરતમાં લૂંટનો પ્લાન બનાવી એક કિલો સોનાની લૂંટ કરી છે. સુરતમાં બિલ વગરનું 65 લાખનું સોનું વેચવા જતાં જ્વેલર્સને ભારે ૫ ડ્યું

**ઘોળે દિવસે 3 બદમાશોએ 1 કિલો સોનાના બિસ્કિટની લૂંટ કરી કારમાં ભાગી છુટ્યા હતા**

હતું. ઈન્દોરના 4 યુવકોની વડોદરા હાઈવેથી ધરપકડ કરાઈ છે. રૂપિયા કમાવવા માટે ચારેય આરોપીઓએ શોર્ટ કટ લીધો હતો.

સુરત શહેરના ભટાર કાપડિયા હેલ્થ ક્લબ પાસે ઘોળે દિવસે 3 બદમાશોએ 1 કિલો સોનાના બિસ્કિટ જેની કિંમક રૂપિયા 65 લાખ થાય છે તેની લૂંટ કરી કારમાં ભાગી ગયા હતા. આ લૂંટમાં ક્રાઈમબ્રાંચે દેવેન્દ્ર નરવરિયા, સૌરભ વર્મા, મોહિત વર્મા અને પિયુષ યાદવને વડોદરા હાઈવે પરથી પકડી પાડી તમામ મુદામાલ કબજે કર્યો છે. આ આખા મામલામાં એક આઈઆઈટીમાં અભ્યાસ કરનાર યુવકનો પણ સમાવેશ થાય છે.





ગત 30 મેના રોજ ભટાર કાપડિયા હેલ્થ ક્લબ પાસે આવેલા જ્વેલર્સના માલિકે બે કર્મચારીઓને 100 ગ્રામના સોનાના 10 બિસ્કિટ આપવા મોકલ્યા હતા. કારના નંબર આધારે કર્મચારીએ મદનલાલ શાહનું નામ આપ્યું હતું, પરંતુ તેઓ એક મહિલા સાથે બહાર ઊભા હતા. આ દરમિયાન કારમાં બેઠેલા શખ્સે સોનાના બિસ્કિટ ચેક કરી, ચેક આપવાની વાત કરી હતી. કર્મચારીએ ચેક લેવાની ના પાડી કર્મચારી પણ કારમાં બેસી ગયો હતો. એટલામાં બીજા એક શખ્સે આવી કર્મચારીને ધક્કો મારી સોનાની લૂંટ ચલાવી ત્રણેય યુવકો ભાગી છૂટ્યા હતા.

કર્મચારીએ તાત્કાલિક માલિકને જાણ કરતાં માલિકે દોડી આવી પોલીસને જાણ કરી હતી. ઘોડદોડ રોડના પોદ્દાર આર્કડમાં સોનલ જ્વેલર્સના માલિક સંજય જૈનની ભટારમાં રહેતા મદનલાલ શાહ સાથે મિત્રતા છે. બનાવ અંગે જ્વેલર્સની દુકાનના સેલ્સમેન રાજેશ હીરાલાલ શાહે ખટોદરા પોલીસમાં ફરિયાદ આપી હતી.

પોલીસે વડોદરા ગ્રામ્યની વરણામા પોલીસની મદદથી એક સંયુક્ત ઓપરેશન પાર પાડી વરણામા ખાતેથી ચાર આરોપીઓને 10 નંગ સોનાના બિસ્કિટ વજન 1 કિલો કિ.રૂ 65,00,000/- તેમજ સ્વીફ્ટ ડીઝાયર કાર અને 03 મોબાઈલ સાથે ઝડપી પાડયા હતા.

## કવિતાના ઉંબરેથી....

### ચલો ક્યારેક તો આ આંખ પાણીદાર લાગે છે!

ઊપડતી જીભ અટકે છે, હૃદય પર ભાર લાગે છે,પ્રણયની વાત છે, કહેવામાં થોડી વાર લાગે છે.ઘણા વર્ષો થયાં, હું આ શહેરમાં હૂંફ શોધું છું.અહીં જેને મળુ છું, સાવ ઠંડોગાર લાગે છે.ફડક ડૂબી જવાની મનમાં પેસી જાય છે ત્યારેતણખલું એક પણ દેખાય તો આધાર લાગે છે.ટકોરા મારવા દે, શક્ય છે એનું ઉઘડવું પણતું જેને ભીંત સમજ્યો છે, મને એ દ્વાર લાગે છેસૂરજ સાથે મિલાવી આંખ એની આ અસર થઈ છેબીજે ક્યાંયે નજર નાખું છું, બસ અંધાર લાગે છેનયનમાં અશ્રુ આવે છે તો એ વાતે હસી લઉં છું ચલો ક્યારેક તો આ આંખ પાણીદાર લાગે છે!

– હેમંત પૂણેકર

બન્ને સંતાનનું ગળુ દબાવી હત્યા કર્યા બાદ પોતે પણ ઝાડ ઉપર લટકી ગયો

# પતિ-પત્ની અને સાસરીયાનાં ઝઘડામાં 2 બાળકોની પિતાએ હત્યા કરી નાંખી

ગુજરાત | વંદન

દાહોદના ડુંગરીમાં એક હિચકારી ઘટના બની છે. ખુદ પિતા જ તેના સંતાનો માટે યમદૂત બની ગયો. જિલ્લાના ડુંગરીમાં પિતાએ પોતાના પુત્ર અને પુત્રીની હત્યા કરી દીધી. એટલુ જ નહીં બંને સંતાનોની હત્યા બાદ હત્યારા પિતાએ પણ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેનો જીવ બચી ગયો. આ બનાવ અંગેનુ કારણ જાણી પોલીસ પણ ચોંકી ઉઠી હતી.

કૌટુંબિક ઝઘડા, ઘરકંકાસ અને સાસરીના ત્રાસથી કંટાળી પિતાએ તેના બન્ને સંતાનનું ગળું દબાવી હત્યા કરી હતી. વહેલી સવારે




બન્ને સંતાનનું ગળુ દબાવી હત્યા કર્યા બાદ પોતે પણ ઝાડ ઉપર લટકી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. આ પિતાએ પોતાની 12 વર્ષીય બાળકી અને 7 વર્ષીય બાળકની હત્યા કરી હતી. આપઘાતના પ્રયાસ પહેલા તેણે સ્યૂસાઈડ નોટ પણ લખી હતી. જો કે, હત્યા બાદ તેનો આપઘાતનો પ્રાયસ નિષ્ફળ રહ્યો હતો. હાલમાં લીમડી પોલીસે આરોપી પિતાની અટકાયત કરી તપાસ હાથ ધરી છે. અને બન્ને બાળકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલ્યા છે.

બનાવની સપૂંર્ણ વાત કરીએ તો ભુરાસીગને લગ્ન થયા બાદ અવારનવાર પોતાની પત્ની અલ્પાબેન સાથે તકરાર ઝગડો થતો હતો. જેના કારણે આ અંગે સાસરીયા પણ અનેક વાર સમજાવવા છતા તકરાર ઓછી થતી ન હતી. જોકે ગત રાત્રીના સમયે ફરીથી પત્ની અલ્પાબેન સાથે ભુરસીગનો ઝગડો થયો હતો. જેથી આવેશમાં આવી ભુરાસીગે 12 વર્ષની પુત્રી પ્રતિક્ષા અને 7 વર્ષના પુત્ર જયરાજની ગળુ દબાવી હત્યા કરી પોતે આત્મહત્યાની કોશિશ કરી હતી.

# હાર્ટ એટેકથી CAનું અભ્યાસ કરતા યુવક સમેત બેના મોત

ગુજરાત | વંદન

રાજ્યમાં હાર્ટ એટેકના કિસ્સામાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. રાજકોટમાં હોર્ટ એટેકથી વધુ 2ના મોત થયાની ઘટના સામે આવી છે. CAનું અભ્યાસ કરતા 25 વર્ષીય યુવકનું હાર્ટ એટેકથી મોત થયું છે તો બીજુ 47 વર્ષીય રમેશભાઈ મેણંદભાઈ હુંબલનું હાર્ટ એટેકથી મોત થયું છે.



રાજકોટમાં CAનું અભ્યાસ કરતા 25 વર્ષીય યુવક ધેવત પંડ્યાનું હાર્ટ એટેકથી મોત થયાની ઘટના સામે આવી છે, અભ્યાસ કરતા કરતા તેને હાર્ટ એટેક આવ્યો હતો. નોંધનીય છે કે, મૃતક યુવકCAના ફાઈનલ વર્ષમાં અભ્યાસ કરી રહ્યો હતો. રાજકોટમાં એક બીજી ઘટનામાં 47 વર્ષીય રમેશભાઈ મેણંદભાઈ હુંબલનું હાર્ટ એટેકથી મોત થયું છે. ચારધામની યાત્રા પૂર્ણ કરી પરત ફરતા સમયે હાર્ટ એટેક આવ્યો હતો. પરિવારજનો સાથે ચારધામની યાત્રા કરવા મૃતક ગયા હતા.

ડોક્ટરનું માનવુ છે કે, યુવાનો અને વૃદ્ધોના અકાળ મૃત્યુનું મુખ્ય કારણ હાર્ટ એટેક છે. હાર્ટ એટેકના કારણે ઘણા લોકોના ઘટનાસ્થળે જ મૃત્યુ થાય છે જ્યારે કેટલાક લોકો હોસ્પિટલમાં લઈ જતી વખતે તો ઘણા હોસ્પિટલમાં લઇ ગયા બાદ મૃત્યુ પામે છે.

સિંહોની સંવનનકાળ શરૂ થતા સિંહ દર્શનમાં વેકેશન

# સાસણ ગીરમાં 16 જૂનથી સિહ દર્શન બંધ, ચોમાસું હોવાથી સંવનનકાળ શરૂ થશે

ગુજરાત | વંદન

જૂનાગઢમાં સાસણ ગીર અભ્યારણયમાં આગામી 16 જૂનથી સિંહોનું વેકેશન માટે વેકેશન પડી રહ્યું છે, આ સમય દરમિયાન કોઈપણ પર્યટક સિંહ દર્શનનો લાભ નહીં લઈ શકે. 16 જૂનથી બંધ થઈ રહેલું અભ્યારણ્ય આગામી 15 ઓકટોબર સુધી બંધ રહેશે, આ દરમિયાન સિંહ દર્શન પ્રવાસીઓ માટે બંધ રહેશે.



સાસણ ગીરમાં સિહ દર્શન કરવા ઈચ્છતાં લોકો માટે એક માઠા સમાચાર છે, ટુંક સમયમાં સિંહ દર્શનમાં વેકેશન પડી રહ્યું છે. મહત્વનું છે કે, હવે ચોમાસા હોવાથી સિંહોની સંવનનકાળ શરૂ થઈ રહ્યો છે, દર વર્ષે આ સમયગાળામાં સાસણ ગીર અભ્યારણયને બંધ રાખવામાં આવે છે. રાજ્યમાં સિંહ દર્શન માટે હવે સાસણનો ધક્કો થોડા સમય પછી નહીં થાય. રાજ્ય સરકાર સૌરાષ્ટ્રમાં વધુ એક ટુરિસ્ટ પ્લેસ વિકસાવશે. સિંહ પ્રેમીઓ માટે સાસણ જેવું બીજુ સ્થળ સરકાર વિકાસાવશે. મળતી માહિતી પ્રમાણે, પાલીતાણાથી ખાંભા સુધીના વિસ્તારને સરકાર ટુરિસ્ટ પ્લેસ તરીકે વિક્સાવશે. આ વિસ્તારમાં સિંહોનો વસવાટ વધતાં સરકારે નિર્ણય લીધો છે. ધાર્મિક સ્થળો અને જંગલ વિસ્તારના સમન્વયથી નવું ટુરિસ્ટ પ્લેસ વિક્સાવશે. સરકાર ખંભાતથી પાલીતાણા વચ્ચે નવી લાયન સફારી પણ વિકસાવી શકે છે. વન વિસ્તારમાંથી સિંહો રહેણાક વિસ્તારોમાં વિચરણ કરતા જોવા મળ્યા હોય એવી ઘટનાઓ છેલ્લાં થોડાં વર્ષોમાં અનેક વખત નોંધાઈ છે.

અનુસંધાન પેજ 10 પરથી...

## સોનિયાએ રાહુલની...

વધીને US$100 બિલિયન થઈ ગયું હતું. ઘણા લોકોને સરકારી ક્ષેત્રમાં નોકરી મળી. ભાજપે સોનિયા ગાંધી વિદેશી મૂળના હોવાનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો.

આ બધાની વચ્ચે, ભાજપે પોતાને હિન્દુત્વની નીતિઓથી થોડું દૂર કર્યું અને ફીલ ગુડ ફેક્ટર પર સવાર થઈને આગળ વધ્યું. ચૂંટણી પંચે 20 એપ્રિલ 2004થી ચાર તબક્કામાં ચૂંટણી યોજવાની જાહેરાત કરી હતી. આ ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વવાળી એનડીએને 544માંથી માત્ર 181 સીટો મળી શકી હતી, જ્યારે યુપીએને કુલ 218 સીટો મળી હતી.

બીજી તરફ કોંગ્રેસને બહુમતી મળતા જ સોનિયા ગાંધી હવે દેશના વડાપ્રધાન બનશે તેવી ચર્ચાઓ ચારે તરફ શરૂ થઈ ગઈ હતી. આમાં ભાજપે સોનિયાના વિદેશી મૂળના હોવાનો મુદ્દો જોરશોરથી ચગાવ્યો હતો. હવે દેશભરમાં સવાલ એ હતો કે આગળ શું થશે...સોનિયા ગાંધી વડાપ્રધાન બનશે કેમ. આગામી વડાપ્રધાન માટે 5 દિવસ સુધી બેઠકોનો દૌર ચાલ્યો હતો.

13 મેના રોજ ચૂંટણીનું પરિણામ જાહેર થયું અને કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક યોજાઈ. અહીં સોનિયા ગાંધીના નેતૃત્વ અને ભૂમિકાને વધાવી લેવામાં આવી. પરંતુ નેતૃત્વના મુદ્દે મૌન હતું. થોડીવાર પછી મીટિંગ આગળ વધી, સોનિયા ગાંધીએ પોતે એમ કહીને બધાને ચૂપ કરી દીધા કે પીએમ પદના મુદ્દાને પાર્ટીના સાંસદો અને સહયોગી પક્ષોના નેતાઓ સાથે મળીને ઉકેલવામાં સારું રહેશે.

અહેવાલો સૂચવતા હતા કે આ બેઠક પછી સોનિયાએ તેમના બાળકો સાથે ચર્ચા કરી અને રાહુલ ગાંધીએ તેમની માતા વડા પ્રધાન બને તેનાથી નારાજ હતા. કોંગ્રેસના વરિષ્ઠ નેતા નટવરસિંહે તેમના પુસ્તક 'વન લાઈફ ઈઝ નોટ ઈનફ'માં પણ આનો ઉલ્લેખ કર્યો છે .

સોનિયાએ નિર્ણય કર્યો કે તે 14 મેના રોજ યોજાનારી સીપીપીની બેઠકમાં વડા પ્રધાન નહીં બનવાનો પોતાનો નિર્ણય જાહેર કરશે. પરંતુ બેઠકની તારીખ 15 મે નક્કી કરવામાં આવી હતી. સોનિયા ગઠબંધનના નેતાઓને ઘરે-ઘરે મળતી રહી, પરંતુ તેમને ખબર ન પડી. સોનિયા ગાંધીએ નેતાઓને મળવા માટે 14 મેનો દિવસ રાખ્યો હતો. પરંતુ તેમણે આ દિવસે એક સંકેત આપ્યો. સોનિયા ગાંધી સવારે, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીને સાથે લીધા અને SPG સુરક્ષા વિના રાજીવ ગાંધીની સમાધિ પર ગયા.

આ પછી તે સૌપ્રથમ શરદ પવારને મળી અને તેમને સમર્થન આપવાનું નક્કી કર્યું. તેમણે પવાર સાથે નેતૃત્વનો મુદ્દો ઉઠાવ્યો ન હતો, ન તો તેમણે આગામી સરકારની રચના અંગે ચર્ચા કરી હતી. એવું કહેવાય છે કે પવાર પહેલા એવા નેતા હતા જેમને તેમના ઈરાદા પર શંકા હતી, પરંતુ તેમણે તે બતાવ્યું ન હતું.

15 મેના રોજ કોંગ્રેસે સોનિયા ગાંધીને CPP એટલે કે કોંગ્રેસ સંસદીય દળના નેતા તરીકે ચૂંટ્યા. અહીં પણ સોનિયાએ પોતાના ભાષણમાં નવી ભૂમિકા સ્વીકારી ન હતી. તેમણે સરકાર બનાવવાનો ઔપચારિક દાવો કરવા માટે રાષ્ટ્રપતિનો સંપર્ક કરવાનો પણ ઈનકાર કર્યો હતો. કોંગ્રેસના નેતાઓ વિચારતા રહ્યા કે તેઓ ભાવનાત્મક દબાણ બનાવીને સોનિયા ગાંધીને મનાવી શકશે.

16 મે સોનિયા ગાંધીએ વરિષ્ઠ અને તેમના વિશ્વાસુ કોંગ્રેસીઓની નજીકની બેઠક બોલાવી. તેમાં નટવર સિંહ પણ હતા. પોતાના પુસ્તકમાં આ બેઠકનો ઉલ્લેખ કરતાં નટવર સિંહ લખે છે, 'મનમોહન સિંહ, પ્રણવ મુખર્જી, અર્જુન સિંહ, શિવરાજ પાટિલ, ગુલામ નબી આઝાદ, એમ.એલ. ફોતેદાર ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠક શા માટે બોલાવવામાં આવી હતી તે મનમોહન સિંહ સિવાય બીજા કોઈને ખબર ન હતી. અહીં સોનિયા ગાંધીએ કહ્યું કે તેમણે મનમોહન સિંહને વડાપ્રધાન બનવા માટે કહ્યું છે. મનમોહન સિંહે તરત જ કહ્યું, "મેડમ, મારી પાસે બહુમતી નથી."

નટવર સિંહ આગળ લખે છે, ' જ્યારે થોડી વાર સુધી કોઈ બોલ્યું નહીં ત્યારે મેં મનમોહન સિંહને કહ્યું કે જેની પાસે બહુમતી છે તે તમને સોંપી રહ્યાં છે...! આ બાબત માત્ર કોંગ્રેસીઓ માટે ઉશ્કેરણીજનક બની રહી. કેમ કે મનમોહન સિંહ માત્ર 14 વર્ષ પાર્ટીમાં હતા જ્યારે અર્જુન સિંહ જેવા નેતા 50 વર્ષ પાર્ટીમાં હતા.

વાસ્તવિક વાર્તા 18મી મેના રોજ શરૂ થઈ હતી. આ દિવસે સંસદીય દળની બેઠક બોલાવવામાં આવી હતી અને ત્યાં સુધીમાં બધા સમજી ગયા હતા કે સોનિયા પીએમ બનવા માગતી નથી.

અહીં સોનિયાએ કહ્યું, ' મેં ઘણી વાર કહ્યું છે કે મારું લક્ષ્ય પીએમ બનવાનું નથી. હંમેશની જેમ આજે પણ હું મારા અંતરાત્માને અનુસરીશ અને હું આ પોસ્ટને નકારી રહી છું.'

ત્યારબાદ સામ્યવાદી પાર્ટીના નેતા જ્યોતિ બસુએ જાહેરમાં કહ્યું કે સોનિયા ગાંધીના પીછેહઠ પાછળનું કારણ તેમના બાળકો છે. તેઓ તેના પિતાની જેમ તેની માતાને ગુમાવવા માંગતા નથી....તેનો ઉલ્લેખ કરતા નટવર સિંહે પોતાના પુસ્તકમાં લખ્યું છે કે, "રાહુલને ડર હતો કે તેના દાદી અને પિતાની જેમ તેની માતાનું પણ મૃત્યુ થઈ શકે છે. રાહુલ શબ્દોનો માણસ છે અને તેમની વાતને હળવાશથી લઈ શકાય તેમ નથી.

તેમણે સોનિયાને વિચારવા માટે 24 કલાકનો સમય આપ્યો હતો. તે સમયે મનમોહન સિંહ, સુમન દુબે, હું અને પ્રિયંકા ગાંધી ત્યાં હાજર હતા. સોનિયા માટે તેને અવગણવું શક્ય નહોતું. સોનિયા પીએમ ન બનવા પાછળનું આ એક મોટું કારણ હતું.

રાજકીય ધમાસાણ અને અરાજકતાનો અંત આવ્યો અને રાજીવ ગાંધીની પુણ્યતિથિનીના એક દિવસ બાદ 22 મે 2004ના રોજ, મનમોહન સિંહે ભારતના 13મા વડાપ્રધાન તરીકે શપથ લીધા. અને સોનિયાએ પોતાને અને પરિવારને બચાવી લેવાનું કામ કર્યું. કેમ કે જો તેઓ પીએમ બન્યા હોત તો તેમની પણ હત્યા થઈ શકી હોત. અને આ કારણથી ગાંધી પરિવારમમાં ભવિષ્યમાં રાહુલ પણ માતા સોનિયાની જેમ પીએમપદ બીજાને આપી શકે છે.

# બાગેશ્વરબાબાની કથા સાંભળીને ઘરે આવેલી પત્નીની પતિએ કરી હત્યા

■ પતિએ પત્ની પાસેથી નશો કરવા પૈસા માગ્યા, પત્નીએ ના પાડી અને....



ગુજરાત | વંદન

રંગીલુ રાજકોટ બન્યું રક્ત રંજીત. રાજકોટમાં સતત બીજા દિવસે હત્યાનો સિલસિલો યથાવત છે. બે દિવસમાં 3 વ્યક્તિઓની હત્યાના બનાવ બન્યા છે. પતિએ ક્રુરતાપૂર્વક પત્નીની હત્યા કરી છે.

બાગેશ્વરધામના ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીની રાજકોટના રેસકોર્સ મેદાન સ્થિત હનુમાન કથા સાંભળી પરત પોતાના ઘરે ખોડિયારપરામાં પહોંચેલી 25 વર્ષીય પરિણીતા અંજલિ અહેરવાલની તેના પતિએ તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી છે. પતિ પુષ્પેન્દ્રએ પત્નીની ઘરકંકાસમાં હત્યા કરી હતી. પત્ની પાસેથી પૈસા માંગતા પતિ પત્ની વચ્ચે ઝઘડો થયો હતો. પતિ નશાની હાલતમાં ઘરે આવી પત્નીને માર મારતો હતો. જેના બાદ પત્નીની તીક્ષણ હથિયારના ઘા ઝીંકી હત્યા નિપજાવી હતી.

મળતી માહિતિ મુજબ રાજકોટના ખોડિયારપરા વિસ્તારમાં મૂળ મધ્યપ્રદેશનો અહેરવાલ પરિવાર રહે છે. આ પરિવારના સદસ્યો ગઈકાલે રેસકોર્સ મેદાન સ્થિત બાગેશ્વરધામના ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીની હનુમાન કથા સાંભળવા ગયાં હતાં. જેના બાદ તમામ લોકો ઘરે આવી ગયા હતા. જેમાં પરિવારની અંજલિ પુષ્પેન્દ્ર અહેરવાલ પણ ઘરે આવી હતી. બધા પોતપોતાના રૂમમાં આવીને સૂઈ ગયા હતા. સવાર થતાજ અંજલિ પોતાના રૂમમાંથી બહાર આવી ન હતી. તેથી તેની બહેને દરવાજો ખોલીને જોયુ તો અંદર અંજલિનો મૃતદેહ પડ્યો હતો.

અનુસંધાન પેજ 1 પરથી...

## 300ના મોત...

પહોંચી છે અને ઓછામાં ઓછા ત્રણ રાજ્યો ઓડિશા, તામિલનાડુએ મૃતકોના માનમાં રાજકીય શોક જાહેર કર્યો છે. ગુજરાતે પણ સરકારી કાર્યક્રમો રદ્દ કર્યા છે. દુર્ઘટનાની ગંભીરતા એટલી મોટી છે ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સમીક્ષા બેઠક બોલાવવાની ફરજ પડી હતી. રેલ અકસ્માતના ડ્રોન દ્રશ્યો ટીવી મીડિયા સહિત સોશિયલ મીડિયામાં ખુબજ વાયરલ થયા છે. રેલ મંત્રી અશ્વિન વૈષ્ણવ ઘટના સ્થળે પહોંચ્યા છે. ઓછામાં ઓછી 100 ટ્રેનો રદ્દ કરાઈ છે, અથવા રૂટ ડાયવર્ડ કરાયો છે. હજુ પણ બચાવ અને રાહત કાર્ય ચાલી રહ્યું છે. અકસ્માતના દ્રશ્યો ખુબજ ભયાનક અને હચમચાવી નાંખે તેવા છે. આ વિચિત્ર અકસ્માત કઈ રીતે થયો તેની ઉચ્ચસ્તરીય તપાસ સોંપવામાં આવી છે. હજુ પણ મરનારાઓની સંખ્યામાં વધારો થઈ શકે તેમ છે. આજે દિવસ દરમ્યાન આ રેલ દુર્ઘટનાના દ્રશ્યો અને સમાચારો ટોક ઓફ ધી નેશન બન્યા હતા. આવો સમજીએ કે આ અકસ્માત થયો કેવી રીતે. આ અકસ્માત બાલાસોર સ્ટેશનની નજીક બહાનગા બજાર સ્ટેશન પાસે થયો હતો. અકસ્માત સમયે આઉટર લાઈન પર એક માલગાડી ઊભી હતી. હાવડાથી આવી રહેલી કોરોમંડલ એક્સપ્રેસ (12841) જે ચેન્નાઈ જઈ રહી હતી તેના કેટલાક ડબ્બા બહાનગા બજાર સ્ટેશનથી 300 મીટર પહેલા પાટા પરથી ઉતરી ગયા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે કોરોમંડલ એક્સપ્રેસનું એન્જિન માલગાડી પર ચડી ગયું. આ સાથે જ કોરોમંડલ એક્સપ્રેસ ટ્રેનની પાછળવાળી બોગીઓ ત્રીજા ટ્રેક પર જઈને પડી. અચાનક ત્યારે જ આ ટ્રેક પર પૂરઝડપે આવી રહેલી હાવડા-બેંગ્લુરુ એક્સપ્રેસ (12864) ટ્રેક પર પડેલી કોરોમંડલ એક્સપ્રેસની બોગીઓ સાથે જોરથી અથડાઈ...! સૂત્રોના જણાવ્યા અનુસાર, સિગ્નલ ફેલ થવાનો કોઈ પ્રશ્ન જ નથી અને ન તો કોઈ સીધી ટક્કર થઈ છે. આમ એક સાથે ટ્રેનો વચ્ચે વિચિત્ર અને ભયાનક અકસ્માત ઉપરા ઉપરી સર્જોયો હતો. સ્થાનિક લોકોએ કહ્યું કે તેમણે ધડાકા-ભડાકાના સતત અવાજો સાંભળ્યા અને તેઓ ઘટનાસ્થળ પર પહોંચ્યા. તેમણે જોયું તો ટ્રેનો ઉથલી પડેલી હાલતમાં જણાઈ હતી. તેમની સામે સામે સ્ટીલ તથા અન્ય ધાતુના ટુકડાના ઢગલા સિવાય કશું નહતું.

રેલવે મંત્રી દ્વારા ઉચ્ચ સ્તરીય તપાસની જાહેરાત

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ શનિવારે ઓડિશાના બાલાસોરમાં દુર્ઘટના સ્થળે પહોંચ્યા હતા. અને સ્થિતિનું અવલોકન કર્યું હતું. આ દરમિયાન કહ્યું હતું કે એક વિસ્તૃત ઉચ્ચ સ્તરીય તપાસ કરવામાં આવશે. રેલવે સુરક્ષા આયુક્તની એક સ્વતંત્ર તપાસ કરવામાં આવશે.

આ ટ્રેનો રદ કરવામાં આવી

12837 હાવડા-પુરી સુપરફાસ્ટ એક્સપ્રેસ, જૂન 2, 2023, 12863 હાવડા-બેંગલુરુ સુપરફાસ્ટ એક્સપ્રેસ, 12839 હાવડા-ચેન્નાઈ મેઈલ યાત્રા, 12895 શાલિમાર-પુરી સુપરફાસ્ટ એક્સપ્રેસ, 20831 શાલીમાર-સંબલપુર એક્સપ્રેસ, 02837 સંતરાગાછી- -પુરી સ્પેશલ એક્સપ્રેસ અને 22201 સિયાલદહ-પુરી દુરંતો એક્સપ્રેસ રદ કરવામાં આવી છે.

## નાસાની ચેતવણી...

વધારે છે, તેને અવકાશમાં જ પાછી વાળી શકાય છે. અને તેના દ્વારા તે સીધી દરિયામાં પડી જાય છે અને કોઈ નુકસાન થતું નથી પરંતુ હાલમાં નાસાએ પૃથ્વી તરફ આવી રહેલા નવા ખડક વિશે પુષ્ટિ કરી છે. જેનું નામ 488453 (1994 XD)રાખવામાં આવ્યું છે. આ ખડક આવતા દસ દિવસમાં પૃથ્વીના ઓર્બિટમાંથી પસાર થશે.

## સરકાર બધા...

વડાપ્રધાન મોદી અને બીજેપી મૌન છે પરંતુ બ્રિજભૂષણ શરણ સિંહ પરના આરોપો આ મામલાની તપાસ કરવા માટે પૂરતા છે.

સુપ્રીમ કોર્ટમાં કુસ્તીબાજોનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ સિબ્બલે ટ્વિટર પર લખ્યું કે, આ મામલાની તપાસ કરનારાઓ માટે આ મેસેજ પૂરતો છે. બ્રિજભૂષણ સિંહ વિરૂદ્ધ પુરાવા સતત વધી રહ્યા છે તેમની સામે લોકોનો આક્રોશ પણ વધી રહ્યો છે પરંતુ તે પછી પણ તેમની ધરપકડ કરવામાં નથી આવી અને પીએમ મોદી, ગૃહમંત્રી અમિત શાહ, ભાજપ અને આરએસએસ ચૂપ છે. આ સાથે કપિલ સિબ્બલે સરકાર પર આકરા પ્રહારો કરતા કહ્યું કે, સરકાર બધાની સાથે નથી પરંતુ બ્રિજ ભૂષણની સાથે છે.

## દિલ્હીમાં કેન્દ્ર...

તૈયારીઓની જવાબદારીઓ સોંપવા માટે યોજાયેલી બેઠકમાં રાયે જણાવ્યું હતું કે AAP કાર્યકર્તાઓ 5 જૂનથી ડોર-ટુ-ડોર ઝુંબેશ શરૂ કરશે અને દિલ્હીવાસીઓને રેલીમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરશે. તેમણે વધુમાં કહ્યું કે રેલી દિલ્હીવાસીઓ માટે કેન્દ્ર સરકારના વટહુકમ પ્રત્યે પોતાનો આક્રોશ અને ગુસ્સો વ્યક્ત કરવા માટે એક મંચ તરીકે કામ કરશે.

અનુસંધાન પેજ 12 પરથી...

## ગુજરાતમાં દેશનો...

કે આ પ્રોજેક્ટમાં જંગી મૂડીરોકાણની જરૂર છે. સેમીકન્ડક્ટર અને માઈક્રો ચીપ માટે ચીન અને તાઈવાન પર નિર્ભરતા ઘટાડવા માટે અમેરિકા સહિત દુનિયાભરના દેશો પોતાને ત્યાં ચીપનું મેન્યુફેક્ચરિંગ કરવાની યોજના ઘડી રહ્યા છે.

આ કડીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતમાં ચીપના પ્રોડક્શનની માટે 1 હજાર કરોડ ડોલરની ડ્રાઈવ શરૂ કરી હતી. જો કે ભારતમાં અત્યાર સુધી આ અંગે કોઈ પ્રગતિ થઈ શકી નથી.હાલ મોબાઈલ, કોમ્પ્યુટર, લેપટોપ નાની-મોટી તમામ ઈલેક્ટ્રિક પ્રોડક્ટમાં ચીપ એટલે કે સેમીકન્ડક્ટરનો ઉપયોગ થાય છે. કોરોના કાળમાં ચીન અને તાઈવાનમાં ચીપનું પ્રોડક્શન અટકતા સપ્લાય ઠપ્પ થઈ ગઈ હતી.

## લાલદરવાજા...

ખુરશીઓ વરસાદમાં કાટી જાય છે, જેની જગ્યાએ પથ્થરનો ઉપયોગ કરાયો છે..લોકો ગંદકી કરે તો પણ બેઠકોને ધોઈને સરળતાથી સાફ કરી શકાય છે. શેડની અંદર શીટ પણ એવી લગાવાઈ છે કે જે નેચરલ લાઈટને અંદર આવવા દે. જેથી દિવસે લાઈટ ચાલુ કરવાની જરૂરિયાત ન પડે.

ટેરેસ પર પન્ના પેટર્નનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જે બે વર્ટિકલ વોલ છે એના પર AMTSની હિસ્ટ્રીનું આર્ટિફેક્ટ બનાવવામાં આવશે, જેમાં સૌથી જૂની લાલ બસ અને અત્યારે ચાલતી ઈલેક્ટ્રિક બસનો ફોટો લગાવવામાં આવશે, જેથી લોકોને ખ્યાલ આવે કે ત્યાંથી લઈને અત્યારસુધીની સફર AMTSએ ખેડી છે.ટર્મિનસનું મુખ્ય બિલ્ડિંગ પ્લેટફોર્મ નં.1 પર બાંધવામાં આવ્યું છે.

પીવાના પાણીની સુવિધા માટે આધુનિક ફિલ્ટર મૂકવામાં આવ્યું છે. પ્રવાસીઓની ફરિયાદોનો નિકાલ કરવા માટે અલગ કન્ટ્રોલ રૂમની વ્યવસ્થા કરવાથી પ્રવાસીઓને જમાલપુર મુખ્ય ઓફિસ સુધી જવાની જરૂર નહિ પડે.

પ્લેટફોર્મ નં. 1થી 7 ઉપર બેઠક વ્યવસ્થા સાથે પાઈપ ફેબ્રિકેશન પર ડેકોરેટિવ બસ શેલ્ટર બનાવાયું છે. ખાસ દિવ્યાંગોની સગવડતા માટે પ્લેટફોર્મની ઊંચાઈ એ રીતે રખાઈ છે કે તેમને મુશ્કેલી ન પડે.

## બાલાસોર ટ્રેન...

બ્રિગેડ અને સ્થાનિક પોલીસ પ્રશાસનના 600 જવાનો આખી રાત અંધારામાં બોગીમાં ફસાયેલા લોકોને બહાર કાઢીને હોસ્પિટલ પહોંચાડતા રહ્યા. આ અકસ્માત બાલાસોરથી લગભગ ચાલીસ કિલોમીટર દૂર બહાનાગા બજાર સ્ટેશન પાસે થયો હતો. બહાનાગા, બાલાસોરથી ભુવનેશ્વર સુધીની હોસ્પિટલો ઘાયલોથી ભરેલી છે.

## રિવરફ્રન્ટ રોડ...

દબાણ સામે તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. સ્ટેડિયમ વોર્ડના ઈન્કમટેક્સબ્રિજથી રિવરફ્રન્ટ એપ્રોચવાળા જાહેર રોડ પર સત્તાધીશોએ ડ્રાઈવ કરી કુલ ૨૪ ફોર વ્હીલરને તાળાં મારી દીધાં હતાં. તંત્રએ આ ડ્રાઈવ હેઠળ કસૂરવાર વાહનચાલકો પાસેથી રૂ. ૧૨ હજારનો વહીવટીચાર્જ પણ વસૂલ્યો હતો.

## અશાંતિ ફેલાવવાના ...

જેમાં સ્ટેડિયમમાં નહિ જવા પર ધમકી આપવામાં આવી હતી. જો મેચ જોવા જશો તો ત્યાં ધમાલ થશે વિરોધ કરાશે. આ મેસેજ ભારતમાં પ્રતિબંધિત સંસ્થા શીખ ફોર જસ્ટીસ તેના મુખ્ય ગુરપંત સિંગ પન્નુના અવાજમાં કરાયો હતો. સાયબર સેલને મળેલી બાતમીના આધારે સાયબરસેલ એ વધુ એક ઓપરેશન સફળ રીતે પાર પાડ્યું છે.

મુંબઈના ભીવંડીમાં એક રહેણાંક વાળી જગ્યામાં 4 સીમ બોક્સ મળ્યા ત્રણ રાઉટર અને 605 એરટેલ અને બીએસએનલ કંપનીના સીમકાર્ડ સાથે બે શખ્સોની ધરપકડ કરવામાં આવી છે.

# પાટણના વારાહી પોલીસ સ્ટેશનનો કોન્સ્ટેબલ અને વચેટિયો 3.50 લાખની લાંચ લેતા ઝડપાયા

ગુજરાત | વંદન

પાટણ જિલ્લા સાંતલપુર તાલુકાના વારાહી પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ અને વચેટિયાના સાડા ત્રણ લાખ રૂપિયાની લાંચ લેતા એસીબીએ ઝડપી પાડ્યા છે. ફરિયાદીના ભત્રીજાનું એક કેસમાં શકમંદ આરોપી તરીકે નામ નહી ખોલવા અને ધરપકડ નહીં કરવા બદલ લાંચની માગણી કરવામાં આવી હતી. ફરિયાદીએ એસીબીનો સંપર્ક કરતા આજે છટકું ગોઠવી પોલીસ કોન્સ્ટેબલ અને વચેટિયાને લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા હતા.

પાટણ જિલ્લાના સાંતલપુરના વારાહી પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલા સીઆરપીસી 41-1(D)માં ફરિયાદીના ભત્રીજાનું નામ શકમંદ આરોપી તરીકે નહી ખોલવા અને તેઓની ધરપકડ નહી કરવા બદલ 3.50 લાખની લાંચની માગણી કરવામાં આવી હતી. વારાહી પોલીસ સ્ટેશનનના પોલીસ કોન્સ્ટેબલ હરીસિંહ સરદારસિંહ વાઘેલા વતીઈકબાલખાન કરીમખાન મલેક નામના વચેટિયાએ લાંચની માગણી કરી હતી. પરંતુ, ફરિયાદી લાંચ આપવા માગતા ન હોય એસીબીમાં ફરિયાદ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, અવારનવાર પોલીસ દ્વારા લાંચ લેવાના કિસ્સા સામે આવતા હોય છે. છેલ્લા કેટલાંક સમયથી આવા કિસ્સાઓમાં વધારો થયો છે. જેના કારણે લોકોનું પોલીસ ઉપરથી વિસ્તાર ઉઠી રહ્યો છે.

# ONGC 2030 સુધીમાં રિન્યુએબલ એનર્જીમાં આશરે રૂા.1 ટ્રિલિયનનું રોકાણ કરશે

■ ONGCની 2038 સુધીમાં નેટ ઝીરો થવાની યોજના

ગુજરાત | વંદન

આબોહવા પરિવર્તનનો સામનો કરવા માટે 2070 સુધીમાં નેટ ઝીરો કન્ટ્રી બનવાની વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રતિબદ્ધતાના ભાગરૂપે દેશના ટોચના તેલ અને ગેસ ઉત્પાદકો ચોખ્ખા શૂન્ય ઉત્સર્જન માટે રોડમેપ તૈયાર કરી રહ્યા છે . આ દરમ્યાન ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC)ના ચેરમેન અરુણ કુમાર સિંહે સોમવારે જણાવ્યું હતું કે કંપની 2030 સુધીમાં રિન્યુએબલ એનર્જીમાં આશરે 1 ટ્રિલિયનનું રોકાણ કરશે કારણ કે તે 2038 સુધીમાં નેટ ઝીરો થવાની યોજના ધરાવે છે.

સિંઘે શુક્રવારે નાણાકીય પરિણામો પછી મુંબઈમાં એક પ્રેસ મીટમાં જણાવ્યું હતું કે, “અમે તેના પર કામ કરી રહ્યા છીએ (ઊર્જા સંક્રમણ) અને હવે અમને વિશ્વાસ છે કે અમે 2038 સુધીમાં સ્કોપ-1 અને સ્કોપ-2 ઉત્સર્જન માટે ચોખ્ખી શૂન્ય હાંસલ કરી શકીશું.”

કંપની તેની નવીનીકરણીય ઉર્જા ઉત્પાદન ક્ષમતાને વર્તમાન 189 મેગાવોટથી વધારીને 2030 સુધીમાં 10 ગીગાવોટ કરવાની યોજના ધરાવે છે. તેણે રાજસ્થાનમાં 5 ગીગાવોટના પુનઃપ્રાપ્ય ઉર્જા પ્રોજેક્ટ્સ સ્થાપવાનું પહેલેથી જ આયોજન કર્યું છે. સિંઘે જણાવ્યું હતું કે,“અમે મેંગલોરમાં વાર્ષિક 1 મિલિયન ટનના ગ્રીન એમોનિયા પ્લાન્ટનું પણ આયોજન કરી રહ્યા છીએ. એકંદરે, રોકાણ રૂા.1 ટ્રિલિયનની રેન્જમાં હશે,” , ઑફશોર વિન્ડ ફાર્મ પણ ટેબલ પર છે.




ONGCને પરેશાન કરતો એકમાત્ર મુદ્દો એ છે કે કેવી રીતે ચોવીસ કલાક રિન્યુએબલ એનર્જી સપ્લાય કરવી (RTC). ONGC એ આ મુદ્દા પર સંશોધન અને વિકાસ કરવા માટે એક ટીમની રચના કરી છે જે બેટરી અને નોન-બેટરી સોલ્યુશન્સ બંનેને જોઈ રહી છે.

ચેરમેને કહ્યું હતું કે,”અમારી પાસે રોકડ પ્રવાહ છે. અન્ય લોકોની સરખામણીમાં, અમારી પાસે તે થોડું સરળ હોઈ શકે છે કારણ કે અમે કેટલાક જોખમો લઈ શકીએ છીએ,”. ONGC માને છે કે તે ઊર્જા સંક્રમણ શરૂ કરવા માટે તૈયાર છે કારણ કે તેના કર્મચારીઓ હવે ખૂબ પ્રેરિત છે.

જો કે, કંપની અશ્મિભૂત ઈંધણમાં રોકાણ કરવાનું ચાલુ રાખશે કારણ કે 2040 સુધી અશ્મિભૂત ઈંધણની માંગ વધતી રહેશે, એમ સિંઘે જણાવ્યું હતું. ONGCએ ગયા વર્ષની જેમ જ FY24માં રૂા. 30,125 કરોડના મૂડી ખર્ચનું આયોજન કર્યું છે.

સિંઘે જણાવ્યું હતું કે, “અમે ગયા વર્ષે ઓઈલ અને ગેસ બ્લોક્સની શોધમાં રૂા. 10,000 કરોડ ખર્ચ્યા હતા અને અમે આગામી ત્રણ વર્ષ માટે દર વર્ષે રૂા.10,000 કરોડ ખર્ચવાની યોજના બનાવીએ છીએ.” કંપની તેના વર્તમાન વાવેતર વિસ્તારને વધારીને 5 લાખ ચોરસ કિમી કરવાની યોજના ધરાવે છે.

---

## માર્ક ઝુકરબર્ગનો એક મોટો નિર્ણય

# મેટાના કર્મચારીએ સપ્ટેમ્બરથી અઠવાડિયામાં ત્રણ દિવસ ઓફિસમાંથી કામ કરવું પડશે




ગુજરાત | વંદન

ફેસબુકની પેરેન્ટ કંપની મેટા પ્લેટફોર્મ તેના કર્મચારીઓને લઈને સતત ગાઈડલાઈન્સ જારી કરી રહી છે. સતત છટણી બાદ કંપની હવે તેના કર્મચારીઓના ઘરેથી કામ સમાપ્ત કરવા જઈ રહી છે. આ અંતર્ગત હવે મેટાના કર્મચારીઓએ સપ્ટેમ્બરથી અઠવાડિયામાં ત્રણ દિવસ ઓફિસમાંથી કામ કરવું પડશે. જો કે, જે કર્મચારીઓ હવે જ્યાં છે ત્યાંથી કામ કરી રહ્યા છે તેઓ ત્યાંથી કામ કરી શકશે.

બ્લૂમબર્ગના રિપોર્ટ અનુસાર, કંપની ઉત્પાદકતા અને કાર્યક્ષમતા વધારવાના ઉદ્દેશ્યથી આવું કરી રહી છે. મેટા કંપનીના આ નિર્ણયને લઈને થોડા દિવસોથી ચર્ચાઓ ચાલી રહી હતી. મેટાના સીઈઓ માર્ક ઝકરબર્ગે માર્ચમાં જણાવ્યું હતું કે આંતરિક વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે ટીમ સાથે કામ કરવા માટે અઠવાડિયામાં ઓછામાં ઓછા ત્રણ દિવસ ઓફિસ આવવાથી સારું પ્રદર્શન થાય છે. આ સાથે Meta CEO ઝુકરબર્ગે પણ છટણી બાદ પોતાના કર્મચારીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

---

# એનર્જી મિશન-2023: ભારત નંબર વન ગેસ આધારિત અર્થતંત્ર બનશે

■ ભારતમાં 2030 સુધીમાં ગેસનો હિસ્સો વધીને લગભગ 9% થઈ શકે છે: ઈકરા

ગુજરાત | વંદન

2030 સુધીમાં તેના ઉર્જા મિશ્રણમાં કુદરતી ગેસનો હિસ્સો બમણો કરીને 15% સુધી વધારીને “ગેસ આધારિત અર્થતંત્ર” બનવાનું ભારતનું લક્ષ્ય, લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) ટર્મિનલ્સની અપૂરતી ક્ષમતા, અને અસ્થિર ગેસના ભાવ અને સ્થિર સ્થાનિક ઉત્પાદનને જોતાં એક ઊંચો ઓર્ડર લાગે છે .

2027 થી સંપૂર્ણ કિંમતની છૂટકની સંભાવનાઓ અને “મુશ્કેલ ક્ષેત્રો” માંથી ગેસના ઊંચા ભાવ રિલાયન્સ-બીપી અને ઓએનજીસી જેવા મોટા સ્થાનિક ઉત્પાદકોને ઉત્પાદન વધારવા માટે પ્રોત્સાહિત કરી શકે છે , તેમ છતાં લક્ષિત ગતિ અને એલએનજીની આયાત માટે અપૂરતી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગેસના વપરાશને વેગ આપવાની યોજનાઓને અવરોધી શકે છે.

ઈકરાના વાઈસ પ્રેસિડેન્ટ અને કો-હેડ પ્રશાંત વશિષ્ઠે જણાવ્યું હતું કે,



”મને લાગે છે કે 2030 સુધીમાં 15% એક મહત્વાકાંક્ષી લક્ષ્ય છે. ભારત ભાવ સંવેદનશીલ બજાર છે અને યુક્રેન કટોકટી પછી ગેસ બજાર તંગ રહેવાની શક્યતા છે. 2030 સુધીમાં ગેસનો હિસ્સો વધીને લગભગ 9% થઈ શકે છે,”

ઊંચા ભાવોને કારણે, ભારતનો કુદરતી ગેસનો વપરાશ FY23માં 6% ઘટીને 60,311 મિલિયન મેટ્રિક સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર (mmscm) થયો હતો જે એક વર્ષ અગાઉ 64,159 mmscm હતો. LNG આયાત FY22 માં 31,028 mmscm થી 14% ઘટીને 26,647 mmscm થઈ હતી.

ભારતનું ગેસનું ઉત્પાદન એક દાયકાથી વધુ સમયથી સ્થિર છે. FY23માં તે 33,664 mmscm હતું. પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ (PPAC)ના છેલ્લા 11 વર્ષના ડેટા મુજબ, FY12માં સૌથી વધુ 46,453 mmscm અને FY19માં સરેરાશ આઉટપુટ 32,056 mmscm હતું.

રિન્યુએબલ એનર્જી, કોલસો અને તેલ જેવા વિકલ્પોના ભાવો સામે ગેસના ભાવ સ્થાનિક ઉત્પાદકો અને વપરાશકર્તાઓ માટે અપ્રિય રહ્યા હતા, ત્યારે સ્થાનિક ગેસ વપરાશ માટે LNG આયાત પરની નિર્ભરતા FY22માં વધીને 48% થઈ હતી જે FY12માં 28% હતી.

ગેસ એ ખાતર ક્ષેત્ર માટે મુખ્ય ફીડસ્ટોક છે, તે ઉપરાંત થર્મલ પાવર એકમો માટે બળતણ છે, અને રસોઈ માટે ઓટો ફ્યુઅલ (CNG) અને પાઈપ્ડ ગેસ તરીકે તેનો અંતિમ ઉપયોગ છે.

2030 એનર્જી મિક્સ ટાર્ગેટને હાંસલ કરવામાં અન્ય એક મોટી અવરોધ છે ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ અડચણ જેમ કે ગેસ ગ્રીડ, પાઈપલાઈન, ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક અને વધુ અગત્યનું એલએનજી ટર્મિનલ, જે નવા પ્રોજેક્ટ્સમાં અબજોનું રોકાણ હોવા છતાં પૂરતું નથી.

હાલમાં, ગુજરાતમાં દહેજ, હજીરા અને મુન્દ્રા, મહારાષ્ટ્રમાં દાભોલ, કેરળમાં કોચી અને તમિલનાડુમાં એન્નોર ખાતે છ ઓપરેટિંગ LNG સ્ટોરેજ અને રિગેસિફિકેશન ટર્મિનલ છે જેની કુલ ક્ષમતા વાર્ષિક 42.5 મિલિયન મેટ્રિક ટન (mmtpa) છે.

ગુજરાતમાં જાફરાબાદ અને છારા, ઓડિશામાં ધામરા અને મહારાષ્ટ્રના જયગઢ ખાતે 20 એમએમટીપીએની સંયુક્ત ક્ષમતા સાથે ચાર નવા ટર્મિનલ આવી રહ્યા છે. દહેજ અને મુન્દ્રા ટર્મિનલ 5 એમએમટીપીએ ઉમેરશે.

---

# એક કરોડ સુધીની બેડ લોનનો ઝડપથી નિકાલ કરવા નાણાં મંત્રાલયની બેંકોને સૂચના

ગુજરાત | વંદન




નાણા મંત્રાલયે જાહેર ક્ષેત્રની બેંકોને પરસ્પર સંમતિથી રૂ. ૨૦ લાખથી રૂ. ૧ કરોડની લોન ડિફોલ્ટર્સ સાથે વન ટાઈમ સેટલમેન્ટ (ઓટીએસ) કરવા માટે નિર્દેશ આપ્યો છે. તેનાથી ડેટ રિકવરી ઓથોરિટી પરનો બોજ ઘટાડવામાં મદદ મળશે.

નાણા મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, ડેટ રિકવરી ઓથોરિટીમાં આવા કેસોની પેન્ડન્સી ૭૨-૭૪ ટકા છે. તેનાથી ડેટ રિકવરી ઓથોરિટી પરનો બોજ ઓછો થશે. આનાથી બેંકોને નોન-પરફોર્મિંગ એસેટ્સ રિકવર કરવામાં પણ મદદ મળશે. પતાવટ સાથે વ્યવહાર કરતા આ કેસોમાં ઓછી રકમ વસૂલ કરવી કે કેમ તે સંબંધિત બેંકનું બોર્ડ નક્કી કરશે. તમામ બેંકો માટે સરેરાશ લઘુત્તમ રકમ નક્કી કરવામાં આવી નથી. આ વર્ષે, નાણા મંત્રાલયે વર્ષની શરૂઆતમાં લોકસભામાં જણાવ્યું હતું કે ડેટ રિકવરી ઓથોરિટીમાં ફેબ્રુ.૨૦૨૩ સુધી ૧,૫૮,૦૦૦ કેસ પેન્ડિંગ છે.

ડીઆરટીમાં ઘણા બધા કેસ પેન્ડિંગ છે. 2022 પહેલાના પાંચ વર્ષમાં વિવિધ બેંકો અને નાણાકીય સંસ્થાઓ દ્વારા ૪.૪૩ લાખ કરોડના કેસ નોંધાયા હતા. તેમાંથી ઓથોરિટીએ ૧૧૦૪૯૮ કેસનો નિકાલ કર્યો હતો. બેંકો એવા ખાતામાંથી ડેટ રિકવરી ઓથોરિટીમાં કેસ દાખલ કરે છે જ્યાં બેંકો ત્રણ વર્ષ સુધી કોઈ વસૂલાત કરી શકતી નથી અને રકમ ૨૦ લાખ રૂપિયાથી વધુ છે.

---

## યુરોપ અને પશ્ચિમમાં મંદી વચ્ચે

# વૈશ્વિક અર્થતંત્ર માટે આકર્ષક સ્થળ તરીકે ઉભર્યુ ભારત

■ ભારતીય અર્થવ્યવસ્થાએ ચીનની 4.5 ટકા વૃદ્ધિને પાછળ છોડી દીધી



ગુજરાત | વંદન

યુરોપ અને પશ્ચિમમાં મંદી હોવા છતાં, ભારત વૈશ્વિક અર્થતંત્ર માટે આકર્ષક સ્થળ તરીકે ઉભરી આવ્યું છે. ભારતે પણ ચીનને પાછળ છોડી દીધું છે. ચીનની અર્થવ્યવસ્થાએ પ્રથમ ત્રિમાસિક ગાળામાં 4.5 ટકાની વૃદ્ધિ નોંધાવી હતી, જ્યારે ભારતીય અર્થતંત્રનો વિકાસ દર 6.1 ટકા હતો.

યુરોપની સૌથી મોટી અર્થવ્યવસ્થા ધરાવતો દેશ જર્મની ભૂતકાળમાં મંદીમાં અટવાયેલો છે. અહીં મોંઘવારી પણ બેફામ રીતે વધી છે. અમેરિકા પ્રથમ વખત ડિફોલ્ટના જોખમમાં છે. વર્લ્ડ બેંક અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ જેવી સંસ્થાઓ કહે છે કે ભારતમાં મંદીની શક્યતા ઓછી છે.

મુખ્ય આર્થિક સલાહકાર વી અનંત નાગેશ્વરન કહે છે કે ભારત મજબૂત આર્થિક કામગીરીના વધુ એક વર્ષની રાહ જોઈ શકે છે. અંદાજિત 6.5 ટકા જીડીપી સમાનરૂપે સંતુલિત છે અને ચાલુ નાણાકીય વર્ષમાં વધુ વૃદ્ધિની સંભાવના છે. અમે મેક્રો ઈકોનોમિક, નાણાકીય અને રાજકોષીય સ્થિરતા સાથે સતત આર્થિક વૃદ્ધિની વાર્તા રજૂ કરી શકીએ છીએ.

### ખાણકામ અને સેવા ક્ષેત્રમાં રેકોર્ડ વૃદ્ધિ


ખાણકામ ક્ષેત્રે GVA વૃદ્ધિ દર ચોથા ક્વાર્ટરમાં 4.3 ટકા રહ્યો જે એક વર્ષ અગાઉ 2.3 ટકા હતો. બાંધકામ ક્ષેત્રનો વિકાસ દર એક વર્ષ અગાઉ 4.9 ટકાની સરખામણીએ 10.4 ટકા રહ્યો છે. કૃષિમાં તે 4.1 ટકાથી વધીને 5.5 ટકા થયો છે. વીજળી, ગેસ અને પાણી પુરવઠા અને અન્ય દૈનિક ઉપયોગિતા સેવાઓમાં વૃદ્ધિ દર 6.9 ટકા હતો. એક વર્ષ અગાઉ તે 6.7 ટકા હતો.

---

# ભારત રાષ્ટ્રને સમર્પિત બિઝનેસ સેવાના 35વર્ષની ઉજવણી કરી રહ્યું છે અદાણી સમૂહ

ગુજરાત | વંદન

સંકલિત આંતર માળખાકીય પોર્ટફોલિઓ કંપનીઓ ધરાવતા ઝડપથી વિકાસ કરી રહેલા ભારતના સૌથી મોટા અદાણી ઔદ્યોગિક સમૂહે તેનો નવો મલ્ટી મિડીઆ, મલ્ટી પ્લેટફોર્મ ‘હમ કરકે દીખાતે હે’ જાહેરાત ઝૂંબેશ ખુલ્લી મુકી છે. ઓજીલ્વી ઈન્ડીઆ દ્વારા વિકસાવવામાં આવેલ ‘હમ મુશ્કલો કી નહી સુનતે, કરકે દીખાતે હે’ ઝૂંબેશ અદાણી સમૂહના કઠોર પરિશ્રમની કોઠાસુઝના સથવારે અવરોધોને ઓળંગીને ભારત અને દરિયાપારના. દેશોમાં વિશ્વકક્ષાના આંતર માળખાનું નિર્માણ કરવાના સ્થિતિસ્થાપક અભિગમનો મજબૂત પુરાવો છે. ૧૦૦ સેકન્ડની એક ટેલિવિઝન કોમર્શિયલ દેશભરના દર્શકોને અદાણી ઉદ્યોગ સમૂહની




વિકાસયાત્રાનું સચિત્ર દર્શન કરાવે છે. અદાણી સમૂહની ભારત રાષ્ટ્રને સમર્પિત સેવાના તેના ૩૫ વર્ષની ઉજવણી કરી રહ્યું છે તેના ભાગરૂપે અદાણી સમૂહ ભારતભરમાં પ્રિન્ટ, પ્રસારણ અને સોશ્યલ મિડીઆ પ્લેટફોર્મ ઉપર આગામી થોડા સમયમાં આ ઝૂંબેશ મારફત પહોંચશે.

અદાણી એન્ટરપ્રાઈઝીસના ડાયરેક્ટર પ્રણવ અદાણીએ અદાણી સમૂહના પડકારોને તકોમાં પરિવર્તિત કરવાના અજેય મિજાજ અને સખ્ત પરિશ્રમના અભિગમને હુબહુ આ ટુંકી રિલમાં પ્રસ્તુત કરવામાં આવ્યો છે. લાખો ભારતીય લોકોના જીવનમાં હકારાત્મક પરિવર્તન લાવવાનું ચાલક બળ બનવાના મક્કમ નિર્ધાર સાથે ફર્સ્ટ જનરેશન ઉદ્યોગ સાહસિક અદાણી સમૂહનો આ જોમ અને જુસ્સો આમારા સંસ્કારની આધારશિલા છે.

અદાણી સમૂહ સ્વતંત્ર રીતે સંચાલિત બજારનું નેતૃત્વ કરતા વૈવિધ્યસભર વર્લ્ડ કલાસ પોર્ટફોલિઓ ધરાવે છે. જેણે એનર્જી અને યુટીલિટીઝ, ટ્રાન્સપોર્ટ અને લોજીસ્ટિક્સ, મટિરીયલ્સ,મેટલ્સ અને માઈનિંગ અને ડાયરેક્ટ ટુ કસ્ટમર ક્ષેત્રના વ્યવસાયોમાં ક્રાંતિકારી આયામો અપનાવીને આમૂલ પરિવર્તન લાવવા સતત પ્રયત્નશીલ રહ્યું છે. ગ્લોબલ ક્રિએટીવના ચેરમેન અને ઈંડીઆ ઓજીલ્વીના કાર્યકારી ચેરમેન પિયુષ પાન્ડેએ આ વેળા કહ્યું હતું કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રાષ્ટ્રીય વિકાસના પ્રોજેક્ટ્સમાં રોકાણ માટે પ્રતિબધ્ધતા અને માન્યતા જરુરી છે. અદાણીનો આ નવો કોર્પોરેટ કેમ્પેઈન અને આ જૂસ્સો છે.

---


# એન્ડ્રોઇડ સ્માર્ટ ટીવી યુઝર્સને ગૂગલે આપી મોટા જોખમની ચેતવણી

■ સ્માર્ટ ટીવી યુઝર્સે ખાતરી કરવી જોઈએ કે તેમના ટીવીમાં વાયરસવાળી ફેક ટીવી ઓપરેટિંગ સિસ્ટમ તો આપવામાં આવી નથી ને ?

ગુજરાત | વંદન

હાલ મોટાભાગના ઘરોમાં એન્ડ્રોઈડ સ્માર્ટ ટીવી લાગી ગયા છે. સ્માર્ટ ટીવીની માટે ગૂગલ તરફથી ઓફર કરવામાં આવતી ગુગલ ટીવી સૌથી મોર્ડન અને બેસ્ટ ઓપરેટિંગ સિસ્ટમ છે. એન્ડ્રોઈડ ટીવીનો ટેલીવીઝન માર્કેટના એક મોટા હિસ્સા પર કબજો છે અને તે ઘણી લોકપ્રિય પણ છે. બજારમાં હાલ ઓછી કિંમતના ઘણા સસ્તા સ્માર્ટ ટીવી વેચાઈ રહ્યા છે જે એન્ડ્રોઈડ TV OSની સાથે આવે છે. જો કે એવું લાગે છે કે બજારમાં ઉપલબ્ધ તમામ ઉપકરણો Android Droid TV OS ના ચકાસાયેલા વેરિફાઇડ અથવા સુરક્ષિત વર્ઝન પર ચાલતા નથી. આ જ કારણ છે કે ગૂગલે હવે તે બધા એન્ડ્રોઈડ સ્માર્ટ ટીવી યુઝર્સ માટે ચેતવણી જાહેર કરી છે જેઓ સસ્તા ટીવી બોક્સનો ઉપયોગ કરી રહ્યા છે.

ગૂગલે એન્ડ્રોઈડ ટીવી યુઝર્સને એક મહત્વની સલાહ આપી છે. ટેક જાયન્ટે કહ્યું છે કે તમામ સ્માર્ટ ટીવી યુઝર્સે ખાતરી કરવી જોઈએ કે તેમના ટીવીને માલવેરવાળી ફેક ટીવી ઓપરેટિંગ સિસ્ટમ તો આપવામાં આવી નથી ને. તાજેતરમાં આ બાબતથી સંબંધિત એક્સપર્ટ્સે ખુલાસો કર્યો હતો કે ઘણા લોકપ્રિય સ્ટ્રીમિંગ બોક્સ આવા નહોતા,



જે હકીકતમાં તેવા દેખાડવામાં આવ્યા હતા. અલબત્ત, આ ડિવાઈસને ગુગલે બનાવ્યા નથી પરંતુ તેમાં ગુગલની એપ્સ પ્રી-ઈન્સ્ટોલ આવે છે.

બે સિક્યોરિટી રિસર્ચે અલગથી શોધી કાઢ્યું કે Android Droid TV કમાન્ડ અને કંટ્રોલ સર્વર્સ સાથે કનેક્ટ થવા માટે માલવેરનો યુઝ કરી રહ્યાં છે અને તે Clickbait (ક્લિકબાઈટ) પેલોડ્સને ડિલિવર કરવા માટે સર્વરને કન્ટ્રોલ કરી રહ્યા છે. રિપોર્ટ અનુસાર, આવું કરવાથી ક્રિમિનલ બેકગ્રાઉન્ટમાં એડવર્ટ પર ક્લિક કરીને કમાણી કરે છે. કુલ મળીને કહીયે તો તે એક એડ ક્લિક (ad click) ફ્રોડ છે. હેક કરાયેલા એન્ડ્રોઈડ સ્માર્ટ ટીવી યુઝરની સહમત વગર જ અન્ય લોકો સાથે કનેક્ટ થઇ જાય છે અને બોટનેટનો હિસ્સો બને છે. જે હજારો ટીવી બોક્સમાં રન થઈ શકે છે.

---

# સતત 14મા મહિને GST કલેક્શન 1.40 લાખ કરોડને પાર

ગુજરાત | વંદન

અર્થતંત્રના મોરચે સુધારો ચાલુ છે. સતત 14મા મહિને કલેક્શન રૂ. 1.40 લાખ કરોડને પાર કરી ગયું છે. તે જ સમયે, વર્ષ 2017 થી અત્યાર સુધીમાં પાંચ વખત GST કલેક્શન 1.50 લાખ કરોડ રૂપિયાને પાર કરી ગયું છે.

નાણા મંત્રાલયે ગુરુવારે કહ્યું કે આર્થિક ગતિવિધિઓને ઝડપી બનાવવા અને ચોરી રોકવાની




અસર જોવા મળી છે. મે મહિનામાં જીએસટી કલેક્શન 1.57 લાખ કરોડ રહ્યું છે. અગાઉ, અત્યાર સુધીનો રેકોર્ડ કલેક્શન એપ્રિલ, 2023માં હતો જે 1.87 લાખ કરોડ રૂપિયા હતો.

આંકડાઓ અનુસાર, માર્ચ 2023માં 1.60 લાખ કરોડ રૂપિયા, જાન્યુઆરીમાં 1.57 લાખ કરોડ રૂપિયા, ઓક્ટોબરમાં 1.51 લાખ કરોડ રૂપિયા, એપ્રિલમાં 1.87 લાખ કરોડ રૂપિયા અને એપ્રિલ 2022માં રૂપિયા 1.67 લાખ કરોડ એકત્ર થયા હતા. દેશના જે રાજ્યોમાં GST કલેક્શન મે મહિનામાં સૌથી વધુ રહ્યું છે, તેમાં મહારાષ્ટ્રમાં રૂ. 23,536 કરોડ, કર્ણાટકમાં રૂ. 10,317 કરોડ, ગુજરાતમાં રૂ. 9,800 કરોડ અને તમિલનાડુમાં રૂ. 8,953 કરોડ છે.

---

## ગયા મહિને 74.98 ડોલરના દરે ક્રૂડ ઓઈલ ખરીદાયું

# ભારતે 17 મહિનાના સૌથી નીચા દરે ક્રૂડ ઓઈલ ખરીદ્યું

ગુજરાત | વંદન

ભારતીય તેલ કંપનીઓએ મે, 2023ના મહિનામાં આંતરરાષ્ટ્રીય બજારમાંથી પ્રતિ બેરલ $74.98ના સરેરાશ દરે ક્રૂડ ઓઈલની ખરીદી કરી છે. ડિસેમ્બર 2021 પછી આ કિંમત સૌથી સસ્તી છે ક્રૂડની સરેરાશ કિંમત $73.3 પ્રતિ બેરલ. એટલે કે છેલ્લા 17 મહિનામાં સૌથી સસ્તા ભાવે ક્રૂડ ઓઈલની ખરીદી કરવામાં આવી છે. તેમ છતાં કંપનીઓ પેટ્રોલ અને ડીઝલની છૂટક કિંમતોમાં કોઈ રાહત આપી રહી નથી. જો કે, ગુરુવારે સરકારી તેલ કંપનીઓએ કોમર્શિયલ એલપીજી સિલિન્ડર (19 કિલો)ની કિંમતમાં રૂ. 83.5 અને વિમાનમાં વપરાતા એટીએફની કિંમતમાં 07 ટકાનો ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે.

નેશનલ કેપિટલ રિજનમાં કોમર્શિયલ એલપીજી સિલિન્ડર 1773 રૂપિયા થઈ ગયો છે. આ નિર્ણયથી રેસ્ટોરન્ટ અને હોટલ સંચાલકોને થોડો ફાયદો થશે અને એવિએશન કંપનીઓનો ખર્ચ પણ ઓછો થશે. માનવામાં આવી રહ્યું છે કે વહેલા-મોડા ઘરેલુ ગેસ અને પેટ્રોલ ડીઝલમાં થોડી રાહત મળશે.

દેશની સરકારી તેલ કંપનીઓએ 06 એપ્રિલ, 2022થી સ્થાનિક બજારમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર કર્યો નથી. આ પછી, 21 મે, 2022 ના રોજ, જોકે, કેન્દ્ર સરકાર દ્વારા એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કરવામાં આવ્યો હતો.

મે 2023માં ભારતે પ્રતિ બેરલ $109.51ના સરેરાશ દરે ક્રૂડની ખરીદી કરી હતી.

---

# રિઝર્વ બેંક દ્વારા ઓનલાઈન પેમેન્ટ સિસ્ટમમાં ફેરફાર કરાશે

■ હાલની પેમેન્ટ સિસ્ટમ જેમ કે UPI, NEFT અને RTGS પર આધારિત છે

ગુજરાત | વંદન

ભારતીય રિઝર્વ બેંક (RBI) એ લાઈટ વેઈટ પેમેન્ટ અને સોલ્યુશન સિસ્ટમની કલ્પના કરી છે, જેને તે ડિજિટલ પેમેન્ટની સમકક્ષ “બંકર” તરીકે ઓળખાવે છે, જે કુદરતી આફતો અથવા યુદ્ધ જેવી આકસ્મિક પરિસ્થિતિઓમાં ઓછામાં ઓછા સ્ટાફ દ્વારા ગમે ત્યાંથી સંચાલિત થઈ શકે છે. આ સિસ્ટમ માટેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર એ ટેકનોલોજીથી સ્વતંત્ર હશે જે હાલની પેમેન્ટ સિસ્ટમ જેમ કે UPI, NEFT અને RTGS પર આધારિત છે.

30 મે, 2023 મંગળવારના રોજ વર્ષ 2022-23ના વાર્ષિક અહેવાલમાં RBIએ જણાવ્યું કે, લાઈટવેઈટ અને પોર્ટેબલ પેમેન્ટ સિસ્ટમ ઓછામાં ઓછા હાર્ડવેર અને સૉફ્ટવેર પર કાર્ય કરે તેવી અપેક્ષા છે અને તેને ફક્ત “જરૂરિયાતના આધારે” સક્રિય કરવામાં આવશે.

“આવી લાઈટ અને પોર્ટેબલ પેમેન્ટ સિસ્ટમ દેશમાં પેમેન્ટ અને સેટલમેન્ટ સિસ્ટમના શૂન્ય ડાઉનટાઈમની નજીકની ખાતરી કરી શકે છે અને બલ્ક પેમેન્ટ્સ, ઈન્ટરબેંક પેમેન્ટ્સ અને સહભાગી સંસ્થાઓને રોકડની જોગવાઈઓ જેવી આવશ્યક ચુકવણી સેવાઓની અવિરત




કામગીરીને સરળ બનાવીને અર્થતંત્રની લિક્વિડિટી પાઈપલાઇનને જીવંત અને અડીખમ રાખી શકે છે.સરકાર અને બજાર સંબંધિત વ્યવહારો સહિત અર્થતંત્રની સ્થિરતાની ખાતરી કરવા માટે મહત્વપૂર્ણ ટ્રાન્ઝેકશન પ્રક્રિયા કરવાની સિસ્ટમ પાસે અપેક્ષા છે.

RBI અનુસાર, RTGS, NEFT અને UPI જેવી હાલની પરંપરાગત પેમેન્ટ સિસ્ટમ્સ સતત ઉપલબ્ધતાની ખાતરી કરતી વખતે મોટા પ્રમાણમાં ટ્રાન્ઝેક્શન હાથ ધરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. પરિણામે, તેઓ એડવાન્સ્ડ આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા સમર્થિત જટિલ વાયર્ડ નેટવર્ક્સ પર નિર્ભર છે.


“જો કે, કુદરતી આફતો અને યુદ્ધ જેવી આપત્તિજનક ઘટનાઓ અંતર્ગત માહિતી અને કોમ્યુનિકેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વિક્ષેપિત કરીને આ પેમેન્ટ સિસ્ટમને અસ્થાયી રૂપે અનુપલબ્ધ કરવાની ક્ષમતા ધરાવે છે,” રિઝર્વ બેંકે વધુમાં જણાવ્યું કે, આવી મુશ્કેલીભરી અને અસ્થિર પરિસ્થિતિઓનો સામનો કરવા માટે તૈયાર રહેવું સમજદારીભર્યું છે.”

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## દુનિયામાં 6 એવા મેટ્રો સ્ટેશન છે કે જે કોઈ પ્રવાસન સ્થળ કરતાં પણ વધારે સુંદર છે

# આ છે દુનિયાના સૌથી ખુબસુરત મેટ્રો સ્ટેશન,એકવાર તો મુલાકાત બનતી હૈ

આપણે સૌ વિવિધ પર્યટન સ્થળો પર ફરવા જઈએ છીએ. એ બધા સ્થળોની કોઈ કોઈ વિશેષતા રહેલી હોય છે જેથી આપ સૌ તે સ્થળ જોવા માણવા જતા હોઈએ છીએ. પરંતુ તમે ક્યારેય મેટ્રો સ્ટેશન પર ફરવા ગયા હોવ એવુ બન્યું ખરુ.? મોટે ભાગે આપણે બધા મેટ્રો સ્ટેશન પર ફરવા નહી પણ માત્ર ટ્રેનમાં બહાર જવા માટે જ જતા હોઈએ છીએ. પ્રવાસીઓ તેનો ઉપયોગ માત્ર એક સ્થળેથી બીજા સ્થળે જવા પુરતો જ કરે છે. અને આ યાત્રામાં કોઈ ખાસ રુચી પણ નથી હોતી. તેથી મેટ્રો સ્ટેશન હંમેશા બોરીંગ લાગતુ હોય છે. પરંતુ આજે અમે તમને દુનિયામાં 6 એવા મેટ્રો સ્ટેશનની વાત કરવા જઈ રહ્યા છીએ કે જે કોઈ પ્રવાસન સ્થળને પણ ટક્કર મારે એટલા સુંદર બનાવેલ છે.



### 1. રશિયાનું અવતોબો મેટ્રો સ્ટેશન

રશિયાના સેન્ટ પીટર્સબર્ગમાં આવેલ અવતોબો મેટ્રો સ્ટેશન જોઈ તમારી આંખો પહોળી થઈ જશે. તે એક મહેલ જેવુ બનાવેલ છે. આ મેટ્રો સ્ટેશન બહારથી એક નાના સંગ્રહાલય જેવુ દેખાય છે. પરંતુ તે અંદરથી એક સુંદર મહેલ જેવુ દેખાય છે. તેની દિવાલો સફેદ કલરથી કરવામાં આવી છે. ચમકદાર રોશનીથી જળહળતા ઝુંમરો તેના શોભામાં ચાર ચાંદ લગાડે છે. અહી આ મેટ્રો સ્ટેશનની ફોટોગ્રાફી કરવાની સખત મનાઈ છે. અને જો કોઈ તેનો ફોટો પાડે તો તેની પાસેથી મોટો દંડ વસુલવામાં આવે છે.

### 2. તાઈવાનનું ફોર્મોસા બુલેમાર્ગ સ્ટેશન

આ સ્ટેશનને પ્રકાશનો ઘુંમટ કહેવામાં આવે છે. આ સ્ટેશનની ખાસિયત એ છે કે તે કાચમાથી બનાવવામાં આવ્યુ છે. જેને ઈટાલીના નાર્સિસસ કાગ્લયંટા દ્વારા ડીઝાઈન કરવામાં આવ્યુ છે. આ સ્ટેશન બનાવવામાં ચાર વર્ષ લાગ્યા હતા. અને આ ઘુંમટમા 4500 થી વધારે કલરના કાચના પૈનલ લાગેલા છે. જે જર્મનીમાં મંગાવવામાં આવેલ છે. આ કળામાં પ્રેમ અને સહનશિલતાનો સંદેશ માનવામાં આવે છે.

### 3. ઈટલીનું યુનિવર્સિટી સ્ટેશન

યુનિવર્સિટી સ્ટેશન નેપલ્સ એ ઈટલીમાં આવેલુ છે. આ મેટ્રો સ્ટેશનના રંગીન કલર અને તેની ડીઝાઈન બદલવાનો શ્રેય ન્યુયોર્કના ડીઝાઈનર કરીમ રાશિદના નામે જાય છે. મુર્તિઓના સ્વરુપે થાંભલા, ગ્રાફિક્સ ડીઝાઈન દિવાલો અને છત પર સુંદર ચિત્રકામ કરવામાં આવ્યુ છે. આ દરેક પ્રકારની વિશેષતા મેટ્રો સ્ટેશનની આગવી ઓળખ ઊભી કરી છે.

### 4. વોશિંટનનું યુનિયન સ્ટેશન

અમેરીકાના આ સ્ટેશનનો ઈતિહાસ ખૂબ દીલચપ્સ છે. જ્યારે તે બનવવામાં આવી રહ્યુ હતુ ત્યારે કેનેડી દેશનાં રાષ્ટ્રપતિ હતા. એવુ માનવામાં આવે છે કે આ સરકારની ગરીમાને પ્રતિનિધિત્વ કરે છે. એટલે તે અતિ સુંદર બનાવવામાં આવ્યુ છે.

### 5. પેરિસનું આર્ટસ એટ મેટીર્સ મેટ્રો સ્ટેશન

આ મેટ્રો સ્ટેશનને પનડુબ્બીનો આકાર આપવામાં આવ્યો છે. તેનો કલર ખૂબ સુંદર છે. આ મેટ્રો સ્ટેશનને બેલ્જિયમના હાસ્ય કલાકાર ફ્રેંકોઈસ શાઉટન દ્વારા બનાવવામાં આવ્યું છે. અને તે જુલ્સ વર્નના કાલ્પનિક કાર્યો પર આધારિત છે. તેની સુંદરતા મનમોહક છે. આમા સફર કરવાવાળા લોકો એક અલગ પ્રકારનો અનુભવ કરે છે.

### 6. સાઉદી અરબનું રિયાઝ મેટ્રો સ્ટેશન

સાઉદી અરબનું આ રિયાજ સ્ટેશન દુનિયાના સૌથી સુંદર સ્ટેશનોમાંનુ એક છે. અહી આ સ્ટેશનની દિવાલો પર સોનાનો ઢોળ ચડાવવામાં આવ્યો છે. વિશાળ આરસપહાડના રસ્તાઓ અને અંતરિક્ષ જેવી ડિઝાઈન જોવા મળે છે. આ સાથે વાસ્તુકળા શાસ્ત્રી જાહા હદીદે આ સ્ટેશનની ડિઝાઈન તૈયાર કરી આપી છે.

# ખાટ્ટા-મીઠા ફાલસામાં છુપાયેલો છે અનેક રોગોનો ઈલાજ, જાણો નાના ફાલસાના મોટા ફાયદા...

કુદરતે આપણને કેટલાક એવા ફળો ભેટમાં આપ્યા છે જે ખાવામાં માત્ર સ્વાદિષ્ટ જ નથી પરંતુ ઔષધીય ગુણોથી પણ ભરપૂર છે. આવું જ એક ફળ છે ફાલસા. તે મધ્ય ભારતમાં વ્યાપકપણે જોવા મળે છે. આ ફળ નાનુ અને તેનો સ્વાદ ખાટો-મીઠો હોય છે. પોષક તત્વોની વાત કરીએ તો તેમાં વિટામિન સી ભરપૂર માત્રામાં હોય છે. આ સિવાય મેગ્નેશિયમ, પોટેશિયમ, સોડિયમ, ફોસ્ફરસ, કેલ્શિયમ, પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ્સ અને આયર્ન પણ તેમાં જોવા મળે છે, જેના કારણે તેને પોષક તત્વોનું પાવર હાઉસ કહેવામાં આવે છે.



### ફાલસા ખાવાના ફાયદા

1 ડાયાબિટીસના દર્દીઓ માટે ફાલસા ખૂબ જ ફાયદાકારક છે. ફાલસા ફળમાં ગ્લાયસેમિક ઈન્ડેક્સ ઓછો હોવાથી તેના સેવનથી બ્લડ શુગર લેવલ નિયંત્રિત રહે છે. આ સિવાય તેમાં પોલીફેનોલ એન્ટીઓક્સીડેન્ટ પણ હોય છે, જે આ ફળને ડાયાબિટીસના દર્દીઓ માટે સારું બનાવે છે.

2 ફાલસામાં પાણીનું પ્રમાણ નોંધપાત્ર છે. તેનું સેવન કરવાથી તમે ઉનાળામાં ઘણો ફાયદો મેળવી શકો છો. તેનું સેવન કરવાથી શરીર ઠંડુ રહે છે.

3 ફાલસા ફળમાં ભરપૂર માત્રામાં કેલ્શિયમ હોય છે, તે હાડકાંને મજબૂત બનાવે છે.


4 ફાલસામાં હાજર બળતરા વિરોધી ગુણધર્મો સંધિવા અને ઓસ્ટીયોપોરોસિસની સ્થિતિમાં ગંભીર હાડકાના દુખાવાને ઘટાડવામાં મદદ કરે છે. સાંધાઓની ગતિશીલતા વધારવામાં પણ મદદ કરે છે.

5 ફાલસા ફળમાં એન્ટીઓક્સીડેન્ટની હાજરી આપણા શરીરમાં કેન્સર વિરોધી એજન્ટ તરીકે કામ કરે છે. તેના ઉપયોગથી કેન્સરનો ખતરો ટાળી શકાય છે. તેમાં રહેલા એન્ટીઓક્સીડેન્ટ આપણા શરીરને બ્રેસ્ટ અને લીવર કેન્સરથી બચાવે છે.

6 ફાલસાના ફળમાં હાજર ફાઈટોકેમિકલ્સ કમ્પાઉન્ડ શ્વાસ સંબંધી સમસ્યાઓને ઘટાડવામાં મદદ કરે છે.ફાલસાનો રસ અસ્થમા જેવા રોગોમાં ફાયદાકારક સાબિત થઈ શકે છે.

7 ફાલસા ફળમાં હાજર એન્ટીઓક્સીડેન્ટ હૃદય સંબંધિત રોગો સામે લડવામાં મદદરૂપ સાબિત થાય છે. તેમાં પોટેશિયમ પણ સારી માત્રામાં હોય છે જે બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

8 ફાલસા ફળમાં ભરપૂર માત્રામાં આયર્ન હોય છે. તેનો ઉપયોગ એનિમિયાની સારવારમાં મદદ કરી શકે છે.



# શું તમને પણ ચાંદલો લગાવવાથી થાય છે એલર્જી, તો અપનાવી જુઓ આ નુસ્ખા

ભારતીય મહિલાઓના શ્રૃંગારમાં બિંદીનું ખૂબ વધુ મહત્વ હોય છે. કોઈ પણ મહિલા જ્યારે કપાળે ચાંદલો લગાવે છે ત્યારે તેની સુંદરતામાં વધારો થઈ જાય છે. પરંતુ અમુક મહિલાઓને ચાંદલાની એલર્જી હોય છે. ઘણી મહિલાઓની સ્કિન ખૂબ સેન્સેટિવ હોય છે. જેના કારણે તેમને આ સૂટ કરતુ નથી. દરમિયાન એલર્જીની સમસ્યા થવી સ્વાભાવિક છે. આ એલર્જીના કારણે મહિલાઓ બિંદી લગાવવાનું છોડી છે.

### મોઈશ્ચરાઈઝર

ઘણી વખતે આ એલર્જી શુષ્કતાના કારણે થઈ હોય છે. દરમિયાન દિવસમાં 3થી 4 વખત કપાળ પર મોઈશ્ચરાઈઝર લગાવો. જેથી ચાંદલો લગાવવાના સ્થાને ભીનાશ જળવાઈ રહેશે.

### નારિયેળ તેલ

ચાંદલો લગાવવાના સ્થાને નારિયેળ તેલથી દરરોજ બે મિનિટ સુધી મસાજ કરો. નારિયેળ તેલ સ્કિન માટે બેસ્ટ મોઈશ્ચરાઈઝર એજન્ટ માનવામાં આવે છે. આનાથી ત્વચામાં ભીનાશ રહેશે અને ચાંદલાની એલર્જીથી રાહત મળશે.

### એલોવેરા જેલ

રાત્રે સૂતા પહેલા જો તમે દરરોજ એલોવેરા જેલ લગાવશો તો તેનાથી તમારી ત્વચાને એલર્જી સામે લડવાની શક્તિ મળશે. એલોવેરામાં એન્ટી-બેક્ટેરિયલ અને એન્ટી-સેપ્ટિક ગુણ હોય છે, જે ત્વચાને એલર્જીથી બચાવીને રાખે છે.

### કંકુ

જો આ તમામ નુસ્ખાઓનો ઉપયોગ કર્યા બાદ પણ તમારી એલર્જી ઓછી થઈ રહી ના હોય તો ચાંદલા માટે તમે કંકુનો પણ ઉપયોગ કરી શકો છો. આનાથી સ્કિન પર કોઈ ઈફેક્ટ પડતી નથી.



# ગરમીમાં લીલી ચટણી ઘરે બનાવો તો આટલું ધ્યાન રાખો... બગડશે નહીં, મસ્ત સુગંધ આવશે

**તેલની મદદ લોઃ** ખાવામાં સ્વાદનો તડકો લગાવવા માટે લીલી ચટણી એક બેસ્ટ ઓપ્શાન છે. વાત કરવામાં આવે તો ગરમીમાં ખાવાની વસ્તુઓ જલદી બગડી જાય છે. લીલી ચટણીને લાંબા સમય સુધી સ્ટોર કરવા માટે તમે તેલનો ઉપયોગ કરી શકો છો. તેલ તમારા માટે બેસ્ટ ઓપ્શાન છે. આ માટે તમે લીલી ચટણી બનાવતી વખતે એમાં જૈતુનનું તેલ મિક્સ કરો. આમ કરવાથી ચટણી ખરાબ નહીં થાય અને લીલી રહેશે.

**ફ્રિજમાં રાખોઃ** ખાસ કરીને ગરમીમાં લીલી ચટણી ફ્રિજમાં મુકવાની આદત પાડો. લીલી ચટણી ફ્રિજમાં રાખવાથી એ બગડશે નહીં અને સ્મેલ મસ્ત આવશે. આ ચટણી લાંબા સમય સુધી ફ્રેશ રહે છે. આ સાથે સ્વાદ પણ મસ્ત રહે છે. લીલી ચટણી ગરમીમાં તમે ખાઓ છો તો બેસ્ટ રહે છે. ફ્રિજમાં તમે ચટણી રાખો છો તો લાંબા સમય સુધી ફ્રેશ રહે છે.

**કાચનો યુઝ કરોઃ** લીલી ચટણીને સ્ટોર કરવા માટે તમે કાચના બાઉલનો ઉપયોગ કરી શકો છો. કાચમાં લીલી ચટણી રાખવાથી એ લાંબા સમય સુધી ફ્રેશ રહે છે. કાચના બાઉલમાં ચટણી રાખવાથી ખરાબ થતી નથી અને ફ્રેશ રહે છે. ઘણાં લોકો ગ્રીન ચટણી પ્લાસ્ટિકની બોટલમાં ભરતા હોય છે. તમે પણ આવું કરો છો તો આ તમારી સૌથી મોટી ભૂલ છે. આ માટે હંમેશા ગ્રીન ચટણી કાચના બાઉલમાં ભરવાની આદત પાડો.

**આઇસ ટ્રેમાં મુકોઃ** લીલી ચટણીને ગરમીમાં સ્ટોર કરવા માટે તમે આઈસ ટ્રેનો ઉપયોગ કરી શકો છો. આ માટે તમે લીલી ચટણી બનાવો અને એને આઈસ ટ્રેમાં ભરીને ફ્રિજમાં મુકી દો. પછી આ ચટણી તમને જ્યારે ખાવાની ઈચ્છા થાય ત્યારે આઈસ ટ્રે બહાર કાઢો અને ખાવાના ઉપયોગમાં લો.

**એર કન્ટેનરની મદદ લોઃ** લીલી ચટણીને સ્ટોર કરવા માટે તમે એર કન્ટેનરનો ઉપયોગ કરો. આદુ-લસણ નાખશો નહીંઃ ગરમીમાં લીલી ચટણી બનાવો ત્યારે ખાસ કરીને એમાં આદુ-લસણનો ઉપયોગ કરશો નહીં. આદુ-લસણ નાખવાથી ચટણી બગડી જાય છે.

## ખાસ જાણો નહીં તો હાડકાં નબળા થશે

# બાળકને ક્યારે માલિશ કરવી જોઇએ નવડાવતા પહેલાં કે પછી ?

બાળકોની સ્કિન બહુ નાજુક હોય છે. નાજુક સ્કિન પર માલિશ કરવાથી લઈને નાની-નાની બાબતોનું ધ્યાન રાખવુ ખૂબ જરૂરી હોય છે. નાના બાળકો પર ક્યારે પણ બહારની કેમિકલ પ્રોડ્ક્ટસનો ઉપયોગ કરવો જોઈએ નહીં. આ કેમિકલ પ્રોડક્ટ્સથી બાળકની સ્કિનને અનેક ઘણું નુકસાન થાય છે. આ માટે ખાસ કરીને બાળકને માલિશ કરવામાં આવે છે. પરંતુ તમને એક વાત જણાવી દઈએ કે નાના ભૂલકાઓને સ્નાન કરાવો એ પહેલાં કે પછી..ક્યારે માલિશ કરવી જોઈએ એ વિશે જાણી લેવુ ખૂબ જરૂરી છે. તો જાણો અને પછી બાળકને માલિશ કરો જેથી કરીને સ્કિનથી લઈને હેલ્થને કોઈ નુકસાન થાય નહીં અને ફાયદો થાય.




જાણો બાળકોને માલિશ કરવાથી લઇને બીજુ શું ધ્યાન રાખશો

**બાળકોને હંમેશા માલિશ કરવાની આદત પાડો** | આઈએપી દિશાનિર્દેશ અનુસાર બાળકની ત્વચામાં ડ્રાયનેસના કોઈ લક્ષણો ના હોવા છતા પણ હંમેશા ક્લિનીકલી સ્કિન ડ્રાય રહે છે. આ માટે બાળકોની ત્વચા પર માલિશ કરવી ખૂબ જરૂરી છે.

**તેલ માલિશ પછી બાળકને મોઇસ્ચુરાઇઝર લગાવવુ નહી** | આઈએપી દિશાનિર્દેશો અનુસાર તેલ માલિશ કરવાથી અનેક ઘણાં ફાયદાઓ થાય છે. આ કારણે સૂરજમુખીનું તેલ, નારિયેળનું તલ સ્કિન માટ બેસ્ટ સાબિત થાય છે. ઓઈલ મસાજની આવે ત્યારે માલિશ કરવાથી બાળકોની બોડીમાં બ્લડ ફ્લો સારો થાય છે અને સ્કિન પણ મસ્ત રહે છે.

**મોઇસ્ચુરાઇઝિંગ વિકલ્પ** | દૂધ પ્રોટીન, વિટામીન ઈ, વિટામીન બી 5, એલોવેરા જેવી પ્રાકૃતિક વસ્તુથી તમે ત્વચાને મોઈસ્ચુરાઇઝ અને સોફ્ટ કરી શકો છો. આ સિવાય તમે નિષ્ણાંતની સલાહ લઈને આગળનું સ્ટેપ્સ લઈ શકો છો.

# મોડી રાત સુધી મોબાઈલ વાપરવો કેટલો ખતરનાક છે, જાણો કઈ રીતે કરે છે નુકસાનકારક...



આપણામાથી કેટલાય લોકો એવા છે કે તેમને રાત્રે પથારીમાં સુતા પહેલા મોબાઈલ ફોન જોવાની આદત હોય છે. મોબાઈલની લત એટલી બધી વધી ગઈ છે કે તેના વગર રાત્રે ઊંઘ નથી આવતી. પરંતુ પથારીમાં સુતા પહેલા મોબાઈલ જોવો કેટલો ખતરનાક છે તેના કારણો તમારે જાણવા જરુરી છે.

ફોનનો ઉપયોગ એટલી હદે વધી ગયો છે કે લોકો હવે તેના વગર રહી શકતા નથી. સવારે ઉઠતાની સાથે પહેલા ફોન હાથમાં લઈ ચેક કરતા હોય છે. અને રાત્રે સુતા પહેલા પણ ફોન જ જોતા હોય છે. ફોનને આપણે કલાકે કલાકે સ્ક્રોલ કરી સમય પસાર કરતા રહીએ છીએ. પરંતુ ઘણા ઓછા લોકો છે કે જેને સતત ફોનનો ઉપયોગથી કેટલુ નુકશાન થાય છે. એક જ પોઝીશનમાં રહેવાથી બોડી પર તેમજ ગરદન પર વધારે ખેંચાણ આવે છે.

સોતા પહેલા પથારીમાં ફોન ન જોવા માટે સલાહ આપવામાં આવી છે. આનાથી સ્વાસ્થ્ય સાથે જોડાયેલી કેટલીક બીમારીનો ભોગ બની શકો છો. જ્યારે આપણે મોડી રાત સુધી ફોન વાપરવાથી આપણા હાથ લાંબા સમય સુધી એક જ પોઝીશનમા રહે છે, પરંતુ શરીરની રચના પ્રમાણે આપણા શરીરનો કોઈ પણ લાંબા સમય સુધી એક પોઝીશનમાં રહેવાથી શરીરમાં અને ખાસ કરીને બોડી પર તેમજ ગરદન પર ખેંચાણ આવે છે.

આ ઉપરાંત આપણા ફોનની સ્ક્રીનને લાંબા સમય સુધી ગળા ભાગને ડોકને નમાવીને રાખવાથી સર્વાઈકલ પર તણાવ આવે છે,જેના કારણે ‘ ટેક્સ્ટ નેક ‘ તરીકે ઓળખવામાં આવે છે.

**આંખોની તકલીફ શરુ થશે** | જ્યારે તમે લાંબા સમય સુધી ફોનનો ઉપયોગ કરો છો તો તમારી આંખોને ચમકદાર સ્ક્રીન અને આસપાસના વાતાવરણના સાથે કોન્ટ્રાસને એડજસ્ટ કરવા વધારે પડતી મહેનત કરવી પડતી હોય છે.

**મોડા રાત સુધી ફોનનો ઉપયોગ કરવાથી આવી તકલીફો થઇ શકે છે** | રાત્રે પથારીમાં લાંબા સમય સુધી ફોનનો ઉપયોગ કરવાથી આંખો નબળી પડે છે. અને જો તમે અંધારામાં મોડી રાત સુધી ફોનનો ઉપયોગ કરો છો તો આંખોમાં સોજો આવવો, ખુજલી આવવી, આંખો બળવી, લાલ થવી જેવા અનેક રોગો થઈ શકે છે.

**આ ઉપાય અજમાવી જુઓ** | એક સપોર્ટ માટે ઓશિકોનો ઉપયોગ કરવો જોઈએ. જેનાથી માથું, ગરદન અને પીઠને રાહત મળી શકે છે. જો તમે એક બાજુ સુવો છો તો કમરની એંગલને યોગ્ય રાખવા માટે તમારા પગ નીચે ઓશિકુ રાખવું જોઈએ.

## તણાવમાં હોય તો ગ્રીન ટીનું સેવન કરી શકાય, તણાવ થશે ઓછો

# ગ્રીન ટી પીવાના લાભ છે અનેક, આ 7 જબરદસ્ત ફાયદા વિશે જાણો...



દુનિયામાં ચા પીનારાઓની સંખ્યા રોજે રોજ વધતી જાય છે. મોટાભાગના લોકોને સવારે ઉઠતાની સાથે જ બેડ ટી પીવાની આદત હોય છે. ચાની ઘણી જાતો છે પરંતુ મોટાભાગના લોકો દૂધ સાથે બનાવવામાં આવતી ચા પીવાનું પસંદ કરતા હોય છે. જો કે કેટલાક લોકો હર્બલ ટી પણ છે, જે દૂધની ચા કરતાં ઘણી વધુ ફાયદાકારક છે. અને ગ્રીન ટી તેમાની જ એક ચા છે. આ હર્બલ ટીમાં અનેક પ્રકારના ઔષધીય ગુણો રહેલા છે.

**ગ્રીન ટીમાં રહેલા પોષક તત્વો** | ગ્રીન ટીના ઘણા પ્રકાર છે અને તેમાં કેટલીયે પ્રકારના પોષક તત્વો પણ રહેલા હોય છે. માચા, જાસ્મીન, મોરોક્કન વગેરે ગ્રીન ટીના પ્રકાર છે. તેમાં રહેલા પોષક તત્વોની વાત કરીએ તો આ ગ્રીન ટીમાં પ્રોટીન, આયર્ન, એનર્જી, મેગ્નેશિયમ, પોટેશિયમ, મેંગેનીઝ, સોડિયમ, નિયાસિન, કોપર, ઝિંક, એમિનો એસિડ વગેરે હોય છે.

**ગ્રીન ટી પીવાથી સ્વાસ્થ્યને થતા લાભ** | આ બાબતે એક સંશોધનમાં પ્રકાશિત થયેલા પ્રમાણે ગ્રીન ટીના સેવનથી હૃદય બરોબર કામ કરતુ રહે છે. આ ચા કાર્ડિયોવેસ્ક્યુલર હેલ્થને સુરક્ષિત કરે છે. જો તમે દરરોજ ગ્રીન ટી પીઓ છો તો કાર્ડિયોવેસ્ક્યુલર રોગોથી બચી શકાય છે, તેમજ આ સાથે જ હાર્ટ એટેક, સ્ટ્રોક આવવાનું જોખમ પણ ઘટી જાય છે.

**તો કાર્ડિયોવેસ્ક્યુલર ડિસીઝથી થતા મૃત્યુનું જોખમ 41 ટકા સુધી ઘટી શકે છે** | એક અભ્યાસમાં એ પણ સામે આવ્યું છે કે ગ્રીન ટી પીવાથી ટોટલ કોલેસ્ટ્રોલ અને એલડીએલ એટલે કે ખરાબ કોલેસ્ટ્રોલ ઘટી જાય છે. જો તમે દરરોજ ત્રણથી પાંચ કપ ગ્રીન ટીનું સેવન કરો અને હેલ્ધી ડાયટ લેતા હોવ તો કાર્ડિયોવેસ્ક્યુલર ડિસીઝથી થતા મૃત્યુનું જોખમ 41 ટકા સુધી ઘટી શકે છે.

## ઈડન ગાર્ડન જ એવું સ્ટેડિયમ કે જે આખા ગ્રાઉન્ડને ઢાંકી શકે

# વર્લ્ડકપની મેચ પહેલાં આખું ગ્રાઉન્ડ ઢાંકી શકાય તેવી વ્યવસ્થા કરો

■ બંગાળ ક્રિકેટ એસો.ના પ્રમુખ અને ગાંગુલીના ભાઈ સ્નેહાશિષે આપી ગુજરાત ક્રિકેટ એસો.ને સલાહ

ગુજરાત | વંદન

આઈપીએલનો ફાઈનલ મુકાબલો વરસાદને કારણે પ્રભાવિત થયો હતો. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પર રવિવારે મેચ ન રમાતાં સોમવારે રિઝર્વ-ડે પર રમાયો હતો. ગુજરાત ટાઈટન્સની ઈનિંગ બાદ વરસાદ ફરીથી આવ્યો હતો જેના કારણે મેચની પાંચ ઓવર કાપવી પડી હતી. વર્ષના અંતમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમે વન-ડે વર્લ્ડકપના ફાઈનલની યજમાની પણ કરવાની છે.

આ મુદ્દાને ધ્યાનમાં રાખી ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના પૂર્વ પ્રમુખ સૌરવ ગાંગૂલીના ભાઈ અને બંગાળ ક્રિકેટ બોર્ડના પ્રમુખ સ્નેહાશીષ ગાંગૂલીનું માનવું છે કે મોદી સ્ટેડિયમઈડન ગાર્ડનની રેઈન મેનેજમેન્ટ સિસ્ટમમાંથી શીખ મેળવી શકે છે જ્યાં મેદાનને સંપૂર્ણ ઢાંકી દેવામાં આવે છે. આઈપીએલનો ફાઈનલ મુકાબલો સળંગ બે દિવસ વરસાદથી પ્રભાવિત રહ્યો હતો. વરસાદનું પાણી વિકેટની અંદર જઈ રહ્યું હતું જેના કારણે મેદાન કર્મીઓએ તેને સૂકવવા માટે રીતસરનું ઝઝૂમવું પડ્યું હતું.




સ્નેહાશીષ કહ્યું કે, મેચમાં વિલંબ એટલા માટે થયો કેમ કે વિકેટ ભીની થઈ ગઈ હતી. આ નવું સ્ટેડિયમ છે અને મને ભરોસો છે કે આવનારા સમયમાં તેમાં સુધારા કરવામાં આવશે. આ બહુ મોટો મુદ્દો નથી. જો તેઓ આખા મેદાનને કવર કરી લે છે તો પછી પરેશાની નહીં થાય. ઈડન ગાર્ડન દેશનું એકમાત્ર સ્ટેડિયમ છે જેની પાસે આખા મેદાનને ઢાકવા માટે કવર્સ છે. તેમણે કહ્યું કે આ શીખવાની પ્રક્રિયા છે. તમે દરરોજ શીખો છે. મને પૂરો ભરોસો છે કે વિશ્વકપ પહેલાં તેમાં સુધારો કરી લેશે. મેદાનને સંપૂર્ણપણે ઢાકવા માટે બસ 40થી 50 લોકોને વધારાનો રોજગાર આપવાની જરૂરિયાત છે. લગભગ બે વર્ષ પહેલાં આ માટેનો ખર્ચ 80 લાખ રૂપિયા હતો. જો નિર્ણય લેવામાં આવે તો માત્ર બે મહિનામાં આ પ્રકારનું કવર મળી જશે.

# ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે 7 જૂનથી લંડનના ઓવલમાં રમાશે WTC ફાઈનલ

■ ટીમ ઈન્ડિયા સતત બીજી વખત ફાઈનલમાં, ખરાબ હવામાનને ધ્યાનમાં રાખીને રિઝર્વ ડે પણ રાખવામાં આવ્યો

ગુજરાત | વંદન

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2023ની ફાઈનલ મેચ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે 7 જૂનથી લંડનના ઓવલમાં રમાશે. ટીમ ઈન્ડિયા સતત બીજી વખત વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં જગ્યા બનાવવામાં સફળ રહી હતી. ગત ફાઈનલમાં ટીમ ઈન્ડિયાનો મુકાબલો ન્યૂઝીલેન્ડ સામે થયો હતો, જેમાં ટીમને હારનો સામનો કરવો પડ્યો હતો.

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ મેચ ઈંગ્લેન્ડના ઓવલ મેદાન પર 7 થી 11 જૂન દરમિયાન રમાશે. આ મેચમાં ખરાબ હવામાનને ધ્યાનમાં રાખીને રિઝર્વ ડે (12 જૂન) પણ રાખવામાં આવ્યો છે. મેચ ભારતીય સમય અનુસાર બપોરે 3:00 વાગ્યે શરૂ થશે.

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે યોજાનારી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ મેચનું ભારતમાં 'સ્ટાર સ્પોર્ટ્સ' દ્વારા ટીવી પર જીવંત પ્રસારણ કરવામાં આવશે. અહીં તમે વિવિધ ભાષાઓની કોમેન્ટ્રી સાથે મેચ જોઈ શકશો. ભારતમાં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ મેચનું લાઈવ સ્ટ્રીમિંગ ડિઝની પ્લસ હોટસ્ટાર પર કરવામાં આવશે, જેથી તમે મોબાઈલ પર મેચ લાઈવ જોઈ શકશો.



### વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ માટે ભારતીય ટીમ

રોહિત શર્મા (કેપ્ટન), શુભમન ગિલ, ચેતેશ્વર પુજારા, વિરાટ કોહલી, અજિંક્ય રહાણે, કે.એસ. ભરત (વિકેટેઈન), ઈશાન કિશન (વિકેટકેટ), રવિચંદ્રન અશ્વિન, રવિન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, શાર્દુલ ઠાકુર, મોહમ્મદ શમી, મોહમ્મદ સિરાજ, ઉમેશ યાદવ. જયદેવ ઉનડકટ. સ્ટેન્ડબાય ખેલાડીઓ- સૂર્યકુમાર યાદવ, મુકેશ કુમાર, યશસ્વી જયસ્વાલ.

### વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ માટે ઓસ્ટ્રેલિયન ટીમ

પેટ કમિન્સ (c), સ્કોટ બોલેન્ડ, એલેક્સ કેરી (wk), કેમરોન ગ્રીન, માર્કસ હેરિસ, જોશ હેઝલવુડ, ટ્રેવિસ હેડ, જોશ ઈંગલ્સ (wk), ઉસ્માન ખ્વાજા, માર્નસ લેબુશેન, નાથન લિયોન, ટોડ મર્ફી, સ્ટીવન સ્મિથ (vc) , મિશેલ સ્ટાર્ક, ડેવિડ વોર્નર. સ્ટેન્ડબાય ખેલાડીઓ: મિશેલ માર્શ, મેટ રેનશો.

ઓસ્ટ્રેલિયા પાસે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ માટે પેટ કમિન્સ, મિશેલ સ્ટાર્ક, માઈકલ નેસર અને કેમરૂન ગ્રીન જેવા ઝડપી બોલિંગ વિકલ્પો છે. જોકે પ્લેઈંગ ઈલેવનમાં જોશ હેઝલવુડનું રમવું શંકાસ્પદ માનવામાં આવે છે. મુખ્ય પસંદગીકાર જ્યોર્જ બેઈલીએ કહ્યું કે અમે છેલ્લા 2 વર્ષમાં શાનદાર ક્રિકેટ રમ્યા છીએ. આ કારણે અમે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ રમી રહ્યા છીએ. તેણે કહ્યું કે આ 2 વર્ષ દરમિયાન મોટાભાગે અમારી ટીમ લગભગ એક જેવી જ રહી, અમે ટીમમાં કોઈ ખાસ ફેરફાર કર્યો નથી. આ સાથે જ તેણે આશા વ્યક્ત કરી હતી કે કાંગારૂ ટીમ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં સારો દેખાવ કરશે.

## મેન્સ જુનિયર હોકી એશિયા કપ-2023

# ફાઈનલમાં પાક.ને 2-1થી હરાવી ભારતીય ટીમ બની ચેમ્પિયન

■ ભારતે 2004, 2005 અને 2015 બાદ ચોથી વખત ખિતાબ જીત્યો

ગુજરાત | વંદન

ઓમાનમાં હોકી મેન્સ જુનિયર એશિયા કપ 2023ની ફાઈનલ મેચમાં કટ્ટર વિરોધી ભારત અને પાકિસ્તાનની ટીમ વચ્ચે ટ્રોફી જીતવા માટે જંગ થઈ હતી. મેન્સ જુનિયર એશિયા કપની 10મી આવૃતિમાં ભારતીય ટીમ એ શાનદાર જીત મેળવી છે. ફાઈનલ મેચમાં ભારતીય ખેલાડીઓ એ પાકિસ્તાની ખેલાડીઓને 2-1ના સ્કોરથી હરાવ્યા છે.પ્રથમ સેમિફાઈનલમાં કોરિયાની ટીમને ભારતની ટીમ એ 9-1થી હરાવી હતી. જ્યારે બીજી સેમિફાઈનલ મેચમાં મલેશિયાની ટીમને પાકિસ્તાનની ટીમ એ 2-6થી હરાવી હતી.

10 ટીમો વચ્ચે ટ્રોફી જીતવા માટે જંગ થયો હતો. જેમાં




ભારતીય ટીમ ચેમ્પિયન બની હતી. પાકિસ્તાનની ટીમ રનર અપ રહી હતી. સાઉથ કોરિયાની ટીમ ત્રીજા ક્રમે રહી છે, જ્યારે મલેશિયાની ટીમ ચોથા ક્રમે રહી છે. ભારતે 2004, 2005 અને 2015 બાદ ચોથી વખત આ ખિતાબ જીત્યો છે જ્યારે પાકિસ્તાન 1987, 1992 અને 1996માં ચેમ્પિયન રહ્યું છે. આ પહેલા બંને ટીમો જુનિયર મેન્સ હોકી એશિયા કપની ફાઈનલમાં ત્રણ વખત આમને-સામને આવી ચુકી છે. 1996માં પાકિસ્તાન જીત્યું હતું જ્યારે ભારત 2004માં જીત્યું હતું. મલેશિયામાં રમાયેલી છેલ્લી ટુર્નામેન્ટમાં ભારતે પાકિસ્તાનને 6.0થી હરાવ્યું હતું. 2ને હરાવીને ટાઈટલ જીત્યું હતુંઆ વખતે ટૂર્નામેન્ટ આઠ વર્ષ પછી થઈ રહી છે. 2021 માં કોરોના રોગચાળાને કારણે તેનું આયોજન કરવામાં આવ્યું ન હતું. નોંધનીય છે કે, મેન્સ જુનિયર એશિયા કપ 2023 એ આગામી FIH જુનિયર મેન્સ વર્લ્ડ કપ 2023 માટે ક્વોલિફાઈંગ ઈવેન્ટ હશે, જે આ વર્ષે 5 થી 16 ડિસેમ્બર દરમિયાન મલેશિયામાં રમાશે.

## થાઈલેન્ડ ઓપનમાં 23 વર્ષના કિરણ જ્યોર્જે કર્યો મોટો ઉલટફેર: વર્લ્ડ ચેમ્પિયનને હરાવ્યો

ગુજરાત | વંદન

ભારતના યુવા બેડમિન્ટન ખેલાડી કિરણ જ્યોર્જે થાઈલેન્ડ ઑપનમાં મોટો ઉલટફેર કર્યો છે. આ ખેલાડીએ થાઈલેન્ડ ઑપન સુપર-500 બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં ચીનના દુનિયાના નવમા નંબરના ખેલાડી શી યૂકીને પરાજિત કર્યો છે. આ સાથે જ 23 વર્ષીય કિરણ પુરુષ સિંગલ્સના પ્રિ-ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી ગયો છે. જ્યોર્જ ઉપરાંત અશ્મિતા ચાહિલા અને સાઈના નહેવાલે પણ વિમેન્સ સિંગલ્સમાં પોતાના પ્રથમ તબક્કાનો મુકાબલો જીતી લીધો છે.કિરણ તાજેતરમાં ત્યારે ચર્ચામાં આવ્યો હતો જ્યારે તેણે ઑરિસ્સા ઑપનનો ખીતાબ જીત્યો હતો. આ પછી તે આંતરરાષ્ટ્રીય સ્તરે એક મોટી જીતના ઈન્તેજારમાં હતો. જ્યોર્જે શીને હરાવ્યો જે 2018




વિશ્વ ચેમ્પિયનશિપનો સિલ્વર મેડલિસ્ટ છે. કિરણે શી યુકીને 21-18, 22-20થી હરાવીને બહારનો રસ્તો બતાવ્યો છે. કિરણ આગલા રાઉન્ડમાં ચીનના જ ખેલાડી વેંગ હોંગ યેંગ સામે ટકરાશે.અન્ય મુકાબલાઓમાં ક્વોલિફાયર અશ્મિતાએ ભારતની જ માલવિકા બંસોડને 21-17, 21-14થી હરાવી અને બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો છે. જ્યારે લંડન ઑલિમ્પિકની બ્રોન્ઝ મેડલિસ્ટ સાઈના નેહવાલે કેનેડાની વેન યૂ ઝેંગને 21-13, 21-7થી હરાવી હતી.

## IPLથી સીધુ ટેસ્ટમાં રમવું ભારતીય માટે પડકાર: ગાવસ્કર

ગુજરાત | વંદન

ભારતના પૂર્વ દિગ્ગજ બેટર સુનિલ ગાવસ્કરને લાગે છે કે, આઈપીએલથી સીધું વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ફાઈનલમાં રમવું ભારતીય ખેલાડીઓ માટે મોટો પડકાર બની જશે. ભારત-ઑસ્ટ્રેલિયા વચ્ચે સાત જૂનથી ઓવલમાં આ મુકાબલો રમાવાનો છે. ચેન્નાઈએ ગુજરાતને હરાવીને પાંચમો આઈપીએલ ખીતાબ જીત્યો હતો અને બન્ને ટીમોમાં અમુક એવા ખેલાડી છે જેમણે ડબલ્યુટીસી ફાઈનલમાં રમશે. ગાવસ્કરે કહ્યું કે, દરેક ખેલાડી માટે સૌથી મોટો ટેસ્ટ એ જ હોય છે કે તેમણે ટી-20ની મનોદશામાંથી બહાર નીકળીને ક્રિકેટના સૌથી મોટા ફોર્મેટમાં રમવાનું હોય છે. ચેતેશ્વર પુજારા જ ઈંગ્લીશ કાઉન્ટી ચેમ્પિયનશિપમાં રમી રહ્યો છે. તેના સિવાય તમામ ખેલાડીઓ માટે પડકાર રહેશે.

## ટીમ ઈન્ડિયાની નવી જર્સી લોન્ચ
# ત્રણેય ફોર્મેટમાં નવા અવતારમાં જોવા મળશે ભારતીય ટીમ




ગુજરાત | વંદન

ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ પહેલા ભારતીય ક્રિકેટ ટીમને ભેટ મળી છે. બીસીસીઆઈએ તાજેતરમાં સ્પોર્ટ્સનાં કપડા બનાવતી કંપની adidas India સાથે કરાર કર્યો અને તેને તેની કીટ સ્પોન્સર બનાવી હતી. હવે Adidas ગુરુવારે ટીમ ઈન્ડિયાની નવી જર્સી લોન્ચ કરી છે. Adidas એ ત્રણેય ફોર્મેટની જર્સી લોન્ચ કરી છે. ભારતીય ટીમને 7 થી 11 જૂન સુધી ઓવલમાં ઓસ્ટ્રેલિયા સામે ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ રમવાની છે અને આ ટાઈટલ મેચમાં ટીમ ઈન્ડિયા નવી જર્સી પહેરશે.

Adidas પહેલા, MPLA ટીમ ઈન્ડિયાની કિટ સ્પોન્સર હતી. પરંતુ BCCIએ આ કંપની સાથેનો કરાર સમાપ્ત કર્યો હતો. ત્યારથી બધા રાહ જોઈ રહ્યા હતા કે ભારતીય ટીમની નવી જર્સી કેવી હશે જે હવે પૂરી થઈ ગઈ છે. adidas India એ પોતાના ટ્વિટર પર જર્સી લૉન્ચ કરવાનો વીડિયો પોસ્ટ કર્યો છે. જેમાં ટીમ ઈન્ડિયાની જર્સી ટ્રેનની ઉપર હવામાં લટકતી દેખાય છે. ભારતની જે નવી ટેસ્ટ જર્સી છે તેના ખભા પર ત્રણ કાળી પટ્ટીઓ છે જે Adidas ની જર્સીમાં હોય છે. આ કંપનીના લોગોમાં પણ ત્રણ લાઈન છે. તે જ સમયે, T20 અને ODI ટીમની જર્સી પણ લોન્ચ કરવામાં આવી છે.

## 'દાદા'ની બાયોપિક માટે આયુષ્યમાન અને કાર્તિક રેસમાં
# કૌન બનેગા સૌરવ ગાંગુલી



ગુજરાત | વંદન

ક્રિકેટ હસ્તીઓ પર અનેક ફિલ્મો આવી ગઈ છે છેલ્લા કેટલાક સમયથી સૌરવ ગાંગુલીની બાયોપિક પર ચર્ચા ચાલે છે. તાજેતરમાં એવી ખબર આવી હતી કે રણબીર કપૂર મોટા પરદે સૌરવની ભૂમિકા ભજવી શકે છે. લેટેસ્ટ ન્યુઝ મુજબ હવે સૌરવવની બાયોપિકમાં મુખ્ય ભૂમિકા માટે આયુષ્યમાન ખુરાના અને કાર્તિક આર્યન રેસમાં છે.

રિપોર્ટ મુજબ ફિલ્મ મેકર્સ અને આયુષ્યમાન ખુરાના વચ્ચે છેલ્લા કેટલાક સમયથી વાતચીત ચાલી રહી છે. કાર્તિક આર્યન પણ મેકર્સના મગજમાં આ ભૂમિકા માટે છે. જોકે પહેલા દાદા (સૌરવ ગાંગુલી) સાથે બેસીને ફિલ્મના બેઝિક સ્ક્રીન પ્લેની ચર્ચા કરવી પડશે. તેમાં એ પણ નકકી કરવાનું છે

બાયોપિકમાં કેટલી દાદાની જિંદગી બતાવવી અને કેટલું ક્રિકેટ દેખાડવું, હાલ તો દાદા ક્રિકેટ લાઈફમાં બીઝી છે. ઉલ્લેખનીય છે કે આયુષ્યમાન ખુદ ડાબોડી બેટ્સમેન છે, જેના કારણે તે મેકર્સની પસંદ બન્યો છે. આયુષ્યમાનની આવનારી ફિલ્મ 'ડ્રિમગર્લ-2' છે.

# કોહલીથી આગળ નિકળવાની રોહિતને WTCની ફાઇનલમાં ઈતિહાસ રચવાની તક


ભારતીય ટીમે 10 વર્ષથી એક પણ ICC ટ્રોફી જીતી નથી

ગુજરાત | વંદન

IPLની 16મી સીઝન પૂરી થયા બાદ ક્રિકેટ પ્રેમીઓની નજર હવે ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ મેચ પર રહેશે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે WTCની ફાઈનલ મેચ 7 જૂનથી લંડનના ઓવલના મેદાનમાં શરુ થશે. આ ફાઈનલમાં રોહિત શર્મા પાસે ઈતિહાસ રચીને વિરાટ કોહલીથી આગળ નીકળવાની તક છે.

ભારતીય ક્રિકેટની ટીમ ટેસ્ટ રેન્કિંગમાં નંબર-1 પર છે જ્યારે ઓસ્ટ્રેલિયાની ટીમ બીજા સ્થાન પર છે. આ બંને ટીમો વચ્ચેની ફાઈનલ મેચ ખૂબ જ રોમાંચક રહી શકે છે. આ ફાઈનલ મેચ કેપ્ટન રોહિત શર્મા માટે ખૂબ જ મહત્વની છે. રોહિત ભલે આ વખતે તેની કેપ્ટનશીપમાં મુંબઈને IPL ટ્રોફી ન જીતાડી શક્યો પરંતુ હવે તેની પાસે WTCની ફાઈનલ મેચમાં ઈતિહાસ રચવાની તક છે.

રોહિત શર્મા WTCની ફાઈનલમાં ટીમને જીત અપાવશે તો તે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનું ટાઈટલ જીતનાર પ્રથમ ભારતીય કેપ્ટન બની જશે. વિરાટ કોહલી પણ પોતાની કેપ્ટનશીપમાં ભારત માટે એકપણ ICC ટાઇટલ જીતી શક્યો નથી. આ સ્થિતિમાં રોહિત પાસે કેપ્ટન તરીકે ICC ટ્રોફી જીતીને વિરાટ કોહલીથી આગળ નીકળવાની તક રહેશે.

ભારતીય ટીમ દસ વર્ષથી એકપણ ICC ટ્રોફી જીતી શકી નથી. ટીમ ઈન્ડિયાએ છેલ્લી વખત વર્ષ 2013માં મહેન્દ્ર સિંહ ધોનીની કેપ્ટનશીપમાં ICC ચેમ્પિયન્સ ટ્રોફી જીતી હતી. જો કે ટીમ ઈન્ડિયા ઘણી વખત સેમીફાઈનલ કે ફાઈનલમાં પહોંચી હતી પરંતુ ટાઈટલ જીતી શકી ન હતી.

## ધોનીએ રાજકારણમાં આવવું જોઈએ : આનંદ મહિન્દ્રાની સલાહ

ગુજરાત | વંદન



આજકાલ આઈપીએલ ચેમ્પિયન ટીમ ચેન્નઈ સુપર કિંગ્સના કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીની ચારે તરફ ચર્ચા છે અને તેમાં મહિન્દ્રા ગ્રુપના ચેરમેન આનંદ મહિન્દ્રાએ એક સોશ્યલ મીડિયામાં મહેન્દ્રસિંહ ધોનીને રાજકારણમાં આવવા પર વિચારવા સલાહ આપી હતી.

તેમણે કહ્યું કે ધોની ભવિષ્યનો લીડર છે તેમાં કોઈ શંકાની વાત નથી તેઓએ પોતાના ટવીટર હેન્ડલ પર કહ્યું કે મને એ આનંદ થયો છે કે ધોની હજુ એક વર્ષ આઈપીએલ રમવા માંગે છે પરંતુ હું આશા રાખતો નથી કે તેનાથી પણ વધુ આઈપીએલ રમશે અને તેથી હું માનું છું કે તેણે રાજકારણમાં આવવું જોઈએ. મેં તેની સાથે એનસીસી રીવ્યુ પેનલમાં કામ કર્યુ છે અને ધોનીની ક્ષમતા અને જે ખેલ મેદાનમાં તેણે પોતાની બૌધ્ધિક ઉંચાઈ બતાવે છે તેથી તે રાજકારણમાં ફીટ છે.

## વિવાદ | UWW એ એક નિવેદન બહાર પાડીને ભારતને આપી ચેતવણી


# ...તો ભારતીય રેસલર્સ એ આવનારી તમામ મેચ ન્યૂટ્રલ ઝંડા સાથે રમવી પડશે

ગુજરાત | વંદન

સરહદ પર તૈનાત દરેક સૈનિક ભારત માતાની રક્ષા માટે પોતાનો જીવ જોખમમાં નાખતો હોય છે. દુનિયામાં યોજાતી અલગ અલગ સ્પોર્ટસ ટુર્નામેન્ટમાં ભાગ લેતા ભારતીય ખેલાડીઓ તિરંગાની શાન માટે મહેનત કરીને મેડલ જીતતા હોય છે. પણ આવનારા સમયમાં ભારતીય રેસલર્સ તિરંગા વગર વર્લ્ડ રેસલિંગ ટુર્નામેન્ટસમાં ઉતરી શકે છે. રેસલિંગના સૌથી મોટા સંગઠન UWW એ એક નિવેદન બહાર પાડીને ભારતને ખુલ્લી ધમકી આપી છે.

છેલ્લા એક મહિનાથી ભારતીય રેસલર્સ ભારતીય રેસલિંગ સંઘ વિરુદ્ધ યૌન શોષણના આરોપમાં પ્રદર્શન કરી રહ્યા છે. ભારતીય રેસલર્સની આ હાલતને કારણે યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગ સંગઠન એ ભારતને પ્રતિબંધની ધમકી આપી છે. UWWએ જણાવ્યું છે કે આવનારા 45 દિવસમાં ભારતીય કુશ્તી મહાસંઘની ચુંટણી નહીં થાય તો WFIને આગળની ટુર્નામેન્ટ માટે સસ્પેંડ કરવામાં આવશે.

જો યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગ WFIને સસ્પેંડ કરશે તો ભારતીય રેસલર્સ એ આવનારી તમામ મેચ ન્યૂટ્રલ ઝંડા સાથે






રમવું પડશે. કોઈ પણ ભારતીય ખેલાડીઓ વર્લ્ડ રેસલિંગ ટુર્નામેન્ટમાં રાષ્ટ્રધ્વજ સાથે ભાગ લઈ શકશે નહીં.

નોંધનીય છે કે દિલ્હીના જંતર-મંતર પર પોતાની માંગણીઓ માટે એક મહિનાથી વિરોધ પ્રદર્શન કરી રહેલા આ રેસલર્સ 28 મેના રોજ સંસદ ભવન બહાર વિરોધ પ્રદર્શન કરવા જઈ રહ્યા હતા. ત્યારબાદ દિલ્હી પોલીસે તેને બેરિકેડ તોડવાના આરોપમાં કસ્ટડીમાં લીધા હતા. રેસલર્સ સામે ઘણી ગંભીર કલમો લગાવવામાં આવી છે. આનાથી દુ:ખી થયેલા રેસલર્સ એ મંગળવારે સાંજે 6 વાગ્યે હરિદ્વારમાં ગંગા નદીમાં મેડલ ફેંકવાનું નક્કી કર્યું હતુ.

આ પહેલા કુસ્તીબાજ બજરંગ પુનિયા, વિનેશ ફોગટ અને સાક્ષી મલિકે સોશિયલ મીડિયા પર એક નિવેદન જાહેર કરીને કહ્યું કે, "અમે આ મેડલ ગંગામાં વહેવડાવવા જઈ રહ્યા છીએ, કારણ કે તે ગંગા મા છે." આપણે ગંગાને જેટલી પવિત્ર માનીએ છીએ, એટલી જ પવિત્રતાથી આપણે આ મેડલ સખત મહેનત કરીને હાંસલ કર્યા હતા.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# બ્રિક્સ દેશો આતંકવાદને ડામવા માટે તૈયાર

## બ્રિક્સ દેશોએ એકસાથે વાત કરી; જયશંકરે આ મુદ્દો ઉઠાવ્યો હતો

ગુજરાત | વંદન

બ્રિક્સ દેશો આતંકવાદને ડામવા માટે તૈયાર છે. પાંચ દેશોનું બ્રિક્સ જૂથ આતંકવાદ સામેના યુદ્ધ પર એક જ અભિપ્રાયમાં દેખાયું. આ જૂથે શુક્રવારે આતંકવાદનો સામનો કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. 'ધ કેપ ઓફ ગુડ હોપ' શીર્ષકવાળા સંયુક્ત નિવેદનમાં, બ્રિક્સના વિદેશ મંત્રીઓએ 'જ્યારે, જ્યાં પણ અને કોઈપણ દ્વારા પ્રતિબદ્ધ' આતંકવાદની સખત નિંદા કરી હતી.

મંત્રીઓએ એકસાથે કહ્યું કે તેઓ આતંકવાદનો સામનો કરવા તૈયાર છે. બેઠક દરમિયાન, પાંચેય દેશોએ સંયુક્ત રાષ્ટ્ર હેઠળ આંતરરાષ્ટ્રીય કાયદાના આધારે આતંકવાદ સામે લડવા માટે સંયુક્ત પ્રયાસો કરવા હાકલ કરી હતી. તેના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓમાં આતંકવાદની નિંદા કરતા, પાંચ દેશોએ આતંકવાદને રોકવા અને તેનો સામનો કરવામાં રાજ્યો અને તેમની સક્ષમ સંસ્થાઓની પ્રાથમિક ભૂમિકાને રેખાંકિત કરી. આ દેશોના મંત્રીઓએ પોતાનો સંકલ્પ વ્યક્ત કરતા કહ્યું કે તેઓ આતંકવાદના તમામ સ્વરૂપો સામે લડવા માટે તૈયાર છે. નોંધનીય છે કે, ગઈકાલે ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે આતંકવાદને આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા માટે સૌથી મોટો ખતરો ગણાવ્યો હતો.

આતંકવાદનો સામનો કરવાની પ્રતિજ્ઞા લીધી



BRICS (બ્રાઝિલ-રશિયા-ભારત-ચીન-દક્ષિણ આફ્રિકા) પાંચ દેશોનું જૂથ વિશ્વના પાંચ સૌથી મોટા વિકાસશીલ દેશોને એકસાથે લાવે છે, જે વૈશ્વિક વસ્તીના 41 ટકા હિસ્સો ધરાવે છે. તે વૈશ્વિક જીડીપીના 24 ટકા અને વૈશ્વિક વેપારના 16 ટકાનું પ્રતિનિધિત્વ કરે છે.

નિવેદનમાં કોઈ દેશનું નામ લેવામાં આવ્યું નથી, પરંતુ ભૂતકાળમાં ભારતે પાકિસ્તાનને "આતંકવાદનું કેન્દ્ર" ગણાવ્યું હતું. તેણે કહ્યું હતું કે હાફિઝ સઈદ, મસૂદ અઝહર, સાજિદ મીર અને દાઉદ ઈબ્રાહિમ જેવા આતંકવાદીઓએ પાકિસ્તાનમાં આશ્રય લીધો છે.

# મણીપુરમાં ફરી હિંસા ફાટી નિકળી : ઘરો સળગાવાયા

ગુજરાત | વંદન

મણીપુરમાં સતત ચાલી રહેલી હિંસામાં કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહની ત્રણ દિવસની આ રાજયની મુલાકાત તથા સુરક્ષા સહિતના અનેક પગલા વચ્ચે પણ શ્રી શાહ દિલ્હી પરત આવ્યા હતા. કલાકોમાંજ ફરી એક વખત સુરક્ષાદળો અને ઉગ્રવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી.


સવારે જ વિષ્ણુપુર જીલ્લાના અનેક સ્થળો પર ઉગ્રવાદીઓ ગામમાં ઘુસી ગયા હતા અને વિરોધી જૂથના ઈલાકામાં અનેક મકાનોને આગ ચાપી હતી. મણીપુરમાં અત્યાર સુધીમાં 96 લોકોનો આ હિંસામાં મૃત્યુ થયા છે અને રાહત છાવણીમાં 37000 થી વધુ લોકો આશરો લઈ રહ્યા છે. બીજી તરફ પોલીસ તથા અર્ધલશ્કરી દળોના મથકો પર હુમલામાં સેકડો શસ્ત્રો પણ હુમલાખોર ઉઠાવી ગયા હતા તેમાં હવે 100થી વધુ રાઈફલ પરત જમા થઈ છે. નોંધનીય છે કે, હિંસાગ્રસ્ત મણિપુરમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અપીલની અસર જોવા મળી રહી છે. મોટા પ્રમાણમાં લોકો લૂંટેલા હથિયારો અને દારૂગોળા સરેન્ડર કરી રહ્યા છે. શુક્રવારે સવારથી જ રાજ્યના અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં લોકો ચોરીના હથિયારો સરેન્ડર કરીને જઈ રહ્યા છે. મણિપુર પોલીસે જણાવ્યું કે, કેન્દ્રીય ગૃહમંત્રીની અપીલ બાદ મણિપુરમાં અલગ-અલગ સ્થળો પર 140 હથિયાર સોંપવામાં આવ્યા છે.

# નવ વર્ષ: પાંચ મોટા વચનો અપૂર્ણ, નોટબંધી જેવા આશ્ચર્યજનક નિર્ણયો

## બુલેટ ટ્રેન હજુ પાટા પર આવી નથી, ખેડુતોની આવક હજુ સિંગલ....

ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર 30મેના રોજ પોતાના કાર્યકાળના 9 વર્ષ પૂરા કર્યા છે અને 10માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. 9 વર્ષ પહેલા તેમણે આપેલા એ વચનો કે જે 2022 સુધીમાં પૂરા કરવાના હતા તેના પર અને નોટબંધી કરીશું તેવા નહીં આપેલા વચનો પૂરા કર્યા તેના પર એક નજર....




### 5 મોટા વચનો 2022 સુધીમાં પુરા કરવાના હતા



1. દરેક ભારતીય પરિવાર માટે પાક્કું ઘર
2. દરેક ઘરમાં 24x7 વીજળીની સુવિધા
3. પાંચ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર
4. ખેડૂતોની આવક બમણી કરવી
5. બુલેટ ટ્રેન શરૂ થશે

### 9 વર્ષમાં 9 મોટા નિર્ણયો....

- 2014માં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત કરી
- 2015માં પીએમ આવાસ યોજનાને ઝડપી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો
- 2016માં નોટબંધીનો નિર્ણય લેવામાં આવ્યો
- 2017માં GST લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો
- 2018માં મોદી સરકારે આયુષ્માન ભારત યોજના શરૂ કરી
- 2019માં જમ્મુ-કાશ્મીરમાંથી કલમ 370 હટાવવાનો નિર્ણય લીધો
- 2020માં રામ મંદિરના નિર્માણ માટે ટ્રસ્ટની રચના કરવામાં આવી
- 2021માં કોરોનાને રોકવા રસીકરણ અભિયાન હાથ ધરાયું
- 2022માં ડિજિટલ ઈન્ડિયાના ભાગરૂપે 5G સેવાઓ શરૂ

## માત્ર પાંચ ટકા સ્મોકિંગના બંધાણી

# સ્વીડન બની ગયો સૌથી ઓછી સિગારેટ પીનારા લોકોનો દેશ

ગુજરાત | વંદન

દુનિયાના સૌથી સમૃધ્ધ દેશોમાં સ્થાન પામતા યુરોપિયન દેશ સ્વીડન હવે વિશ્વનો એવો દેશ પણ બની ગયો છે જ્યાં સ્મોકિંગ કરનારાઓની સંખ્યા સૌથી ઓછી છે.

વર્લ્ડ એન્ટી ટોબેકો ડે નિમિત્તે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને આ વાતનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યુ હતુ કે, અહીંયા પાંચ ટકાથી પણ ઓછો લોકો રોજ સ્મોકિંગ કરે છે. યુરોસ્ટેટ સ્ટેટેસ્ટિક્સ એજન્સીના આંકડા અનુસાર 2019માં અહીંયા 15 વર્ષથી વધારે વય ધરાવતા 6.4 ટકા જ લોકો રોજ સ્મોકિંગ કરતા હતા. યુરોપિયન યુનિયનના દેશોમાં આ ટકાવારી સૌથી ઓછી છે. એ પછી સ્મોકિંગ કરનારાઓની ટકાવારી સતત ઘટી રહી છે અને ગયા વર્ષે તે માત્ર 5.6 ટકા રહી ગઈ છે.

સ્વીડિશ કેન્સર સોસાયટીના સેક્રેટરી ઉલિકા અરેહેડે કહ્યુ હતુ કે, જાહેર સ્થળો પર કેટલાય વર્ષોથી



સ્મોકિંગ પર પ્રતિબંધ મુકવા માટે ઝુંબેશ ચલાવવામાં આવી હતી અને સ્મોકિંગ સામેના કડક કાયદાના કારણે સ્વીડનમાં ફેફસાના કેન્સરનો રેટ દુનિયાના બીજા દેશો કરતા બહુ ઓછો થઈ ચુકયો છે. દોઢ કરોડની વસતી ધરાવતા આ દેશમાં બસ સ્ટોપ, ટ્રેન પ્લેટફોર્મ તથા બીજી જાહેર જગ્યાઓ પર કોઈ નાગરિક સિગારેટ પીતો નજરે પડતો નથી.

2019 બાદ તો જ્યાં પણ લોકો બેસતા હોય તેવી તમામ જગ્યાઓ પર સ્મોકિંગ કરવા પર બેન મુકી દેવામાં આવ્યો છે. આ તમામ પ્રકારના પગલા લેવાઈ રહ્યા હોવાથી હવે દેશમાં સિગારેટ પીનારાઓની સંખ્યામાં ભારે ઘટાડો નોંધાઈ રહ્યો છે.

# બ્રિજ ભૂષણ સરણ સિંહ સામે મહિલા પહેલવાનો દ્વારા કરાયેલા આક્ષેપોની યાદી

## ... મને પોતાની તરફ ખેંચી અને મારી સાથે બળજબરીથી શારીરિક સંબંધ બાંધવાનો પ્રયાસ કર્યો

ગુજરાત | વંદન

1 "એક દિવસ જ્યારે હું હોટેલ રેસ્ટોરન્ટમાં રાત્રિભોજન માટે બહાર હતી, ત્યારે આરોપી (સિંઘ) એ મને અલગથી તેના જમવાના ટેબલ પર બોલાવી...મારા ખૂબ જ આઘાત અને આશ્ચર્ય માટે અને મારી સંમતિ વિના, તેણે મારા સ્તન પર હાથ મૂક્યો અને મને પકડી અને પછી સરકી ગઈ. તેનો હાથ મારા પેટ સુધી. આરોપી (સિંઘ) ત્યાં જ અટક્યો નહીં અને ફરીથી તેનો હાથ મારા સ્તન પર ખસેડ્યો. તેણે મારા સ્તનને પકડ્યા અને પછી તેનો હાથ મારા પેટ તરફ સરક્યો અને પછી 3-4 વખત વારંવાર મારા સ્તન પર પાછો ફર્યો.

2 "જ્યારે હું મેટ પર સૂતી હતી, ત્યારે આરોપી (સિંઘ) મારી નજીક આવ્યો અને મારા કોચની ગેરહાજરીમાં, મારી પરવાનગી લીધા વિના, મારી ટી-શર્ટ ખેંચી, તેના પર હાથ મૂક્યો. મારા શ્વાસની તપાસ/તપાસના બહાને મારા સ્તનને મારા પેટ નીચે હાથ



સરકાવી દીધા"

3 "ફેડરેશન ઑફિસની મારી મુલાકાત વખતે... મને આરોપી (સિંઘ)ના રૂમમાં બોલાવવામાં આવી.. મારી સાથે આવેલા મારા ભાઈને સ્પષ્ટપણે પાછા રહેવા માટે કહેવામાં આવ્યું... આરોપી (સિંઘ), અન્ય વ્યક્તિઓના જવા પર, દરવાજો બંધ કરી દીધો... મને પોતાની તરફ ખેંચી અને મારી સાથે બળજબરીથી શારીરિક સંબંધ બાંધવાનો પ્રયાસ કર્યો.

4 "મને આરોપી (સિંઘ) દ્વારા બોલાવવામાં આવી હતી. જેણે મારું ટી-શર્ટ ખેંચ્યું અને તેનો હાથ મારા પેટની નીચે ફેરવવા લાગ્યો અને મારા શ્વાસ તપાસવાના બહાને મારી નાભિ પર હાથ મૂક્યો." "આરોપી (સિંઘ) હંમેશા અયોગ્ય વાતો/હાવભાવમાં જોડાવા માટે તત્પર રહેતો હોવાથી...મારા સહિત છોકરીઓ સામૂહિક રીતે નાસ્તો, લંચ કે ડિનર માટે એકલા ન જવા માટે સંમત થઈ હતી".

5 "જ્યારે હું છેલ્લી હરોળમાં ઊભી હતી (ટીમ ફોટોગ્રાફ માટે)... આરોપી (સિંઘ) મારી સાથે આવીને ઊભો હતો. મને અચાનક મારા નિતંબ પર હાથ લાગ્યો. હું આરોપી (સિંઘ)ની ક્રિયાઓથી દંગ રહી ગયી હતી. જ્યારે મેં દૂર જવાનો પ્રયાસ કર્યો ત્યારે મને બળજબરીથી મારા ખભાથી પકડી લેવામાં આવી હતી.

6 "મારી સાથે એક તસવીર ક્લિક કરાવવાના બહાને, તેણે મને મારા ખભાથી પોતાની તરફ ખેંચી... મારી જાતને બચાવવા માટે, મેં આરોપી (સિંઘ)થી દૂર જવાનો પ્રયાસ કર્યો... કારણ કે મને બળજબરી કરનારા આરોપીના વર્તનથી હું સહજ ન્હોતી., મેં, (તેના) ચુંગાલમાંથી બચવા માટે, વારંવાર તેના પ્રયત્નોનો પ્રતિકાર કર્યો અને તેને દૂર ધકેલી દેવાનો પ્રયાસ કર્યો, જેમાં તેણે (ધમકી આપી): "ઝ્યાદા સ્માર્ટ બન રહી હૈ ક્યા...આગે કોઈ સ્પર્ધા નહીં ખેલને ક્યા તુને?" (ખૂબ સ્માર્ટ અભિનય કરો છો? તમે ભવિષ્યમાં ટુર્નામેન્ટ્સ માટે ધ્યાનમાં લેવા માંગતા નથી?)

(રેસલિંગ ફેડરેશન ઑફ ઈન્ડિયાના વડા અને બીજેપી સાંસદ બ્રિજભૂષણ સિંહ વિરુદ્ધ 28 એપ્રિલે દિલ્હી પોલીસમાં નોંધાયેલી બે FIRમાં આ મુખ્ય આરોપો છે.)

# દારૂ પીનારા યુવાઓ ઘટી જતાં જાપાનની સરકાર ચિંતામાં, લોન્ગ વિલ આલ્કોહોલ ડ્રિંક્સ...ઝૂંબેશ

ગુજરાત | વંદન

દુનિયાના મોટા ભાગના દેશોમાં દારૂનુ સેવન કરનારાઓની સંખ્યા વધી રહી છે ત્યારે જાપાનની વાત અલગ છે.જાપાનમાં ઉલટી ગંગા વહી રહી છે અને દારૂ પીનારાની સંખ્યા ઘટી રહી છે.

એટલે સુધી કે જાપાનમાં યુવા વર્ગમાં દારૂ પીવાનુ પ્રમાણ 60 વર્ષ વટાવી ગયેલા સિનિયર સિટિઝન્સ કરતા પણ ઓછુ છે. 1995માં જાપાનમાં સરેરાશ 26 ગેલન દારૂ પીવાતો હતો અને 2020માં તે ઘટીને 20 ગેલન થઈ ગયો છે. જેની અસર ટેક્સ રેવેન્યૂ પર થઈ રહી છે. 2020માં ટેક્સની આવકમાં દારૂનો હિસ્સો ઘટીને 1.7 ટકા રહી ગયો હતો.

આમ તો દારૂનુ સેવન કરનારા ઘટે તે ખુશ થવા જેવી વાત છે પણ જાપાનની સરકારને ગમ્યુ નથી. સરકાર આ માટે યુવાઓને જવાબદાર માની રહી છે.સરકારનુ માનવુ છે કે, યુવા પેઢી કામમાં



એટલી હદે ગળાડૂબ છે કે, બીજા કોઈ શોખ સાથે તેમને મતલબ નથી અને આમ તો આ સારી વાત છે પણ સરકારી તિજોરીનો પણ સવાલ છે.

હવે જાપાનમાં સેક વિવા... નામની ઝૂંબેશ શરૂ કરાઈ છે. જેનો અર્થ છે કે, લોન્ગ વિલ આલ્કોહોલ ડ્રિંક્સ...આ ઝૂંબેશ થકી જાપાનીઓને કહેવામાં આવી રહ્યુ છે કે, મર્યાદિત પ્રમાણમાં આલ્કોહોલનુ સેવન તણાવ ઓછો કરે છે અને જીવવાની ઈચ્છાને પણ વધારે છે. તેમાં 20 થી 39 વર્ષના લોકોને દારૂ પીવાના ફાયદા ગણાવાઈ રહ્યા છે.

જોકે આ ઝુંબેશનો વિરોધ પણ થઈ રહ્યો છે.તેનુ કારણ એ છે

# શ્રીલંકામાં 30 લોકોને આંખમાં ઈન્ફેક્શન, ગુજરાતની દવા કંપની પર લાગ્યો આરોપ

ગુજરાત | વંદન

ભારતને દુનિયાની ફાર્મસી કહેવામાં આવે છે. કારણકે દુનિયાના ઘણા દેશોમાં ભારતમાં બનેલી દવાઓ એક્સપોર્ટ થાય છે.

જોકે સમયાંતરે ભારતની દવાઓને લઈને દુનિયાના દેશો સવાલો પણ ઉઠાવતા રહે છે. શ્રીલંકામાં પણ આવો જ વિવાદ જાગ્યો છે અને તેમાં ગુજરાતની કંપની ઈન્ડિયાના ઓપ્થેલમિક્સ દ્વારા બનાવવામાં આવેલા આઈ ડ્રોપના કારણે 30 જેટલા લોકોને આંખોમાં ઈન્ફેક્શન થયુ હોવાનો આરોપ લગાવાયો છે.

આ બાબતે ઉહાપોહ થયા બાદ ભારતની ફાર્માસ્યુટિકલ



એક્સપોર્ટ કાઉન્સિલે પણ કંપનીને નોટિસ આપી છે અને કંપની પાસે બે દિવસમાં તપાસ કરીને સ્પષ્ટતા કરવા માટે આદેશ આપ્યો છે. બીજી તરફ સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન કંપની દ્વારા બનાવવામાં આવતા આઈ ડ્રોપ્સની ગુણવત્તાની તપાસ પણ શરૂ કરી દીધી છે. સરકારના વેપાર અને ઉદ્યોગ મંત્રાલય હેઠળની ફાર્માએક્સલ એજન્સીનુ કહેવુ છે કે, કંપની તરફથી ખરાબ આઈ ડ્રોપના સપ્લાયના કારણે ભારતના સમગ્ર ફાર્મા ઉદ્યોગની ઈમેજ ખરાબ થઈ છે અને તેના કારણે ભારતીય કંપનીઓની એક્સપોર્ટ પર અસર પડી શકે છે. બીજી તરફ ગુજરાતની આ કંપનીએ પોતાના આઈ ડ્રોપ્સમાં ગુણવત્તાને લઈને કોઈ સમસ્યા નહીં હોવાનો દાવો કર્યો છે. જોકે ચિંતાનજક વાત એ છે કે, એક વર્ષમાં ચોથી વખત એવુ બન્યુ છે જેમાં ભારતમાં તૈયાર થયેલી દવાઓની ગુણવત્તાને લઈને બીજા કોઈ દેશે સવાલો ઉઠાવ્યા હોય.

આ વર્ષે એપ્રિલ મહિનામાં પણ અમેરિકામાં ત્રણ લોકોના મોત અને દ્રષ્ટિ ગુમાવવાની ઘટનામાં ચેન્નાઈની એક કંપનીની દવાને જવાબદાર માનવામાં આવી હતી.

# અફઘાનને ભૂખમરાથી બચાવવા ઈરાન થકી 20000 ટન ઘઉં પૂરા પાડશે ભારત

ગુજરાત | વંદન

ભારતે અફઘાનિસ્તાનમાં તાલિબાનોનુ શાસન આવ્યા બાદ આ દેશ સાથે પોતાના સબંધોને ફરી મજબૂત કરવાના પ્રયાસો કરવા માંડ્યા છે.આ પ્રયાસોમાં જોકે ભારતે પાકિસ્તાને સાવ બાય પાસ કરી દીધુ છે. એક મીડિયા રિપોર્ટ પ્રમાણે યુનાઈટેડ નેશન્સના વર્લ્ડ ફૂડ પ્રોગ્રામના પ્રવક્તાએ કહ્યુ છે કે, આગામી મહિનાઓમાં ભારતમાંથી 20000 ટન ઘઉં અફઘાનિસ્તાન પહોંચવાના છે.

ભારત દ્વારા ઈરાનના ચાબહાર પોર્ટના માધ્યમથી આ ઘઉંને અફગાનિસ્તાન મોકલવામાં આવી રહ્યા છે. ઘઉં મોકલવાની પ્રક્રિયામાં ભારતે ઈરાનનો ઉપયોગ



કરીને પાકિસ્તાનને કિનારા પર મુકી દીધુ છે. ગયા વખતે ભારતે પાકિસ્તાનના રસ્તે ટ્રકો થકી ઘઉંની ખેપ અફગાનિસ્તાન મોકલી હતી. અફઘાનિસ્તાનમાં ભૂખમરા જેવી સ્થિતિ છે. અહીંયા 1.9 કરોડ લોકો ભૂખમરાનો સામનો કરી રહ્યા છે. યુનાઈટેડ નેશન્સે ગઈકાલે ચેતવણી આપી હતી કે, પાકિસ્તાનનુ હાલનુ ખાદ્ય સંકટ આગામી સમયમાં ભયંકર બનવાનુ છે. યુનાઈટેડ નેશન્સે ભૂખમરાનો સામનો કરવાના પ્રયાસોમાં ભારતના યોગદાનના વખાણ કર્યા છે.

## 12 મેના રોજ 198 માછીમારોને મુક્ત કરાયા

# પાક. 200 ભારતીય માછીમારો અને ત્રણ કેદીઓને મુક્ત કરશે

ગુજરાત | વંદન

પાકિસ્તાનના વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટો ઝરદારીએ જાહેરાત કરી છે કે પાકિસ્તાન શુક્રવારે માનવતાના ધોરણે 200 ભારતીય માછીમારો અને ત્રણ નાગરિક કેદીઓને મુક્ત કરશે. ગયા મહિને, પાકિસ્તાની સત્તાવાળાઓએ કરાચીમાં જેલમાં બંધ 198 ભારતીય માછીમારોને દેશની દરિયાઈ સીમામાં ગેરકાયદેસર માછીમારીના આરોપમાં ધરપકડ કર્યા પછી મુક્ત કર્યા હતા. તેને વાઘા બોર્ડર પર ભારતને સોંપવામાં આવ્યો હતો.



બિલાવલ ભુટ્ટો ઝરદારીએ ટ્વીટમાં કહ્યું, "આજે પાકિસ્તાન 200 ભારતીય માછીમારો અને ત્રણ નાગરિક કેદીઓને મુક્ત કરી રહ્યું છે. અગાઉ 12 મે 2023ના રોજ 198 ભારતીય માછીમારોને મુક્ત કરવામાં આવ્યા હતા." અગાઉ 12 મેના રોજ કરાચીની મલીર જેલમાંથી 200 માછીમારોને મુક્ત કરવામાં આવનાર હતા, પરંતુ બેના મોતના કારણે 198 માછીમારોને મુક્ત કરવામાં આવ્યા હતા. જેલ સુપ્રિટેન્ડેન્ટ નઝીર ટુનિયોએ કહ્યું હતું કે, "જેલમાં બંધ ભારતીય માછીમારોની પ્રથમ બેચને મુક્ત કરવામાં આવી છે. જૂન અને જુલાઈમાં વધુ બે બેચ બહાર પાડવામાં આવશે. 200 અને 100 કેદીઓને બાદમાં મુક્ત કરવામાં આવશે.આપને જણાવી દઈએ કે પાકિસ્તાન અને ભારત નિયમિતપણે દરિયાઈ સીમાનું ઉલ્લંઘન કરવા બદલ હરીફ માછીમારોની ધરપકડ કરે છે.

## એપ્રિલ- મે 2004માં લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ મોરચાને બહુમતિ મળી હતી...

# સોનિયાએ રાહુલની વાત સ્વીકારી અને પરિવાર બચી ગયું..નહીંતર...??

ગુજરાત | વંદન

ભારતના રાજકીય ઈતિહાસમાં મે મહિનો મહત્વનો બન્યો છે., વિશેષ કરીને 2004માં યોજાયેલી લોકસભાની ચૂંટણીઓ બાદ.2004માં વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીની સરકારે સમય કરતાં 5 મહિના પહેલાં ચૂંટણી યોજવાની જાહેરાત કરી હતી. તેનું કારણ હતું ચાર રાજ્યોમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં ભાજપનું સારું પ્રદર્શન.


તેની સામે કોંગ્રેસની રાજકીય હાલત ખરાબ હતી જ્યારે વાજપેયીની છબી સ્વચ્છ અને પ્રમાણિકતાની વ્યવસ્થિત રહી હતી. આવી સ્થિતિમાં ભાજપને લાગી રહ્યું હતું કે તે સરળતાથી ફરીથી સરકાર બનાવી લેશે. ભાજપે 'ઈન્ડિયા શાઈનિંગ' અને 'ફીલ ગુડ'નું સૂત્ર આપ્યું હતું.


કોંગ્રેસના પ્રચારનું સૂત્ર હતું " કોંગ્રેસનો હાથ, સામાન્ય માણસનો સાથ" . આ સૂત્ર "ઈન્ડિયા શાઈનિંગ" દ્વારા આગળ નીકળી ગયું હતું . નિષ્ણાતો માને છે કે ભાજપનું સ્લોગન અંગ્રેજીમાં હતું અને તે માત્ર શહેરી વર્ગ સુધી પહોંચી શક્યું હતું. જ્યારે કોંગ્રેસનું સુત્ર જન જન સુધી પહોંચ્યું હતું.

20 એપ્રિલથી 10 મે 2004 સુધી ચાર તબક્કામાં ચૂંટણી યોજાઈ હતી. જ્યારે 13 મેના રોજ પરિણામો આવ્યા ત્યારે અટલના નેતૃત્વવાળી એનડીએ પાસે બહુમતી નહોતી.

મે 2004માં 14મી લોકસભા ચૂંટણીનું પરિણામ આવ્યું. 8 વર્ષ સત્તાથી દૂર રહ્યા બાદ ફરી એકવાર કોંગ્રેસ ગઠબંધનને બહુમતી મળી. બધાને લાગ્યું કે હવે સોનિયા ગાંધી દેશના વડાપ્રધાન બનશે. પરંતુ, 22 મેના રોજ, જ્યારે મનમોહન સિંહે વડા પ્રધાન તરીકે શપથ લીધા ત્યારે દેશને આશ્ચર્ય થયું. 10 જનપથ પર જ્યારે મનમોહન સિંહનું નામ નક્કી કરવામાં આવી





### ભારતના રાજકારણમાં મે મહિનો મહત્વનો પૂરવાર થઈ રહ્યો છે, હવે મે-2024 પર નજર..

રહ્યું હતું ત્યારે સ્થિતિ ફિલ્મની વાર્તા જેવી હતી.

ચૂંટણી પહેલાઃ યુનાઈટેડ પ્રોગ્રેસિવ એલાયન્સ (યુપીએ)ની રચના પ્રથમ વખત થઈ હતી. કોંગ્રેસ અધ્યક્ષ હોવાના કારણે સોનિયા ગાંધી પર બધાને એક કરવાની જવાબદારી હતી.સોનિયાએ નાની પાર્ટીઓ સાથે ગઠબંધન કરવામાં ઘણી મહત્વની ભૂમિકાઓ ભજવી હતી. જેમ કે, સોનિયા પોતે રામવિલાસ પાસવાનના ઘરે ગઈ અને તેમને મળી.

રાજીવ ગાંધીની હત્યાની તપાસ કરનાર જૈન પંચના રિપોર્ટમાં તમિલનાડુના સીએમ કરુણાનિધિનું નામ હતું. આમ છતાં સોનિયા ગાંધીએ ડીએમકે સાથે ગઠબંધન કર્યું. બિહારમાં લાલુ યાદવે કહ્યું કે અમે કોંગ્રેસને રાજ્યમાં 40માંથી માત્ર ચાર સીટો આપીશું. કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતાઓ તેની વિરુદ્ધ હતા. આરજેડી સાથે ગઠબંધન કરવા માટે સોનિયા ગાંધીએ પણ આ વાત સ્વીકારી હતી.

એ જ રીતે સોનિયાએ મહારાષ્ટ્રમાં એનસીપી સાથે ગઠબંધન કર્યું અને જમ્મુમાં પીડીપીને સાથે લીધી. યુપીમાં બસપા અને સપાને એકસાથે લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પ્રથમ વખત યુપીએ એટલે કે યુનાઈટેડ પ્રોગ્રેસિવ એલાયન્સ કોંગ્રેસના નેતૃત્વમાં રચાયું. સોનિયા ગાંધી તેના અધ્યક્ષ બન્યા

જ્યારે કોંગ્રેસ પાર્ટીએ યુપીએ દ્વારા ગઠબંધન કરીને ચૂંટણી મેદાનમાં ઉતરવાનો નિર્ણય કર્યો હતો. ભાજપ પણ પહેલાથી જ નાની પાર્ટીઓ સાથે ગઠબંધનમાં હતી. તેમના મોરચાનું નામ નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA) હતું. તમામ સર્વેક્ષણો અને મૂલ્યાંકનો દર્શાવે છે કે એનડીએ ચૂંટણી જીતી રહ્યું છે. વાસ્તવમાં, અટલની સરકાર દરમિયાન ભારતનું વિદેશી મુદ્રા ભંડાર ...અનુસંધાન પેજ નં. 6 પર

# જેનિફરે કરિયરની શરૂઆત બાળ શોથી કરી હતી....



## ‘સરસ્વતીચંદ્ર’, બેહદ’ અને ‘બેપન્નાહ’ જેવા શો દ્વારા ખ્યાતિ મેળવી હતી

ખૂબ જ નાની ઉંમરમાં આ અભિનેત્રીએ અભિનયની દુનિયામાં પગ મૂક્યો હતો. આ પછી, તેણે મનોરંજનની દુનિયામાં ઘણું નામ મેળવ્યું છે. આજે પણ તેની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ રહે છે. અમે વાત કરી રહ્યા છીએ પ્રખ્યાત અભિનેત્રી જેનિફર વિંગેટની. જેનિફરનો જન્મ 30 મે 1985ના રોજ મુંબઈમાં થયો હતો. જેનિફરે પહેલીવાર વર્ષ 2002માં બાળકોના શો ‘શકા લાકા બૂમ બૂમ’થી હેડલાઈન્સ બનાવી હતી.

જેનિફરે ‘શકા લાકા બૂમ બૂમ’ પછી ઘણા નાના પાત્રો ભજવ્યા હતા. આ પછી તેને ‘કસૌટી ઝિંદગી કી’ દ્વારા ઘણી પ્રસિદ્ધિ મળી. આમાં તેણે પ્રેરણાની પુત્રીની ભૂમિકા ભજવી હતી. જેનિફર વર્ષ 2009માં ‘દિલ મિલ ગયે’માં જોવા મળી હતી. આ પછી જેનિફરે સંજય લીલા ભણસાલીના શો ‘સરસ્વતીચંદ્ર’માં ‘કુમુદ’નું પાત્ર ભજવ્યું હતું અને તેને ખૂબ પસંદ કરવામાં આવી હતી. જેનિફર ટીવીની દુનિયામાં જાણીતું નામ બની ગઈ હતી.આ પછી જેનિફરે ‘બેહદ’ અને ‘બેપન્નાહ’ જેવા શો દ્વારા ઘણી ખ્યાતિ મેળવી અને ઘણા એવોર્ડ પણ જીત્યા. હાલમાં જ તે વેબસીરીઝ ‘કોડ એમ’માં જોવા મળી હતી. આમાં તેણે ‘મેજર મોનિકા મહેરા’નું પાત્ર ભજવ્યું હતું. અંગત જીવનની વાત કરીએ તો, સાથે કામ કરતી વખતે જેનિફર અને કરણ સિંહ ગ્રોવર વચ્ચે નિકટતા આવી હતી અને બંનેએ વર્ષ 2012માં લગ્ન કરી લીધા હતા. પરંતુ ટૂંક સમયમાં જ બંને વચ્ચેનો વિવાદ ઉગ્ર થવા લાગ્યો અને જેનિફરે વર્ષ 2014માં કરણને છૂટાછેડા આપી દીધા. ત્યારબાદ કરણે બિપાશા બાસુને પોતાની પાર્ટનર બનાવી હતી.

# શાહિદ કપૂરના ધુંઆધાર એક્શન સીન્સ જોવા થઈ જાવો તૈયાર...




9મી જૂને OTT પર રીલિઝ થઈ રહી છે એક્શન થ્રિલર ‘બ્લડી ડેડી’

શાહિદ કપૂરની આગામી એક્શન થ્રિલર બ્લડી ડેડી 9મી જૂને OTT પર રીલિઝ કરવામાં આવશે. અલી અબ્બાસ ઝફર દ્વારા નિર્દેશિત OTT ફિલ્મમાં સંજય કપૂર, રોનિત રોય અને ડાયના પેન્ટી અને પણ મુખ્ય ભૂમિકામાં છે. આ સાથે રેપર બાદશાહ પણ જોવા મળશે.

બોલિવૂડ એક્ટર શાહિદ કપૂર તેની આગામી એક્શન-થ્રિલર ફિલ્મ ‘બ્લડી ડેડી’થી ફેમસ થઈ રહ્યા છે. આ ફિલ્મનું ટીઝર હાલમાં જરિલીઝ કરવામાં આવ્યું હતું, જેમાં શાહિદ કપૂરના ચાહકો તેનો ‘બ્લડી લુક’ જોઈને ચોંકી ગયા હતા. ટીઝરમાં જોવા મળતું હતું કે, શાહિદ કપૂર તેની સામે જે પણ આવે છે તેને એક લાઈનમાં ગોળી મારી દે છે. આ ટીઝર પછી 24 મેના રોજ રીલિઝ થઈ હતું જે જોયા બાદ શાહિદના ફેન્સ ફિલ્મની રિલીઝની રાહ જોઈ રહ્યા છે.

આ ફિલ્મમાં શાહિદ કપૂર લીડ રોલમાં છે. સાથે જ રોનિત રોય અને સંજય કપૂરને ડ્રગ્સનો ગંદો ધંધો કરતા લોકોના રોલમાં વિલન બનાવવામાં આવ્યા છે. ફિલ્મમાં રાજીવ ખંડેલવાલ જોવા મળશે. આ સિવાય ડાયના પેન્ટી ફિલ્મની લીડ એક્ટ્રેસમાં જોવા મળી રહી છે. સલમાન ખાનની ફિલ્મ ‘ભારત’ બનાવનાર ડિરેક્ટર અલી અબ્બાસ ઝફરે આ ફિલ્મનું નિર્દેશન કર્યું છે. આ ફિલ્મ તારીખ 9મી જૂને OTT પર રીલિઝ થવા જઈ રહી છે.

બ્લડી ડેડીના ટ્રેલર લોન્ચ દરમિયાન શાહિદે બોલિવૂડની તુલના હોલીવુડ સાથે કરી હતી. તેણે કહ્યું, “ જે હિન્દી ફિલ્મ આપી શકે છે. તે હોલીવુડ ફિલ્મ ક્યારેય આપી શકશે નહીં. છેલ્લા કેટલાક સમયથી અમે બોલિવૂડમાં ઘણી બધી બાબતો ભૂલી ગયા હતા. પરંતુ તે ફીલિગ ટૂંક સમયમાં જ પાછી આવી છે. જ્યારે દર્શકોને ફરીથી સારી હિન્દી ફિલ્મો જોવા મળશે. આપણે ભારતીય છીએ. અમને બહાર જઈને ચાઈનીઝ ફૂડ ખાવાનું ગમે છે. પણ ઘરે આવ્યા પછી દાલ મખણીનો સ્વાદ આવે છે. તે બહાર ક્યાંય ચાખવા મળતો નથી. બની શકે કે તે મસાલો બોલિવૂડમાંથી ગાયબ થઈ ગયો હોય પરંતુ હવે તેને પાછો લાવવાનો સમય આવી ગયો છે અને દર્શકોને બ્લડી ડેડીમાં પણ બધું જોવા મળશે.

# સામંથાને મળી તેની પહેલી હોલીવુડ ફિલ્મ, નામ છે ‘ચેન્નઈ સ્ટોરી’



■ બાફટા વિજેતા ફિલિપ જોન કરી રહ્યાં છે આ ફિલ્મનું નિર્દેશન

સામંથાના ચાહકો માટે વધુ એક સારા સમાચાર આવી રહ્યા છે. એટલે કે સામંથાને તેની પહેલી હોલીવુડ ફિલ્મ મળી છે. તે ટૂંક સમયમાં ‘ચેન્નઈ સ્ટોરી’નું શૂટિંગ પણ શરૂ કરશે. ચાલો તમને આ ફિલ્મ વિશેની બાકીની વિગતો જણાવીએ.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ‘સિટાડેલ’ વેબ સિરીઝ પર કામ પૂર્ણ કર્યા પછી, સામંથા રૂથ પ્રભુ વિવેક કાલરા સાથે તેની પ્રથમ અંગ્રેજી ફીચર ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે. ટિમરી એન મુરારીની નવલકથા ધ એરેન્જમેન્ટ્સ ઓફ લવ પર આધારિત હોલીવુડ આ ફિલ્મનું નિર્દેશન બાફટા વિજેતા ફિલિપ જ્હોન (ડાઉનટન એબી) કરી રહ્યા છે. આ ફિલ્મ કથિત રીતે દક્ષિણ એશિયન વેલ્શમેન (વિવેક કાલરા)ની વાર્તા કહેશે, જે તેના પિતાને શોધવા ચેન્નાઈ જાય છે. તે એક ડિટેક્ટીવ (સામન્થા રૂથ પ્રભુ)ની મદદ લે છે. આ ફિલ્મનું શૂટિંગ ચેન્નાઈ અને યુકેમાં થશે. તે અંગ્રેજી અને તમિલ બંને ભાષાઓમાં રિલીઝ થવાની અપેક્ષા છે. આ સિવાય સામંથા પાસે ‘કુશી’ ફિલ્મ પણ છે, જેમાં વિજય દેવરકોંડા પણ તેની સાથે છે. આ ફિલ્મ 1 સપ્ટેમ્બરે રિલીઝ થઈ રહી છે.

# બ્લેક એન્ડ વ્હાઇટ ડ્રેસમાં રકુલ પ્રીતે શેર કરી તસ્વીરો



■ રકુલના ફોટા જોતાં ચાહકો કોમેન્ટનો વરસાદ કરી રહ્યાં છે

બોલ્ડ ફોટો શેયર કરી ચાહકોના દિલ ધડકાવનાર રકુલ પ્રીત સિંહે ઈન્સ્ટાગ્રામ પર લેટેસ્ટ ફોટો શેયર કર્યા છે. બ્લેક એન્ડ વ્હાઈટ ડ્રેસમાં શેયર કરેલા ફોટા ઘણા જ હોટ અને બોલ્ડ છે. જે ચાહકોના દિલ ધડકવાનાર છે. રકુલ સિંહના બોલ્ડ લુકની વાત કરીએ તો તેણીએ ફંસી બ્રાલેટ પહેરી છે અને નીચે શોર્ટસ પહેર્યું છે.

રકુલ પ્રીત સિંહ સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ છે. રકુલ પ્રીત સિંહના ફોટો પર ફેન્સ કોમેન્ટનો વરસાદ વરસાવે છે પરંતુ તાજેતરમાં રકુલે શેયર કરેલા હોટ ફોટોને લીધે ટ્રોલ થઈ રહી છે. બ્રાલેટ અને શોર્ટ્સનો રકુલ પ્રીત સિંહનો બોલ્ડ લુક ઘણો જ આકર્ષક છે. રકુલ આ ફોટોમાં બેડ પર જોવા મળી રહી છે અને પોતાની હોટ ફિગર ફ્લોન્ટ કરી રહી છે. રકુલ પ્રીત સિંહનો બોલ્ડ લુક ફેન્સની ધડકન ધડકાવી દેનાર છે અને ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. રકુલ સિંહની બેડ પરની આ હરકત કેટલાક ફેન્સને જાણે પસંદ નથી આવી રહી અને તેણી ટ્રોલ થઈ રહી છે. રકુલ પ્રીત સિંહની હોટ અદાઓ જોતાં ફેન્સ આફરિન થયા છે. રકુલ પ્રીત સિંહના ફોટા જોતાં ચાહકો કોમેન્ટનો વરસાદ કરી રહ્યાં છે.

# ફિલ્મોમાં કિસિંગ સીન કરવાથી ડરે છે સોનમ બાજવા


સોનમ બાજવાએ વર્ષ 2013માં પંજાબી ફિલ્મ ‘બેસ્ટ ઓફ લક’થી ડેબ્યૂ કર્યું હતું. આ પછી તે હિન્દી ઈન્ડસ્ટ્રીમાં પણ લોકપ્રિય થઈ ગઈ. આ વર્ષે જુલાઈમાં તે ઈન્ડસ્ટ્રીમાં 10 વર્ષ પૂરા કરવા જઈ રહ્યો છે. આ પ્રસંગે અભિનેત્રીએ એક ઈન્ટરવ્યુ આપ્યો હતો. તેમાં તેણે જણાવ્યું કે કેવી રીતે તેણે બોલિવૂડની ઘણી ભૂમિકાઓ નકારી કાઢી છે. કારણ કે તે અચકાતી હતી કે પંજાબી દર્શકો કેવી પ્રતિક્રિયા આપશે. સોનમે કહ્યું કે તે એવી ફિલ્મ કરવા માટે સંમત નથી જેમાં કિસિંગ સીન હોય. કારણ કે તે તેના પરિવાર સહિત લોકોને નિરાશ કરવા માંગતી ન હતી.

એક ઈન્ટરવ્યુમાં સોનમ બાજવાએ કહ્યું, ‘બોલિવૂડમાં મેં અમુક બાબતો માટે ના કહી છે કારણ કે હું કહું છું કે જો હું આવું કરું તો શું પંજાબના દર્શકોને તે યોગ્ય લાગશે? કારણ કે આપણી માનસિકતા એવી થઈ ગઈ છે કે પરિવારના સભ્યોને આ યોગ્ય લાગે. પરિવારના સભ્યોએ પણ જોવું જોઈએ. ત્યારથી મને ફિલ્મોમાં કિસિંગ સીન કરતા ડર લાગે છે. કારણ કે હું વિચારતી હતી કે લોકો તેના પર કેવી પ્રતિક્રિયા આપશે. તેથી ત્યારથી હું ફિલ્મોમાં કિસિંગ સીન કરતા ડર લાગે છે. કારણ કે મને લાગે છે કે લોકો કેવી પ્રતિક્રિયા આપશે. તેણે મને બનાવ્યો અને તેના કારણે આજે હું જે છું તે છું. તો શું હું આવું કંઈક કરું તો શું તેઓ તેની સાથે જોડી શકશે? શું તે સમજશે કે આ સ્ક્રિપ્ટની માંગ હતી? શું મારો પરિવાર સમજી શકશે કે તે ફિલ્મ માટે હતો?

સોનમ બાજવાએ 2014માં ફરાહ ખાનની મૂવી હેપ્પી ન્યૂ યરમાં મોહિનીના રોલ માટે ઓડિશન આપ્યું હતું. જે બાદમાં દીપિકા પાદુકોણની કોર્ટમાં ગઈ હતી. આ સિવાય તે 2019માં રિલીઝ થયેલી આયુષ્માન ખુરાનાની ફિલ્મ ‘બાલા’ અને 2020માં રિલીઝ થયેલી ‘સ્ટ્રીટ ડાન્સર 3D’માં જોવા મળી હતી.



# ઇશા જેવી આઇફાના ગ્રીન કાર્પેટ પર પહોંચી, સૌકોઇની નજર તેના પર અટકી



ઇશા ગુપ્તાનો નવો લુક ઈન્ટરનેટનો પારો હાઈ કરી રહ્યો છે. આઈફાના ગ્રીન કાર્પેટ પર એક્ટ્રેસ એટલા હોટ લુકમાં પહોંચી હતી કે સૌકોઈની નજર તેના પર અટકી ગઇ હતી. કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ 2023માં પોતાની અદાઓનો જાદુ આખી દુનિયા પર ચલાવ્યા બાદ હવે ઈશા ગુપ્તા આઈફા અવોર્ડ્સ (IIFA 2023)માં તહેલકો મચાવી રહી છે.

તાજેતરમાં જ દુબઈમાં આયોજિત આ અવોર્ડ શોમાંથી હવે ઈશાએ પોતાનો સિઝલિંગ લુક પણ શેર કર્યો છે. આ દરમિયાન એક્ટ્રેસ ડાર્ક ગ્રે કલરનું સીક્વન્સ વાળુ સ્લીવલેસ ગાઉન પહેરીને પહોંચી હતી. આ લુકમાં ઈશા ખૂબ જ હોટ લાગી રહી છે. ઈશાએ પોતાના આ લુકને ન્યૂડ શાઈની મેકઅપથી કંપ્લીટ કર્યો હતો. એક્ટ્રેસે આ દરમિયાન ન્યૂડ લિપ્સ અને સ્મોકી આઈ લુક કેરી કર્યો હતો.

આ સાથે જ તેણે અડધા વાળનો બન બનાવીને હેર સ્ટાઈલ કરી હતી. એક્ટ્રેસે એક્સેસરીઝ તરીકે કાનમાં ડાયમંડ ઈયરિંગ્સ કેરી કરી હતી. આ લુકમાં ઈશા સ્ટનિંગ લાગી રહી હતી. ઈશા જેવી આઈફાના ગ્રીન કાર્પેટ પર પહોંચી, સૌકોઈની નજર તેના પર અટકી ગઇ હતી. હવે એક્ટ્રેસનો આ ગ્લેમરસ સિઝલિંગ સ્ટાઈલિશ લુક સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે. બીજી બાજુ ઈશાની અપકમિંગ ફિલ્મોની વાત કરીએ તો હાલ તેને સતત મોટા પ્રોજેક્ટ્સ માટે સાઈન કરવામાં આવી રહી છે.

# 33 વર્ષ બાદ નાના પડદા પર જોવા મળશે ‘રામાયણ’ની સીતા



લોકપ્રિય સીરિયલ ‘રામાયણમાં સીતાની ભૂમિકા ભજવીને ઘર-ઘરમાં જાણીતી બનેલી અભિનેત્રી દીપિકા ચીખલિયા 33 વર્ષ બાદ નાના પડદા પર વાપસી કરવા જઈ રહી છે. દીપિકા ચીખલિયા છેલ્લે 1990માં સંજય ખાનની સિરિયલ ‘ધ સ્વોર્ડ ઑફ ટીપુ સુલતાન’માં નાના પડદા પર જોવા મળી હતી. દીપિકાએ મંગળવારથી તેની નવી સિરિયલનું શૂટિંગ શરૂ કરી દીધું છે. આ સિરિયલથી તે નિર્માતા પણ બની છે. મંગળવારથી મુંબઈમાં સીરિયલ ‘ધરતીપુત્ર નંદિની’નું શૂટિંગ શરૂ થઈ ગયું છે. દીપિકા ચીખલિયા આ સિરિયલમાં માત્ર અભિનય જ નથી કરી રહી, પરંતુ આ સિરિયલને તે પોતે પ્રોડ્યુસ પણ કરી રહી છે. દીપિકા ચિખલિયા કહે છે, ‘હું નિર્માતા બનવા પાછળ ઘણાં કારણો હતાં. એક અભિનેત્રી તરીકે કોઈ જ મજા નહોતી આવતી, હું જે પ્રકારના રોલ કરવા માંગતી હતી તે પ્રકારનો નહોતો મળતો. એટલા માટે મેં મારું પોતાનું પ્રોડક્શન શરૂ કરવાનું વિચાર્યું જેથી હું કોઈ સારું કામ કરી શકું. જ્યારે પૂછવામાં આવ્યું કે પ્રોડક્શનનું સંચાલન કરવું એ પોતે જ એક મોટી જવાબદારી છે, તો તમે તેને અભિનય સાથે કેવી રીતે નિભાવો છો? દીપિકા ચીખલિયા કહે છે, ‘મને લાગતું હતું કે હું પ્રોડક્શનની જવાબદારી સાથે અભિનય કરી શકીશ નહીં, પરંતુ ફરીથી સંકળાયેલા સર્જનાત્મક લોકો સાથે લાંબી ચર્ચા થઈ. અભિનય અને નિર્માણ બંને મોટી જવાબદારી છે. અમારી ટીમ એટલી સારી બની ગઈ છે કે હવે બંને બાબતો સરળ લાગે છે.

સીરિયલ ‘ધરતીપુત્ર નંદિની’ પહેલા દીપિકા ચીખલિયાએ કેટલીક ફિલ્મો પણ કરી છે. તે કહે છે, ‘પહેલાં મેં ‘ગાલિબ’, ‘બાલા’ અને ‘હિંદુત્વ’ જેવી ફિલ્મો કરી હતી પરંતુ એક એક્ટર તરીકે કામ કરવાથી સંતોષ ન હતી. હું કંઈક અલગ અને સારું કરવા માંગતી હતી, તેથી મને કેટલીક મોટા બેનરની ફિલ્મોની ઓફર મળી હતી, પરંતુ તે ભૂમિકાઓ અજીબોગરીબ હતી તેથી મેં તે ન કરી.

### કંપનીએ પ્લાન્ટ માટે સરકાર સમક્ષ 1 હજાર કરોડ ડોલરના મૂડીરોકાણની માંગણી કરતા વિવાદ

# ગુજરાતમાં દેશનો પહેલો સેમીકન્ડક્ટર ચીપ બનાવવાનો પ્રોજેક્ટ મુશ્કેલીમાં

**■ વેદાંતા અને ફોક્સકોન બંનેમાંથી કોઈ એકની પણ પાસે સેમીકન્ડક્ટર કે ચીપ અંગેની નિપુણતા નથી....**

ગુજરાત | વંદન

### કંપની કહે છે એક હજાર કરોડ ડોલર, સરકાર કહે છે 500 કરોડ ડોલર...







થોડાક સમય પહેલા ગુજરાતમાં સેમીકન્ડક્ટર ચીપ બનાવવાનું પ્રોજેક્ટ સ્થાપવાની જાહેરાત થઈ હતી. મહારાષ્ટ્રમાંથી આ પ્રોજેક્ટ ગુજરાતમાં ખેંચી લાવવા બદલ રાજ્ય સરકારને અભિનંદન મળ્યા હતા. પરંતુ હવે આ સમગ્ર પ્રોજેક્ટ ઘોંચમાં પડે તેમ જણાય છે. વેદાંતા રિસોર્સેઝ કંપનીએ પ્રોજેક્ટ માટે નાણાંકીય સહાય પેટે અંદાજે એક હજાર કરોડ ડોલર (82 હજાર કરોડ રૂપિયા)ની માંગણી કરી છે. જે મામલે ખેંચતાણ સર્જાતા પ્રોજેક્ટ આકાર લેશે કે કેમ તે અંગે કોઈ કાંઈ ખાતરી પૂર્વક હાલમાં કહી શકે તેમ નથી.

ગુજરાતમાં ભારતનો પહેલો સેમીકન્ડક્ટર ચીપ પ્લાન્ટ સ્થાપવાની વેદાંતા રિસોર્સેઝ કંપનીની યોજના પર અનિશ્ચિતતાના વાદળો ઘેરાયા છે. ગુજરાતમાં આ ચીપ પ્લાન્ટની સ્થાપના માટે ભારતીય ઉદ્યોગપતિ અનિલ અગ્રવાલની વેદાતા કંપનીએ તાઈવાનની Hon Hai precision industry એટલે કે ફોક્સકોન સાથે ભાગીદાર કરાર કર્યા હતા. જો કે અમુક કારણોસર આ પ્લાન્ટની સ્થાપવા મામલે હાલ કોઈ નોંધપાત્ર પ્રગતિ થઈ શકી નથી.

વેદાંત લિમિટેડ વિદેશની ફોક્સકોન કંપનીની સાથે મળીને ગુજરાતમાં સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ પ્રોજેક્ટ સ્થાપવા કરાર કર્યા છે, જે ભારતનો પ્રથમ સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચર્સ પ્લાન્ટ છે. આ ચીપ પ્લાન્ટની સ્થાપના માટે લગભગ 1.54 લાખ કરોડનું મૂડીરોકાણ થવાનું છે.

લગભગ 1.54 લાખ કરોડનો ચીપ પ્લાન્ટ સ્થાપવા આડે એક ટેક્નોલોજી પાર્ટનરની શોધ અને સરકાર પાસેથી નાણાંકીય સહાયતા હાંસલ કરવામાં પડકારોના લીધે સંકટ ઉભું થયું છે. અલબત્ત અત્યાર સુધી કોઈ ફેબ્રિકેશન યુનિટ ઓપરેટર કે લાઈસન્સ મેન્યુફેક્ચરિંગ ગ્રેડ ટેક્નોલોજીનીસાથે વાતચીત સફળ થઈ નથી. સરકાર પાસેથી નાણાંકીય સહાયતા મેળવવા માટે તેમાંથી કોઈ એકની જરૂર પડે છે.

ભારતમાં પહેલો ચીપ પ્લાન્ટ સ્થાપવામાં સૌથી મોટી મુશ્કેલી નાણાંકીય ભંડોળની ઉપલબ્ધતા છે. કંપનીએ આ પ્લાન્ટ માટે સરકારની પાસે 1 હજાર કરોડ ડોલરના મૂડીરોકાણનો પ્રસ્તાવ રજૂ કર્યો છે. જો કે સરકારનું માનવું છે કે કંપનીએ વધારી-ચઢાવીને પ્રસ્તાવ રજૂ કર્યો છે અને તેમનો અનુમાન છે કે આ પ્રોજેક્ટમાં 1 હજાર કરોડ ડોલર નહીં હકીકતમાં 500 કરોડ ડોલરનો ખર્ચ થશે. જો તમામ આવશ્યકતાઓ પૂર્ણ થશે તો સરકાર પ્રોજેક્ટના કુલ ખર્ચની અડધી મૂડી આપશે.

નોંધનિય છે કે, વેદાંતા એક મેટલ અને માઈનિંગ કંપની છે જ્યારે ફોક્સકોન આઈફોન એસેમ્બલ કરતી કંપની છે. આમ વેદાંતા અને ફોક્સકોન બંનેમાંથી કોઈ એકની પણ પાસે સેમીકન્ડક્ટર કે ચીપ અંગેની નિપુણતા નથી. ઉપરાંત નાણાંકીય મુશ્કેલીનો સામનો કરી રહેલી વેદાંતા કંપનીને સરકાર તરફથી પણ ફંડિગની આવશ્યકતા છે કારણ

...અનુસંધાન પેજ નં. 6 પર



### લાલ દરવાજાનું નવુ AMTS બસ સ્ટેન્ડ બનીને તૈયાર

# લાલદરવાજા ટર્મિનસના નિર્માણમાં વપરાયા રામમંદિર જેવા ગુલાબી પથ્થર

**■ હેરિટેજ થીમ પર નિર્મિત AMTS બસ ટર્મિનસ 5 જૂને સીએમ ભૂપેન્દ્ર પટેલ લોકાર્પણ કરશે**

ગુજરાત | વંદન



હેરિટેજ શહેરની ઓળખ ધરાવતા અમદાવાદના હાર્દ સમાન લાલ દરવાજાનું નવુ AMTS બસ સ્ટેન્ડ સંપૂર્ણપણે બનીને તૈયાર છે. 5 જૂનના રોજ સીએમ ભૂપેન્દ્ર પટેલ આ બસ સ્ટેન્ડને ખુલ્લું મૂકાશે. 8.88 કરોડના ખર્ચે બનાવ્યું બસ ટર્મિનલ તૈયાર થયુ છે અને તેને હેરિટેજ થીમ પર તૈયાર કરાયુ છે.

જયપુરના ગુલાબી પથ્થરોનો ઉપયોગ કરી બસ સ્ટેન્ડને હેરિટેજ લૂક અપાયો છે. ફાનસ પેટર્નની લાઈટો બસ સ્ટેન્ડના આકર્ષણમાં વધારો કરે છે. લાલ દરવાજા બસ સ્ટેન્ડ પરથી 49 રૂટ પર 118 બસ ઓપરેટ થશે. દૈનિક 2.25 લાખ લોકો લાલ દરવાજા ટર્મિનસથી અવરજવર કરે છે.

બસ સ્ટેન્ડના પ્લેટફોર્મ અને પિલરનું બંસીપુર પહાડના પથ્થરોથી બાંધકામ થયુ છે. જેને પિંક સ્ટોન કહેવાય છે, જેનો ઉપયોગ હાલમાં રામમંદિરના નિર્માણમાં પણ થઈ રહ્યો છે. જે રીતે જૂના જમાનામાં હવેલીઓ કે હોટલ્સમાં પ્રવેશદ્વારને ભવ્ય લુક આપવામાં આવતો હતો એ જ રીતે આગળ બે મોટા કોલમ રાખવામા આવ્યા છે. એને કારણે લોકોને હેરિટેજ બસ સ્ટેશનમાં આવતી હેરિટેજ થીમનો અનુભવ થશે. બેસવાની વ્યવસ્થા માટે પણ રાજસ્થાની પથ્થરોનો ઉપયોગ કરાયો છે. સ્ટેઈનલેસ સ્ટીલની

...અનુસંધાન પેજ નં. 6 પર

# બાલાસોર ટ્રેન દુર્ઘટના: ગુજરાત સરકારે તમામ કાર્યક્રમો રદ્દ કર્યા

**■ ઓડિશા ટ્રેન અકસ્માત પર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દુઃખ વ્યક્ત કર્યું, ટ્વિટ કરીને વ્યક્ત કરી સંવેદના**

ગુજરાત | વંદન



ઓડિશાના બાલાસોર જિલ્લામાં ગઈકાલે સાંજે એક ભયાનક ટ્રેન અકસ્માત થયો હતો. આ અકસ્માત પર રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે ટ્વિટ કરીને સંવેદના વ્યક્ત કરી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે અત્યાર સુધીમાં 237 લોકોના મોત થયા છે અને 900થી વધુ લોકો ઘાયલ થયા છે. આ અકસ્માતના રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દુઃખ વ્યક્ત કર્યું હતું. સીએમ ભૂપેન્દ્ર પટેલે ટ્વિટ કરીને કહ્યું ‘દુઃખની આ ઘડીમાં મારી સંવેદના શોકગ્રસ્ત પરિવારજનોની સાથે છે. ઈજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તેવી ઈશ્વરને પ્રાર્થના. આ દુર્ઘટનાને ધ્યાને રાખી કેન્દ્ર સરકારના 9 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે આજે આયોજિત કાર્યક્રમ સહિત તમામ જાહેર કાર્યક્રમ મોકૂફ રાખવામાં આવ્યા છે. આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા લોકોના પરિવારજનોને પીએમ તરફથી બે લાખ રૂપિયા અને રેલવે મંત્રાલયને 10 લાખ રૂપિયા આપવાની જાહેરાત કરવામાં આવી છે.

બાલાસોર જિલ્લામાં આ ટ્રેનની ઘટનામાં સ્થાનિક લોકો અને બચાવ ટીમ બોગીમાં ફસાયેલા લોકોને બચાવવાનો પ્રયાસ કરી રહી છે. રેલ્વે, ફાયર

...અનુસંધાન પેજ નં. 6 પર

## જય રણછોડ માખણ ચોર... રથયાત્રા આવી પુગી, ચાલો કસરત કરીએ...



એતિહાસિક અમદાવાદ શહેરમાં એતિહાસિક રથયાત્રા ઢુકડી છે... અષાઢી બીજના દિવસે શહેરના પંરપરાગત માર્ગ પર ભગવાન જગન્નાથજી, મોટા ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજી અલગ-અલગ રથોમાં બિરાજમાન થઈને નગરવાસીઓને દર્શન આપવા માટે પોતે નગરચર્યાએ પ્રસ્થાન કરતા હોય છે. આ વખતે ભગવાન માટે ત્રણ નવા રથો વર્ષો બાદ તૈયાર કરવામાં આવ્યા છે. એટલે કે ભગવાન અને મોટાભાઈ-બહેન નવા રથોમાં સવાર થશે. રથયાત્રામાં શહેરના વિવિધ અખાડાઓ દ્વારા અંગ કસરતના દાવપેચ, કલા-કરતબ દર્શાવવામાં આવે છે. શહેરના દરિયાપુર મહાકાળી અખાડાના પહેલવાનો રથયાત્રા માટેની તૈયારીઓ કરી રહ્યાં છે. તસ્વીરમાં દેખાતા યુવાનો રૂષ્ય-પુષ્ટ જણાય છે. એક સમયે યુવાનો વહેલી સવારે અખાડામાં દેખાતા હતા. આજે વહેલી સવારે ઉઠતાની સાથે મોબાઈલ ફોન હાથમાં લઈને લાઈક શેર વગેરેનું હિસાબ-કિતાબ કરવામાં આવે છે. આ પહેલવાનોમાંથી નવી પેઢીએ પ્રેરણા લેવી જોઈએ, શું એમ નથી લાગતું...? (તસ્વીર: મૌર્ય ભાગ્યવાન)

### વિધિમાં ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહેશે

# અમદાવાદમાં આજે ભગવાન જગન્નાથની જળયાત્રા, ષોડશોપચાર સાથે કરાશે પૂજાવિધિ

ગુજરાત | વંદન



અમદાવાદમાં આજે રવિવારે સવારે આઠ વાગ્યે ભગવાનની જળયાત્રા યોજાશે. સાબરમતી નદીના ભૂદરના આરે ગંગાપૂજન થશે. ત્યાર બાદ 108 કળશમાં જળ ભરીને મંદિરે લાવવામાં આવશે અને ષોડશોપચાર પૂજા વિધિ કરવામાં આવશે.

અમદાવાદમાં ભગવાન જગન્નાથની 146મી રથયાત્રાને લઈ પુરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. આવતીકાલે એટલે કે 4 જૂનના રોજ જળયાત્રા યોજાવાની છે. જળયાત્રાને લઈને જગન્નાથ મંદિર અને સરસપુર મંદિરમાં તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. આવતીકાલે સવારે 8થી 10 વાગ્યા સુધી સાબરમતી નદીના કિનારે પૂજા કરવામાં આવશે.

108 કળશમાં જળ ભરીને લાવવામાં આવશે. જેનાથી ભગવાનનો જળાભિષેક કરવામાં આવશે અને ષોડશોપચાર પૂજા વિધી કરવામાં આવશે. આરતી બાદ ભગવાન જગન્નાથને મોસાળ મોકલવામાં આવ્યા હતા. જળયાત્રામાં રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી, શિવાનંદ આશ્રમના સ્વામી પરમાત્માનંદ સરસ્વતી મહારાજ, અમદાવાદના મેયર કિરીટ પરમાર, સહિત શહેરના ધારાસભ્યો, કોર્પોરેટર અને ભાજપ સંગઠનના નેતાઓ હાજર રહેશે. રથયાત્રાને લઈને મોસાળવાસીઓ પણ હવે ભાવવિભોર બનીને ભગવાનના મોસાળ પધારવાની રાહ જોઈ રહ્યા છે.

આ વર્ષે 146મી રથયાત્રાના યજમાન ઘનશ્યામ પટેલ બન્યા છે. છેલ્લાં 10 વર્ષથી તેઓ યજમાન બનવાની રાહ જોતા હતા. આ વર્ષે શાયોના ગ્રુપના ઘનશ્યામ પટેલનું ડ્રોમાં નામ ખૂલતાં પરિવારમાં આનંદનો માહોલ છે.

# પીએમ મોદીના હસ્તે સિગ્નેચર બ્રિજના લોકાર્પણની શક્યતા



**■ ઓખા અને બેટ દ્વારકા વચ્ચે બની રહેલ સિગ્નેચર બ્રિજ ટુંક સમયમાં ધમધમતો થશે**

ગુજરાત | વંદન

આ વર્ષે ઓખા અને બેટ દ્વારકા વચ્ચે બનતો દરિયાઈ પુલ દિવાળી સુધી ખુલ્લો મુકાય તેવી સંભાવના છે. ગુજરાતના ઓખા અને બેટ દ્વારકા વચ્ચે બનનારો સિગ્નેચર બ્રિજ છે. ભારતનો સૌથી મોટો બ્રિજ છે. આ બ્રિજ કચ્છના અખાત અને ઓખા બેટ દ્વારકા ટાપુને જોડતો પુલ છે. 2016માં કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરી દ્વારા સિગ્નેચર બ્રિજ નિર્માણ માટે મંજૂરી આપવામાં આવી હતી. જેનો શિલાન્યાસ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા 7 ઓક્ટોબર 2017ના રોજના કરવામાં આવ્યુ હતુ. આ પુલની કુલ લંબાઈ 2320 મીટર છે. જેમાં કેબલ બ્રિજ 900 મીટર લાંબો છે. આ બ્રિજમાં બંને બાજુ 13 સ્પાનની લંબાઈ 50 મીટર છે.

ઓખા અને બેટ દ્વારકા બાજુના અભિગમોની લંબાઈ અનુક્રમે 209 મીટર અને 1101 મીટર છે. પુલને ટેકો આપતા બે A-આકારના સંયુક્ત તોરણો 129.985 મીટર ઊંચા છે આ પુલની કુલ પહોળાઈ 27.2 મીટર (89 ફૂટ) છે, જેમાં દરેક દિશામાં બે લેન છે અને દરેક બાજુએ 2.5 મીટર (8 ફૂટ) પહોળી ફૂટપાથ છે. ફૂટપાથ શેડની ઉપરની સોલાર પેનલ 1 મેગાવોટની ક્ષમતા ધરાવે છે .

### બેફામ વ્હીકલ પાર્ક કરનારા સાવધાન: AMC એક્શનમાં

# રિવરફ્રન્ટ રોડ પર એક સાથે 24 જેટલી કારને તાળાં, વાહનચાલકો દોડતા થયા

ગુજરાત | વંદન

શહેરમાં દિન-પ્રતિદિન ટ્રાફિક જામની સમસ્યા વકરતી જાય છે. જાહેર રોડ પરનાં દબાણથી તે સાંકડા બનતા હોઈ વાહનો સરળતાથી અવરજવર કરી શકતાં નથી. આમાં કેટલાક બેજવાબદાર નાગરિકો આડેધડ રીતે પોતાનાં વાહન પાર્ક કરીને ટ્રાફિકને બાધારૂપ બને છે, જોકે મ્યુનિ. સત્તાવાળાઓએ આડેધડ વાહન પાર્ક કરતા ચાલકો સામે લાલ આંખ કરી છે, જેના કારણે આવા લોકોએ સાવધાન થઈ જવાની જરૂર છે. ગઈ કાલે ઈન્કમટેક્સબ્રિજથી રિવરફ્રન્ટ એપ્રોચવાળા રોડ પર તંત્રએ ડ્રાઈવ યોજી આ પ્રકારે પાર્ક થયેલાં ૨૪ ફોર વ્હીલરને તાળાં મારી દેતાં તેના ચાલકો દોડતા થઈ ગયા હતા.


અમદાવાદમાં મ્યુનિ. કોર્પોરેશનના સત્તાવાળાઓ ટ્રાફિકની સમસ્યાના નિરાકરણ માટે છેલ્લા કેટલાક સમયથી રોડ પર બેફામ રીતે પાર્ક કરતાં વાહનો સામે કડક પગલાં લઈ રહ્યાં છે. ઘણા વાહનચાલકો રોડ પરની અવરજવરને ધ્યાનમાં રાખ્યા વગર પોતાનાં વાહન પાર્ક કરીને જતા રહે છે. રોડને રોકી નાખે તે રીતે પાર્ક કરવાની સમસ્યા હવે ગંભીર બનતી જાય છે. આવા બેજવાબદાર વાહનચાલકોથી અન્ય સેંકડો લોકો પરેશાનીમાં મુકાઈ જાય છે. ખાસ કરીને પશ્ચિમ ઝોનમાં આડેધડ પાર્ક કરાતાં વાહનો અને

...અનુસંધાન પેજ નં. 6 પર

# ગુજરાતમાં એક સાથે 2 વાવાઝોડાની આગાહી, તંત્ર એલર્ટ

**■ 6 થી 9 અને 7થી 12 જૂન સુધી ત્રાટકી શકે છે ચક્રવાત વાવાઝોડું**

ગુજરાત | વંદન



ગુજરાતમાં ચોમાસા પહેલાં જ ચોમાસા જેવો માહોલ છે. આ વર્ષે ઉનાળાને બદલે ચોમાસુ હોય તેવો માહોલ છે. વારેઘડીએ સતત વરસાદ માવઠા સ્વરૂપે વરસી રહ્યો છે . ભાવનગરમાં જેઠમાં અષાઢી માહોલ સર્જાયો હોય તેમ વીજળીના કડાકા-ભડાકા અને તોફાની પવન સાથે બે કલાકની અંદર અઢી ઈંચ ધોધમાર વરસાદ વરસી જતાં ઠેકઠેકાણે પાણી ભરાયા હતા. અરબી સમુદ્રમાં 2 વાવાઝોડા સક્રિય થયું છે. 6 થી 9 જુનમાં ચક્રવાત ત્રાટકવાની સંભાવના છે. જ્યારે બીજુ ચક્રવાત 7થી 12 જૂન સુધી ત્રાટકી શકે છે. વાવાઝોડાને લઈને સરકારે પ્રશાસનને અલર્ટ કરી દીધા છે. સંવેદનશીલ અને પ્રભાવિત ક્ષેત્રોમા વધારે સાવધાની બરતવામાં આવી રહી છે. ગુજરતભરમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. 3 દિવસ 50 કિમીની ગતિએ પવન ફૂંકાઈ શકે છે. ગુજરાતમાં વાવાઝોડાની અસર પહેલા જ વરસાદ જોવા મળ્યો છે.ભાવનગરમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે. નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાતાં સ્થાનિકો પરેશાન થયા છે.

અમદાવાદ હવામાન કેન્દ્રના ડિરેક્ટર ડો. મનોરમા મોહંતીએ પત્રકારોને જણાવ્યું હતું કે, હાલ પશ્ચિમી પવનો છે. જેના કારણે હવામાં ભેજનું પ્રમાણ વધારે છે. લોક્લ વેક્ટિવિટી એક્ટિવિટીના કારણે વરસાદ થઈ શકે છે. રાજ્યમાં ભારે પવન ફૂંકાવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. રાજ્યની ઉત્તર દરિયાઈ પટ્ટી માટે માછીમારોને ચેતવણી આપવામાં આવી છે. વાવાઝોડું ક્યારે આવશે તે વિશે તેમણે કહ્યું કે, અરબી સમુદ્રમાં સર્કયુલેશન બનવાનું છે. દક્ષિણ પૂર્વ અરબી સમુદ્રના 5 તારીખે સાયક્લોનિક સરક્યુલેશન બનશે. 7 જૂન આસપાસ સાયક્લોનિક સરક્યુલેસન લો પ્રેશર બની શકે છે.

આ કારણે દક્ષિણ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં ભારે વરસાદ આવશે. જૂન મહિનાની 7 થી 11 વચ્ચે ભારે વરસાદની સંભાવના છે. વાવાઝોડાની અસરને પગલે ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાતમાં વરસાદની વકી છે. અમદાવાદમાં ગરમીનો પારો 43 ડિગ્રી સુધી જઈ શકે છે.

# અશાંતિ ફેલાવવાના કાવતરાનો પર્દાફાશ, બે શખ્સોની ધરપકડ

ગુજરાત | વંદન



અમદાવાદમાં ગત માર્ચ માસમાં યોજાયેલી ભારત અને ઓસ્ટ્રેલિયાની મેચમાં અશાંતિ ફેલાવવાના કાવતરાના મામલામાં વધુ બે આરોપીઓની ધરપકડ અમદાવાદ સાયબર ક્રાઈમએ કરી છે. મેચ પહેલા શાંતિનું વાતાવરણ ડહોળાય તેવા પ્રિ-રેકોર્ડેડ મેસેજ કરવાના મામલે સાયબર સેલની ટીમે બે શખ્સો ઉપરાંત ચાર સીમબોક્સ, ત્રણ રાઉટર અને 605 સીમકાર્ડ ઝડપી લઈ વધુ તપાસ શરુ કરી છે.

અમદાવાદના મોટેરામાં આવેલા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગત માર્ચ માસમાં ભારત ઓસ્ટ્રેલિયા વચ્ચે મેચ રમાઈ હતી. જેમાં દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી આવવાના હતા. તે મેચ યોજાય તે પહેલા ભારત અને ગુજરાતના કેટલાક પ્રતિષ્ઠિત લોકોને એક પ્રિ-રેકોર્ડેડ મેસેજ મોકલવામાં આવ્યો હતો. ...અનુસંધાન પેજ નં. 6 પર